


દર્પણમાં મુગ્ધદર્શન : ભુવનેશ્વરનું ૧૧મી સદીનું શિલ્પ • જુઓ આ અંકમાંનો લેખ : 'કલિંગનો ભવ્ય કલા-વારસો'

વર્ષ ૨૬ અંક ૩ • માર્ચ '૪૯ ૩૦૩ મો અંક • તંત્રી : બચુભાઈ રાવત

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ



'હર કી પેઢી'-હરદ્વાર

ચિત્રકાર: મગનલાલ ત્રિવેદી (જેમનો તુલસીશ્યામ ઉપરનો લેખ તથા આલેખનો પણ આ જ અંકમાં છે)

કુમાર
માર્ચ ૧૯૪૯
અંક ૩૦૩

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

ગ્રાહકોને


કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.
જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.



સ્વતંત્ર હિંદની નવી ને સુંદર ટપાલ-ટિકિટો

આઝાદી પછી આપણાં રાજચિહ્ન, ધ્વજ, સિક્કા, ટપાલની ટિકિટો વગેરેમાંથી અંગ્રેજી છાપ હવે દૂર થતી જાય છે. ધ્વજ અને રાજચિહ્ન બદલાયા પછી ટપાલની ટિકિટોમાં ભારતીય સંસ્કૃતિનાં પ્રતીકરૂપ આપણા ભવ્ય કલા-વારસાને સ્થાન અપાયું છે અને આવતી ૧લી એપ્રિલથી ઉપર દર્શાવ્યા પૈકીની કેટલીક ટિકિટો વેચાવી શરુ થશે. ચિત્રો સ્પષ્ટ સમજાય તે માટે આ ચિત્રો મૂળ કરતાં લગભગ દોઢા કદનાં કરેલાં છે. ઉપરથી ડાબી-બાજુથી: ૩ પૈસા વાળી: પદ્મિનીમાં વિહાર કરતા હાથીનું અજન્તા-કલાનું ચિત્ર; ૧ આનાવાળી: બોધિસત્ત્વ: લખનૌ મ્યૂઝિયમમાંનું સિંહનાદ લોકેશ્વરનું મધ્યકાલિન શિલ્પ; ૮ આના: બુંદેલખંડમાં ખજુરાહોનું કંદર્ય મહાદેવનું અદ્‌ભુત સ્થાપત્યવંતું મંદિર; ૧૨ આના: અમૃતસરનું સુવર્ણમંદિર; ૧ રૂપિયો: બારીક ને સમૃદ્ધ શિલ્પથી ભરેલો ચિતોડનો જયસ્તંભ; ૨ રૂપિયા: દિલ્હીનો લાલ કિલ્લો; ૩ પૈસા: મુંબાઇ પાસે એલીફન્ટા ગુફામાંની ત્રિમૂર્તિની વિરાટ આકૃતિ; ૨ આના: નટરાજની કાંસ્યમૂર્તિ; ૨॥ આના: સાંચી સ્તૂપનું પૂર્વદ્વાર; ૩॥ આના: બિહારમાંનું બુદ્ધગયાનું મંદિર; ૪ આના: ઓરિસ્સાનું ભુવનેશ્વરનું મંદિર; ૫ રૂપિયા: આગ્રાનો તાજમહાલ; ૬ આના: બીજાપુરનો ગોળગુંબજ—દુનિયાભરમાં એટલી વિશાળ પહોળાઇનો ગોળ ઘુમટ બીજે ક્યાંય નથી. ૧૦ રૂપિયા: દિલ્હીનો ભવ્ય કુતુબમિનાર: ઊંચામાં ઊંચો મિનારો; ૬ પૈસા: આજથી પાંચ-છ હજાર વર્ષ ઉપર સિંધમાં થઇ ગએલી હિંદની પ્રાચીનતમ સંસ્કૃતિના અવશેષ રૂપ મોહેં-જો-દડોમાંથી મળેલા સિક્કાએ ઉપર અંકિત સામર્થ્યયુક્ત વૃષભ-બળદ; ૧॥ આનો: ઓરિસ્સાના વિખ્યાત કોણારકના સૂર્યમંદિરમાંનું અશ્વનું બળવાન શિલ્પ.



ગીઝાના પિરામિડો

લેખક · ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી

પૃથ્વી તણી પત્થર-કાય તોડી,
મહાનદો સ્નિગ્ધ કરે વસુંધરા;
રૂધિરના રાગ-વિષાદ છોડી,
બની રહે પ્રાણુ તણી પયોધરા.

તીરે તીરે આથડતા પ્રવાસી
આવી, વસી, હામ કરી ઠરંતા,
શરીરની ભૂખ જતાં વિકાસી,
ઊંડું ઉંડાં અંતરમાં તરંતા.

અને અહીં સંભવ સંસ્કૃતિના,
વિકાસ તો માનસ-વ્યાપૃતિના;
વિરાટ કો આરસની કૃતિના,
પ્રકંપ ત્યાં થાય શ્રુતિ-સ્મૃતિના!

પૃથ્વી તણા તપ્ત પ્રચંડ અંગે,
મહાનદો તો લચતા પયોધરો;
ધાવી લઇ સંસ્કૃતિ-બાળ રંગે,
વિકાસતું સર્જનનાં પડો-થરો!

ફર્યો હતો સિન્ધુતણા કિનારે;
પુરાણુથી એ ય પુરાણુ સંસ્કૃતિ
દ્રવીડીની, સર્જનની સવારે
ખીલી હતી;—તેની સ્મરંત વિસ્મૃતિ!

આર્યો તણી સંસ્કૃતિ-માત ભવ્ય,
કાલિંદી ને ગંગની છાતીઓ પે
ચડ્યો હતો બાલક હું, સ્મર્તવ્ય
સ્મરી, ભરી અંતરચક્ષુઓ એ!

જીવિતનો ધન્ય ઉગ્યો સવિતા!
ત્રીજી મહા સંસ્કૃતિ-માત દર્શી!
ઇજિપ્તની ઊછળતી શી ગીતા
સમી દીઠી નાઇલ: કાન્તદર્શી

નથી; છતાં ભૂત ભવિષ્યના સહુ
ભેદી પડો દર્શન અંતરે લહું!

કાંઠે જમા દંગલ રેતી કેરાં
પરે વળી પત્થર દંગલો ભરી,
આકાશનો ઘુમ્મટ ઘેરવા કરી,
કર્યા ઉભા ભવ્ય, મહા, વડેરા
ગીઝા તણા ચાર પિરામીડો!-તૂટ્યા!
આશ્ચર્ય તો પૃથ્વિ તણાં ન ફૂટ્યાં!

અને નીચે શાશ્વત સોણુલાંમાં
સરી જવા માનવ કોઇ સૂતાં;
મૃત્યુ તણી જીવતી કો કલામાં
ભળી જવા, જીવન છોડી જૂઠાં!

જાગી જશે! અંદર સોણુલે પડ્યું
બહીને!—કર્યો મંદ ત્વરિત ઊંટિયો.
ને આંખથી અશ્રુ ઉનું નીચે પડ્યું,
પ્રતપ્ત રેતી મહીં એ ગયું ગળી.

આ સૂર્યનો ઘોમ પ્રચંડ તાપ
ભેદી શકે પત્થર-દંગ કેમ?
મસ્તીભરી નાઇલના પ્રલાપ
પૂછી શકે અંદરના ન ક્ષેમ?

ત્યજી દઈ જીવન જૂઠડાં આ,
મૃત્યુ તણું જીવન જીવવાને
સૂતેલ જે અંદર, તે મડાં ના;
—જીવી રહ્યાં જીવતદાન દાને!

સોનારૂપા—ઓપા સહસ્રભારે
રચી હતી ભવ્ય વિરાટ શય્યા!
સમૃદ્ધિ રાખી સઘળા પ્રકારે,
ત્યજ્યા હતા પ્રાણુ તણા બપૈયા!

સુવાસને સંઘરવા સજાનો,
પ્રદીપવા ખંડ દીવી સુવર્ણની.
અંગાંગને સાજવવા ખજાનો
સામગ્રી ત્યાં સાથ તમામ વર્ણની.
જીવિતનો સાગર પાર પામવા

સાથે લઈ હોડી અને હલેસાં
સૂતેલ, તેને મૃત કેમ માનવા?
હશું નહીં આપણુ સૌ મરેલાં?
—ખરે મને થાય અદમ્ય શંકા!
બાજી રહે છાતી મહીં ય ડંકા!

નહીં! અહીં તો સઘળાં નગારાં
પડ્યાં દિસે ગૌરવગાન પીટવા
મિથ્યાભિમાની નરપુંગવોનાં,
ત્રિકાલના કર્ણ વિદારવા મહા!

'અમાપ છે શક્તિ અમારી!' એવી
ચણી દીધી તો નહિ હોય ઘોષણા?
હસી રહી હોય ન દૈવ દેવી
પછાડીને પત્થર પ્હાણુ તો ઘણા?

મહાન કો . રાજવીનું મહાન
સામ્રાજ્યનું કોઈ વિરાટ સોણુલું
ઠરી ગયું; તે નહિ હોય થાન?
—ભવિષ્યના વારસને મહામૂલું?

મને ય આજે બળતા બપોરે
જાગી રહે ભીષણ એક એષણા:
બનું કદી રાજવી દૈવ-જોરે!
પિરામિડો હું ય ચણાવું સો ગણા!
ઊંચા ઊંચા આથી ય અભ્રભેદી!
અને રચું અંદર એક વેદી!

સ્મશાનથી સૌ પરમાણુ ગોતી,
ભેગું કરું માતનું દેહ-મોતી!
સોના તણી સાત સુવર્ણપેટી
મહીં દઉં એ ફૂલડું લપેટી!
અને પછી હું બનીને પ્રતિમા,
રક્ષી રહું વેદીની સર્વ સીમા!
ધીમે પળું હું નમણી નિશામાં!
જ્યાં ઊંટની દોરવણી!—દિશામાં!

આજથી ચૌદ વર્ષ પર અમેરિકા જતાં માર્ગમાં મિસરના પિરામિડોની મુલાકાત બાદ સ્ટીમરમાં લખાએલું ડૉ. શ્રીધરાણીનું આ કાવ્ય એ એમનાં પરદેશગમન પહેલાંની કાવ્યપ્રવૃત્તિનું છેલ્લું કાવ્ય. એ એમણે જતાંજતાં પારીસમાંથી અમને પોસ્ટ કરેલું. તે આજ સુધી અમે ઇરાદાપૂર્વક અપ્રકટ રાખ્યું હતું. તે પછી ચૌદે વર્ષે હિંદ આવી એમણે લખેલું પહેલું કાવ્ય અમે ૩૦૦મા અંકમાં પ્રકટ કર્યું હતું. ચૌદ વર્ષના કાળખંડના બે છેડા પરની એ બે કૃતિઓની સરખામણી રસમય થઈ પડશે, એ ઐતિહાસિક દૃષ્ટિથી જ અહીં તે પ્રકટ કરીએ છીએ.

શુકન સારાં નહોતાં. હાથમાં બંદૂક લેતાં જ નાકમાં સળવળાટ થયો. માથું જરા ઊંચુંનીચું કર્યું ને 'હાક્ છિં, હાક્-છિં!' હિંમત હારી ગયો. વિચાર થયો: જાઉં કે ન જાઉં? આ અપશુકનને લીધે મનમાં તર્કોનો પ્રવાહ ઊઠ્યો. શિકાર એ જાન લેવાદેવાનો મામલો છે. અને બંદૂક લેતાં જ છીંક! ક્યાંક ગોળી ચૂક્યો ને વાઘે ઝડપી લીધો તો? મનની મનમાં જ રહી જાય ને! જીવતો નર ભદ્રા પામે. છીંક કંઈ આંખની પાંપણ નથી કે દરેક પળે પટપટ્યા કરે. એ તો અમુક વખતે જ આવે છે અને શુકન-અપશુકનની સૂચના આપી જાય છે. બધી તૈયારી થઇ ગઈ છે એથી શું થયું? આજે શિકાર ન ખેલ્યા. વળી ક્યારેક વાત! જંગલ છે, વાઘ છે, બંદૂક છે, દિલ છે, તો પછી અવસર ક્યાં થોડા છે? આજ નહિ તો કાલ. તો ન જાઉં ને?

પછી તરત જ વિરોધી વિચાર-ધારાએ મગજનો કબજો લીધો. જરાક છીંક અને શિકારીનું પ્રયાણ બંધ? જરા જમણું-ડાબું શિયાળ નીકળ્યું અને શિકાર બંધ? એવા વહેમી લોકો માટે જંગલનો શિકાર નથી. એમને માટે તો છે પલંગની પથારી. શું અંગ્રેજો મુહૂર્ત જોવડાવીને ભારતમાં આવ્યા હતા? બીમાર માણસને તો છીંક બહુ આવે છે. જો તમે કાયર, કમજોર કે આળસુ હો તો બહાનાં કાઢો. બાકી બીચારી છીંકનો એમાં શો વાંક?

'હજૂર, હાથીને બેસાડ્યા ઝાઝી વાર થઇ છે.'—મહાવતે યાદ આપ્યું. તલ્લીનતા ભંગ થઇ ગઇ. ધીરેથી માથું ખંજવાળ્યું. ચુપચુપ બંદૂક ઉઠાવી અને કૂદીને હાથીપર બેસી ગયો.

મહાવતે પૂછ્યું: 'કઈ બાજુ? રખિયા?'

'ના, પખનહવા.' પાનનું બીડું મોંમાં મૂકતાં મેં કહ્યું.

'આજે કોઇને આપે સાથે ન લીધા?'

'ઈચ્છા ન થઇ.'

'કોઇકને સાથે લીધા હોત તો ઠીક હતું.'

'કેમ?' મેં નવાઈ પામી પૂછ્યું.

'પખનહવામાં એક વાઘણ માણસ-માર થઇ ગઇ છે.'

'તને ક્યાંથી ખબર?'

'ગયે વખતે જ્યારે મોટા માલિક જોડે પખનહવા ગયો હતો ત્યારે ત્યાં એવી વાત થતી હતી.'

'કંઈ વાધો નહિ.' કહીને મેં બંદૂકની બન્ને નાળમાં લીથલ ગોળીના બે કારતૂસ નાખ્યા.

જંગલના શિકાર વખતે હું મોટે ભાગે બેનાળી બંદૂકની જમણી નાળમાં કારતૂસ અને ડાબી નાળમાં છરા ભરું છું, એથી વખત આવ્યે સગવડ થઈ જાય છે. ગોળીનો શિકાર મળે તો જમણી નાળ છોડવાની; છરાનો શિકાર મળે તો ડાબી. આમ કરવાથી દરેક જાતના શિકાર વખતે નાળ ખોલવાની અને કારતૂસ ભરવાની કડાકૂટ મટી જાય છે. પળમાં નિશાન તાક્યું ને પળમાં શિકાર યમલોકના રસ્તે.

જંગલમાં પેસતાં જ સસલાએ છલાંગ મારી. પહેલી છલાંગે તે દેખાઈ ગયું. બીજી છલાંગે બંદૂક તાકી અને ત્રીજી છલાંગે તો ડાબી નાળ છોડી દીધી. 'ધાંય'ના અવાજે આખું જંગલ ગુંજી ઊઠ્યું. સસલાના પેટને આડતીક ને ગોળી સરર કરતી નીકળી ગઇ. સસલું જંગલમાં ઘુસીને અદૃશ્ય થઇ ગયું. ઊડવાની ઝડપે દોડતા સસલાને ગોળીથી આંટી દેવું એ કાંઇ સહેલું કામ નથી. પરંતુ ગોળી જોતાં જ મારા હોશ ઊડી ગયા. ડાબી નાળમાંથી ગોળી કેમ નીકળી? પછી યાદ આવ્યું કે વાઘણના જોશમાં મેં બન્ને નાળમાં ગોળી ભરી દીધી હતી. નિશાન ચૂક્યાની શરમ, બન્ને નાળમાં ગોળી નાખવાની બેવકૂફી અને પહેલો જ ફાયર ખાલી જવાના અપશુકનથી હું હાથી પર ચોંટી જ ગયો.

મનમાં ધિક્કારનું મોજું ફરી વળ્યું. સસલા પર ગોળી છોડવાની શી જરૂર હતી? કોઈ સારા શિકારની શોધમાં નીકળ્યા છો આપ, કે સસલાં-હોલાંના શિકાર અર્થે? બંદૂકના અવાજે શું સારાં જાનવર હવે ચેતી ગયાં નહિ હોય? સસલું તો ગુમાવ્યું, અને માથા પર આ શરમનો પહાડ તૂટી પડ્યો એ વધારામાં. નાળમાં ગોળીના કારતૂસ છે કે છરાના, એટલી પણ ખબર રખાતી નથી તો શિકાર ખેલવા શું જોઇને નીકળ્યા છો?

મહાવતે પડી ગએલા ચહેરે કહ્યું, 'આજે તો અપશુકન થઈ ગયા, હજૂર! શિકારની શરૂઆતમાં સસલું મળે એ સારું નહિ.'

મેં લજ્જા તોડવા કહ્યું, 'એ તો બધા વહેમ છે, અલીજાન! શુકન શું અને અપશુકન શું! મને તો યાદ જ નહિ કે ડાબી નાળમાં પણ ગોળી છે. છરા-કારતૂસ હોત તો ધૂળ ચાટતું થઈ ગયું હોત.'

'હું નિશાનની વાત નથી કરતો, હજૂર. સસલું મળે એ જ અપશુકન છે. વિન્ટર્ટન સાહેબ ....'

સામે જ ચીતળ હરણનું ટોળું જોઇને મેં મહાવતને રોક્યો. કુલ આઠ હતાં: ત્રણ નર અને પાંચ માદા. બે નરની પાછળ લપાઇને ઊભેલી, સંકોચાતી હરણીઓ ચકિત નેત્રો વડે હાથી તરફ જોઇ રહી હતી. એક નર તો વિશાળ-કાય હતો. સ્તૂપ જેવાં શીંગડાંવાળો એ, અમારી અતિ-વિધિ જાણવા માગતો હોય એવી મુદ્રામાં, બધાંની આગળ ઊભો રહીને અમારા તરફ જોઇ રહ્યો હતો. મેં એક પળની યે વાર ન લગાડી. ચેતીને નાસી જાય એવો ભય હતો. બંદૂક ઉઠાવી અને ઘોડો દાબી દીધો!

પરંતુ નિશાન ચૂકી ગયો,—બહુ ખરાબ રીતે ચૂકી ગયો! ઘોડો દાબું દાબું ત્યાં તો હાથીએ પોતાનું આસન બદલી નાખ્યું હતું. જે પગ પર તે બળ દઇને ઊભો હતો તે બદલી બીજા પગ પર જોર દઇને એ ઊભો. એથી બરાબર વખતે જ મારું શરીર હાલી ગયું અને હાથ નીચો થઈ ગયો. હરણથી બે ગજ આગળ જ ગોળીએ માટી ઉડાડી. બીજી નાળમાં તો હવે કારતૂસ જ ક્યાં હતો કે હું ફાયર કરું? હરણાં ફલાંગ મારતાંકને ગાઢ જંગલમાં અદૃશ્ય થઇ ગયાં. છાતી પરથી બંદૂક ઉતારીને મેં ફક્ત એક લાંબો શ્વાસ લીધો. બબ્બે વાર પ્રયાસ નિષ્ફળ ગયો. નાળમાં કારતૂસ ભરવાની યે ઈચ્છા ન થઈ.

હાથી ચુપચાપ ચાલ્યો જતો હતો. મહાવત આંખો ફાડી-ફાડીને આમતેમ જોઇ રહ્યો હતો. વાતચિત કરવાનું મન તો સફળતા મળે ત્યારે જ થાય છે. ઉમંગના વખતમાં જ મજાક સૂઝે છે. અહીં તો જાણે શિર પર વીજળી પડી હતી. જીભ હાલે જ શું કામ? ધીરેધીરે અમે દૂર નીકળી ગયા. સામે ઝાડીમાં કૂદતી હોય એવી કાળી ચીજ દેખાઈ. અનુમાને તો રીંછ હોય એમ લાગ્યું, પરંતુ આઘેથી ન દેખાયું. મેં તરત જ બંદૂકની નાળ ખોલીને બન્ને નાળોમાં ગોળીના બે કારતૂસ ભરી દીધા. અમે ઉત્તર તરફ જતા હતા. ડાબી બાજુએ શિકાર દેખાતો હતો. આગળથી રસ્તો કાપવાનો વિચાર કરીને મહાવતે હાથીને ડાબી બાજુ વાળી દીધો. અમે ખૂબ જ સજાગ ને સાવધાન થઇને બેસી ગયા. અમારા દિલની ધડકન અચાનક વધી ગઇ હતી અને આંખો કણે કણ નિહાળી રહી હતી.

થોડેક દૂર જતાં અમારી ડાબી બાજુ એક ખાલી, સૂકું નાળું આવ્યું. ઝડપી વેગે એક રીંછ એ નાળામાં ઊતરતું હતું. જરા કુતૂહલ થયું. ધીરી મંદ ગતિએ ચાલનારું રીંછ આટલી ઝડપે નાળામાં શા

મહન્ત ધનરાજપુરીની મૂળ વાર્તા ઉપરથી

★ અનુવાદક

'નિષાદચન્દ્ર'

અસંભવ શિકાર

માટે ઊતરતું હશે ? એને અમારી ગંધ આવી ગઈ હશે ? એમ હોય તો એનો છાનો શિકાર કરવાનું સરળ નથી. મેં બંદૂક ઉઠાવી. રીંછ સાધારણ બાંધાનું હતું. પુષ્ટ દેહ લાંબા કાળા વાળથી ઢંકાએલો હતો. સોમેશ્વરની ટેકરીઓમાં ફક્ત કાળાં સ્લૉથ રીંછ જ હોય છે. હોઠની ઉપરના નાના નાના ભૂરા વાળ સૂરજના તડકામાં ચમકતા હતા. આવો સુંદર શિકાર બરાબર સામે જ જોઇને મારા શરીરમાં ઉત્તેજનાની વીજળી જ જાણે દોડી ગઈ.

વધારે વિચારવા—સમજવાનો સમય નહોતો. ક્ષણની વાર લાગે તો શિકાર છટકી જાય છે. એકદમ એનો દેહ નાળામાં જઇને અદૃશ્ય થવા લાગ્યો. શિર, છાતી, પેટ...હવે તો હું એની પૂંછડી પર ફાયર કરવા તૈયાર થઈ ગયો. મહાવતે રોકવા ઈશારો કર્યો, પરંતુ મેં ધ્યાન ન આપ્યું. એક જ પળના અંતરે બન્ને ઘોડા દાબી દીધા. ધાંય-ધાંયના અવાજે જંગલ ગુંજી ઊઠયું ટેકરીઓમા ધ્વનિપ્રતિધ્વનિ થવા લાગ્યા. પરંતુ બન્ને ગોળીઓએ નાળાના સામા કિનારેથી ધૂળ જ ઉડાડી ! બૂરીરીતે નિશાન ચૂકયો હતો એમાં શંકા નહોતી. ત્રણ ત્રણ વારનો પ્રયાસ નિષ્ફળ ગયો. શિકારીઓ માટે આવો પ્રસંગ મોતથી યે વધારે ખરાબ છે. મનમાં થયું, નાળ ખોલીને કારતૂસ સરું અને મારી જ છાતીમાં ગોળી મારું !

દિવસ ઠીક ઠીક પસાર થયો હતો. જંગલમાં આવતી સંધ્યાનાં નિશાન દેખાવા લાગ્યાં હતાં. અમે ગાઢા જંગલને ઓળંગતા 'પખન-હવા'ની પશ્ચિમે ઠીક દૂર નીકળી ગયા હતા. ઘેર પાછા જવાનો સમય પણ 'જવાય છે જવાય છે'માં વીતતો ચાલ્યો. હવે વધારે ભટકવું એટલે લેવાદેવા વગરની આફત વહોરી લેવી. છતાં ય દિલ કબૂલ નહોતું કરતું. અહીં ગોતું, ત્યાં શોધું, એવી ધૂન લાગી ગઈ હતી. હું પાછા ફરવાનો હુકમ દેવા જતો હતો ત્યાં જ મહાવતે કહ્યું, 'હજુરે જરા ઉતાવળ કરી.' હું ગુપચુપ આગળ સાંભળવા તૈયાર થઈ ગયો. થોડી વારે તેણે કહ્યું, 'રીંછ નાળામાં જ ભાગી ન જાત. તે જરૂર સામે કિનારે ચડત. ત્યારે એને મારવામાં કોઇ મુસીબત ન પડત. મેં ઈશારો તો કર્યો હતો, પરંતુ હજુર રોકાયા નહિ.'

'જવા દે. આજનો દિ' જ નકામો છે.' મેં ઉદાસ ભાવે કહ્યું.

'તો હવે ઘર તરફ પાછો ફરું ? નરકટિયા થઈને જવું પડશે.'

'હા, બીજું શું ? મોડું તો બહુ થયું છે. ઘરે પહોંચતાં જ મધરાત તો થઇ જશે. વાળ પાછો હાથી.' કહીને હું હાથી પર જરા ઢળ્યો.

હજી અમે બે ત્રણ માઇલથી વધારે આગળ નહોતા ગયા. નરકટિયાનું જગલ શરુ થઇ ગયું હતું. ત્યાં અચાનક વાઘની ગર્જના અને મનુષ્યની રાડનો અવાજ આવ્યો ! હું ચોંકીને ઉત્તેજનાને લીધે હાથી



પર ચોંટીને બેસી ગયો. મારું અંગેઅંગ ધ્રૂજી ઊઠયું. શું કોઈ અભાગી મનુષ્ય વનરાજની ઝપટમાં આવી ગયો હશે ? મહાવતે મારી તરફ જોયું અને અવાજની દિશા તરફ હાથીને હંકારતો હોય એમ ઉપાડ્યો. અવાજ વધુ ને વધુ નજીક આવતો જતો હતો. એકએક ગર્જના અને ચીસે અમે ચોંકી ઊઠતા હતા. પરંતુ પત્થરો, કાંટાળી ઝાડીઓ અને વેલાઓને લીધે અમારી ગતિમાં રુકાવટ આવતી હતી.

પરંતુ મનુષ્યના અવાજમાં ભયનું નિશાન પણ ન હતું. એની ચીસ પણ એવી જ હતી કે જાણે કોઈ પ્રતિદ્વન્દ્વીનો ઘા પડતો ન હોય ! અને વાઘની ગર્જનામાં પણ ક્રોધની છાંટ દેખાતી હતી. શું વનરાજ મહોદય પણ જીવલેણ ઘાની ઝપટમાં આવીને નિર્બળતા-દ્યોતક ક્રોધ પ્રદર્શિત કરે છે ? જો રણ-સ્થળમાં સમાન પ્રતિદ્વન્દ્વીઓના સામસામા હુમલા થતા હોય તો મઝા પડે. પરંતુ આવું અનુપમ દૃશ્ય તો સંભવે કઈ રીતે ? આ ભયંકર જંગલમાં, ગામડિયાઓના નાના વાસ પાસે, રાઈફલ-બંદૂક વગર એવું શી રીતે બને ?

રણમેદાન આવ્યું. દૂરથી એની ઝલક દેખાતાં જ મારી આંખો ફાટી ગઇ. ખરેખર એ એક અદ્ભુત દૃશ્ય હતું. નર અને નરભક્ષક બન્ને હતાં; પરંતુ બન્નેનું મિલન આશ્ચર્યજનક હતું. એક નાનકડો એવો આદમી, મોતના મોઢામાં હાથ નાખી, જીવન અને મૃત્યુની સીમાનો જ જાણે નાશ કરવા બેઠો હતો ! મેં જોયું તો જંગલી જાંબુડાના એક વિશાળકાય થડને ટેકે પીઠ રાખીને વાઘ લપાઇને બેઠો છે. લાંબા ચટાપટાવાળો તે મોટો રૉયલ ટાઈગર હતો. વાઘ જુવાન હતો. એના પુષ્ટ પંજા ને માંસલ દેહ જ તેની સાક્ષી પૂરતા હતા. એના ખુલ્લા મોંમાં વાંસનો એક જાડો દંડો ધીરેધીરે ઘુસતો જતો હતો. બીચારો વાઘ જીભ કાઢવાની અને દાંત મારવાની ચેષ્ટા તો બહુ કરતો હતો, પરંતુ એને સફળતા નહોતી મળતી. હા, એના બન્ને પંજા બરાબર ચાલતા હતા. એની આંખોમાં ક્રોધ હતો અને ચહેરા પર દીનતા. એની પૂંછડી જમીન પર હાલતી જાણે ઝાડુ કાઢતી હતી !

આદમી પણ નવજુવાન હતો. એની પુષ્ટ માંસપેશીઓ તો જરૂર અખાડામાં જ તૈયાર થઈ હશે એમ લાગે. નાનકડી ધોતી ને ગંજીફરાક તેણે પહેર્યાં હતાં. ગંજીફરાકની આરપાર એની પહોળી છાતીનું સૌંદર્ય જોવાલાયક હતું. જાડી ગરદન અને પાતળી કમ્મર તો હતાં જ. પહોળા કપાળ ઉપર પરસેવાનાં ટીપાં ચમકતાં હતાં. રંગ શામળો અને બાંધો લાંબો હતો. પગને આગળ પાછળ રાખીને, બન્ને હાથ વડે ડંડાને પકડીને તે વાઘના મોંમાં ઘુસાડતો જતો હતો. એને શી ખબર કે એના દેહ પર વાઘના કેટલા પંજા પડયા છે અને ક્યાં-ક્યાંથી લોહી નીકળે છે ! પંજાઓના ઘા અને વાઘની ગર્જનાઓ સાથે તે પણ પડકારના બરાડા પાડતો જતો હતો.

અજબ દૃશ્ય હતું ! વાઘના મોંમાં દંડો અને વાઘના હોશહવાશ ગુમ ! નૌજવાનની હિંમતને તે શું કહેવું ? એની દિલેરીનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં. નિર્જન વનમાં એક માત્ર દંડાના જોરે વાઘ સાથે એકલો યુદ્ધ છેડી બેઠો છે અને એના મોંમાં દંડો ઘુસાડતો પણ જાય છે ! કદાચ છે ને હાથથી દંડો છૂટી જાય તો એને પીંખી નાખતાં વાઘને શી વાર લાગે ? જેની ગર્જનાથી માચડા પર ચડેલા રાઈફલધારીઓનાં હૃદય પણ કંપી ઊઠે છે એની આવી દુર્દશા ! એની ગર્જનાની આવી ઉપેક્ષા ? હું ન બોલી શક્યો, ન ચાલી શક્યો.

બન્ને જીવ પર આવી ગયા હતા. વાઘના મોંમાં ઘૂસતો દંડો એનાં આંતરડાંની કચૂંબર કરી રહ્યો હતો અને શેરના પંજાના થાપા યુવકની ચામડી ઊતરડી નાખતા હતા. વાઘની આંખો નાચતી હતી અને યુવાનનું શરીર કાંપતું હતું. દંડો જરા ભીંસાતો તો વાઘ ગર્જી ઊઠતો અને પંજો શરીર પર પડતાં યુવક બૂમ પાડી ઊઠતો ! રહીરહીને વાઘ યુવાનને ઝાપટ મારીને એક બાજુ ફેંકી દેવાની કોશિશ કરતો હતો; પરંતુ વાઘની લાચારી બંધુ આડે આવતી હતી. જરા ગડથોલું ખાઇને પણ યુવક પાછો ટટ્ટાર થઈ જતો હતો. અને જરાક તક મળતાં જ પોતાનું બધું બળ એકત્ર કરીને વાઘના પેટમાં આખો દંડો નાખી દેવાનો પ્રયત્ન કરતો હતો. જો જાંબુડાનું થડ વાઘની પાછળ ન હોય તો એક જ છલાંગમાં તે યુવકને ઝડપી લે. પરંતુ બીચારો નિરુપાય હતો. પીઠ થડ સાથે જ અથડાતી હતી. ફક્ત ગરદન હલાવીને તે દંડો વધુ ઘૂસવા નહોતો દેતો. તે વાઘ નહોતો, પણ વાઘણ હોય એમ લાગ્યું;–વાઘથી યે વધારે ખૂનખાર વાઘણ !

અચાનક હાથીએ જોરથી જમીન પર સૂંઢ પટકી. 'ભમ્મ' અવાજ થતાં જ બન્ને પ્રતિદ્વન્દ્વી ચોંકી ઊઠયા. બન્નેએ તિરછી નજરે અમારા તરફ જોયું. યુવકના ચહેરા પર આશા અને વાઘણના ચહેરા પર, નિરાશા દોડી ગઈ. આંખ મીંચતી હોય તેમ વાઘણે ગર્જના કરી,– જાણે તૂટી પડવા ન માગતી હોય ! ઉત્તેજનામાં મને સંભળાવતો હોય એમ યુવક બોલવા લાગ્યો : 'હવે એ બાજુ શું જુએ છે 'લી ! મારા ભાઇને ખાઇને પણ તારું પેટ ન ભરાયું ? તો ખાને હવે મને ? આજે કેટલા યે દિવસોથી તને શોધતો હતો; આજે ભેટો થયો. પરંતુ એ પણ તારે લીધે, મારે લીધે નહિ. તું મારા પર તૂટી પડી ન હોત તો મને તારો પત્તો ન મળત. તારા મનમાં એમ હશે કે મોટાભાઇને મારી નાખ્યો તો નાનાનું શું ગજું ? આજે મહીનાઓથી મારી ભાભીની આંખો નથી સુકાઈ. બચ્ચાંને મજેદાર દૂધ પાવા તારે માણસનું જ લોહી જોઇએ, ખરું ને ? હવે પીવડાવને બચ્ચાંને દૂધ ! તારે માટે શું મેં ઓછું તપ કર્યું છે ? તારા પંજાના મારમાંથી બચવા માટે દંડાના એક છેડે અંગુછાને વીંટીને ઢાલ જેવું બનાવીને ફરતો હતો. અને ચુપકીદીથી મારા પર હુમલો તેં કેવો કર્યો ? છલાંગ મારતાંક ને હું ઝાડની પાછળ ન આવી ગયો હોત તો મારી ગરદન જ ઝડપી લેત. માન્યું હશે કે આના હાથમાં એક દંડો જ હથિયાર છે. પણ આ દંડો છે, રસગુલ્લાં નથી, સમજી ને ? આ તારાં આંતરડાંઓને અમળાવીને આરપાર નીકળી જશે. ભાભીના પગ પકડીને મેં સોગન ખાધા છે : 'કાં તો વાઘણ નહિ રહે અને કાં તો હું નહિ રહું '

હવે વાર લગાડવામાં જોખમ હતું. જો નાગફાંસમાંથી વાઘણ સ્હેજ છૂટે તો આ બહાદુર જુવાનનું આવી જ બને. બંદૂકની નાળમાં કારતુસ નાખ્યા અને વાઘણ પર ફાયર કરવા તૈયાર થઈ ગયો. પણ ખટ અવાજ થયો એટલે યુવક સમજી ગયો. મને બંદૂક છાતી સરસી લેતો જોઈને એણે કહ્યું, 'ખબરદાર, જો આપે ગોળી ચલાવી છે તો ! હું એકલો જ એની સાથે પતાવી લઈશ ' એમ કહી એણે એક એવું જોખમ ખેડ્યું કે મારા મોંમાંથી 'હાય'નો અવાજ નીકળી ગયો. એણે આગળ પાછળ રાખેલા પોતાના પગોને આકાશમાં ઉછાળ્યા ને આખા શરીરનો બોજો બંને હાથ પર નાખી દંડાને અતિ વેગથી વાઘણના પેટમાં ઘુસાડી દીધો ! દુસ્સાહસની પરાકાષ્ટા હતી ! જો દંડા પરથી હાથ છટકયો હોય તો સીધી એની ગરદન વાઘણના મોંમાં જાય ! કોઇ નટની પેઠે એનો આખો દેહ અદ્ધર તોળાઈ રહ્યો !

જેવો મારા મોંમાંથી 'હાય' શબ્દ નીકળ્યો કે એની સાથે જ વાઘણના મોંમાંથી લોહીની ધારા ચાલી તે ગર્જતી હતી પણ ક્ષીણ સ્વરે. પંજા પણ હાલતા હતા, પરંતુ શક્તિ વગરના. એની પૂછડીની મૂંઝારી પરથી સ્પષ્ટ દેખાતું હતું કે વાઘણ છેલ્લા શ્વાસ લઈ રહી છે.

હું મનમાં ને મનમાં વિચારવા લાગ્યો : કોણ વધુ સારો શિકારી, દંડાવાળો કે બંદૂકવાળો ?



મૌલાના અબુલ કલામ આઝાદ

૧૮ વર્ષની વયથી દેશને ચરણે પોતાનાં તનમનધન અર્પણ કરી દેશ આઝાદી માટે અવિરતપણે ઝૂઝનારા આજીવન લડવૈયા; દેશની કટોકટીની પળે સદૈવ દેશહિતની દૃષ્ટિ રાખી જનતાને યોગ્ય માર્ગે દોરનાર પીઢ મુત્સદ્દી નેતા; પોતાનાં વિચારપ્રચુર ચિરંજીવ લખાણોથી માત્ર હિંદની જ નહિ પણ ઇજિપ્ત-અફઘાનિસ્તાનની જનતા પર પણ અસર પહોંચાડનાર તેજસ્વી સાહિત્યકાર; હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે અશ્રાંતપણે મથનાર અગ્રણી રાષ્ટ્રીય મુસલમાન; ઇસ્લામી ધર્મશાસ્ત્રો, ઇતિહાસશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર આદિ અનેક વિષયોના પંડિત;—એવું સર્વગામી વ્યક્તિત્વ ધરાવનાર મૌલાના અબુલ કલામ આઝાદ હિંદની તેજસ્વી પરંપરામાં અગ્રણી જ નહિ પણ ભૂષણ રૂપ છે.

૧૯૨૦માં જ્યારે મૌલાના નજરકેદમાંથી છૂટ્યા ત્યારે દેશમાં એક નવું જ ચૈતન્ય—નવું જ વાતાવરણ ઉત્પન્ન થયું હતું. મહાત્માજીએ અસહકાર દ્વારા નિર્જીવ ને કચડાએલી પ્રજામાં નવા પ્રાણનો સંચાર કરીને જગતની શક્તિશાળી ગણાતી બ્રિટિશ સરકારને પડકાર કર્યો હતો. પંજાબમાં તો પ્રજાશક્તિના જુવાળે માઝા મૂકી હતી. સરકારે તેને ફટકો મારવા જલિયાંવાલાનો ભીષણ હત્યાકાંડ સર્જ્યો હતો. પંજાબનો એ અન્યાય તાજો હતો ત્યાં ખિલાફતનો અન્યાય પણ તેમાં ઉમેરાયો. બ્રિટનના વડા પ્રધાન લૉઈડ જ્યૉર્જે વચન આપેલું કે મુસલમાનોનાં ધાર્મિક સ્થાનોને અખંડ રાખવામાં આવશે. પણ તુર્કસ્તાનમાં આવેલી મુસલમાનોની ખિલાફતની ગાદી ઉખેડી નાખીને એ વચનનો બ્રિટને ભંગ કર્યો. આ અન્યાયથી હિંદના મુસલમાનોની લાગણી દુભાઈ અને તેમણે તેનો વિરોધ કરવાનું નક્કી કર્યું. પહેલાં તો તેઓ એક પ્રતિનિધિમંડળ વાઈસરૉય પાસે લઇ ગયા, પણ તેથી કંઇ અર્થ ન સરતાં તેઓ ઇંગ્લંડ જઇ આવ્યા. પણ ત્યાં યે નિષ્ફળતા જ મળી. હવે પોતાનો વિરોધ કેવી રીતે વ્યક્ત કરવો તેનો તેઓ વિચાર કરતા હતા. બરાબર આ જ ટાંકણે મૌલાના છૂટ્યા અને ૧૯૨૦ની ૧૮મી જાન્યુઆરીએ મહાત્માજીને મળ્યા. ગાંધીજીએ ખિલાફતનો અન્યાય દૂર કરાવવા અસહકારનો કાર્યક્રમ મૌલાના તથા બીજા મુસલમાન નેતાઓની આગળ મૂક્યો. મૌલાના સાહેબના ક્રાંતિકારી માનસે તરત તે કાર્યક્રમનો સ્વીકાર કર્યો અને ગાંધીજીમાં પોતાનો તમામ ઇતબાર ઠાલવી દીધો. કલકત્તાની ખિલાફત પરિષદ્માં પ્રમુખપદેથી મૌલાનાએ એ જ કાર્યક્રમ સ્વીકારી લેવા મુસલમાનોને આગ્રહ કર્યો. કલકત્તા અને નાગપુરની મહાસભાએ એ કાર્યક્રમ પર મહોર મારતાં જ દેશભરમાં લડત શરૂ થઇ. મહાત્માજી તથા મૌલાનાનાં ભાષણોથી વિશાળ સભાઓ ગાજવા લાગી. મુસ્લિમ ઉલેમાઓની તેમજ સાધારણ સભાઓમાં ભાષણો માટે મૌલાનાને ખાસ આમંત્રણ મળવા લાગ્યાં. લાહોરની એવી હજાર ઉપરાંત ઉલેમાઓની સભામાં તેમને ઇમામ (સૌથી મોટા ધર્મગુરુ) નીમવાનો ઠરાવ થયો. કોઈ પણ મુસ્લિમ વિદ્વાનને મળતું આ સૌથી મોટું માન હતું. પણ માનચાંદથી સદા દૂર રહેતા મૌલાના સાહેબે તે સ્વીકારવાની આદરપૂર્વક ના પાડી. તેમની ત્યાગવૃત્તિનું આ એક જ્વલંત ઉદાહરણ છે.

અસહકારના એ દિવસોમાં ઇંગ્લંડના પ્રિન્સ ઑવ વેલ્સનું આગમન થતાં જ તેનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનો ઠરાવ થયો. બંગાળનો બહિષ્કાર-મોરચો દેશબન્ધુ ચિત્તરંજન દાસ તથા મૌલાના આઝાદે સંભાળેલો. ત્યાર બાદ ધૂંધવાએલી સરકારે સંખ્યાબંધ ધરપકડો કરવાનું શરૂ કર્યું. અમદાવાદની કૉંગ્રેસની બેઠકના નિમાએલા પ્રમુખ દેશબંધુ દાસ તથા મુસ્લિમ લીગની બેઠકના વરાએલા પ્રમુખ મૌલાના સાહેબને સરકારે પકડ્યા અને ત્રણ મહિના સુધી કેસ ચલાવ્યા સિવાય જેલમાં પૂરી રાખ્યા. આખરે કેસ ચલાવવાનું નાટક ભજવીને સરકારે તેમને ૧ વર્ષની કેદની સજા કરી. એ સજા થતાં પહેલાં તેમણે જે વિસ્તૃત નિવેદન સરકાર આગળ કર્યું હતું તે 'બુલંદ એકરાર'ને નામે ઈતિહાસપ્રસિદ્ધ છે. એ અજોડ એકરાર વાંચીને મહાત્માજી મૌલાના પર આફરીન થઈ ગયા હતા. 'જન્મટીપની સજાને લાયક એ વક્તૃત્વ છે' એમ તેમણે જણાવેલું. ફૂલસ્કેપનાં ટાઈપ કરેલાં ૩૦ પાનાંઓમાં લખાએલા એ એકરારમાં તેમનું વિશાળ ઐતિહાસિક જ્ઞાન, સચોટ દલીલો તથા દેશ ખાતર અનંત કષ્ટો સહન કરવાનો દૃઢ નિશ્ચય નીતરતાં દેખાય છે.

૧૯૨૩માં જ્યારે જેલમાંથી છૂટ્યા ત્યારે દેશમાં નિરાશાનું એક મોજું ફરી વળ્યું હતું. ગાંધીજીની ગિરફતારી પછી મહાસભામાં બે તડ પડ્યાં હતાં: એક 'ના ફેરવાદી', બીજો 'ફેરવાદી'. પહેલો પક્ષ મહાત્માજીના કાર્યક્રમમાં જરા પણ ફેરફાર ન કરવાના મતનો હતો, જ્યારે બીજો—પંડિત મોતીલાલ નેહરૂ ને દેશબંધુ દાસનો પક્ષ ધારાસભામાં જઈ સરકારનો વિરોધ કરવાના મતનો હતો. મૌલાના સાહેબે છૂટીને આ બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવવાના અથાક પ્રયત્નો શરૂ કર્યા. ૧૯૨૩ની ૧૫મી સપ્ટેમ્બરે તે દિલ્હીમાં ભરાએલી મહાસભાની ખાસ બેઠકના પ્રમુખસ્થાને ચુંટાયા. તે વખતે તેમની ઉમર ફક્ત ૩૫ વર્ષની હતી. આટલી નાની વયે પ્રમુખ બનવાનું માન મેળવનાર તે પહેલા જ હતા. જવાહરલાલ પણ પ્રમુખ બન્યા ત્યારે તેમની પણ ઉમર ૩૯ વર્ષની હતી. પ્રમુખસ્થાનેથી મૌલાનાએ વચલો માર્ગ સૂચવ્યો કે જેમને ધારાસભાના કાર્યક્રમ પર શ્રદ્ધા હોય તે ત્યાં જાય અને જેમને ન હોય તે રચનાત્મક કાર્યક્રમ પાછળ લાગી

જાય. આ સૂચનનો બધાએ સ્વીકાર કર્યો. આમ મૌલાનાની કુનેહથી મહાસભાના બે ભાગલા થતા બચી ગયા.

એ અરસામાં એક નવી જ આફતે દેશને ઘેરી લીધો. નેતાઓ જેલમાં હતા એ તકનો લાભ લઈ કરાએલી કેટલાક કોમી નેતાઓની ઉશ્કેરણીથી દેશભરમાં ઠેરઠેર હિંદુ-મુસ્લિમ હુલ્લડો ફાટી નીકળ્યાં. મુલતાન, આગ્રા, અજમેર, ગુલબર્ગ, કોહાટ વગેરે ઠેકાણે ભીષણ રમખાણોએ અમર્યાદ માનવવિનાશ સર્જ્યો. દેશ આખામાં જ્યારે આવું ઝેરી વાતાવરણ ફેલાયું હતું ત્યારે એટલે કે ૧૯૨૪ના જાન્યુઆરીમાં મહાત્માજી જેલમાંથી છૂટ્યા. મહાત્માજીએ આ અસહ્ય પરિસ્થિતિનું નિવારણ કરવા ૨૧ દિવસના ઉપવાસ આદર્યા. પંડિત મોતીલાલજીના પ્રમુખપદે દિલ્હીમાં એકતા-પરિષદ ભરાઈ. તેમાં મૌલાના સાહેબે આગળપડતો લાભ લઈ પરિષદને અસરકારક કરવામાં મોટો ફાળો આપેલો. મહાત્માજીના ઉપવાસ બાદ તેમણે તથા હકીમ અજમલખાને હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે પોતાનો જાન પણ કુરબાન કરવાની ગંભીર પ્રતિજ્ઞા લીધી. એ પ્રતિજ્ઞાને દૃઢ નિશ્ચયથી વળગી રહીને, એ જ સંકલ્પ આખરે કારગત નીવડવાનો છે એમ માનનારાઓમાં મૌલાના અબુલ કલામ આઝાદનું નામ પ્રથમ પંક્તિમાં આવે એમ છે. છેક ૧૯૧૨થી તેમણે મુસલમાનોને 'હિંદુઓ જે દેશની પ્રજા છે તે જ માતૃભૂમિનાં આપણે સંતાનો છીએ અને બંને કોમે સાથે જ ડૂબવાનું કે તરવાનું છે,' એવો ઉપદેશ આપીને હિંદુ-મુસ્લિમ ઐક્યનો મંત્ર ફૂંક્યો હતો. પણ જેમ વરસો વીત્યાં તેમ બંને કોમ વચ્ચે વૈમનસ્ય વધતું ગયું. છતાં મૌલાના સાહેબ ખડક જેવા અડગ ને અવિચળ ઊભા છે.

ત્યાર પછી મૌલાના સાહેબ મહાસભાની પ્રત્યેક પ્રવૃત્તિ અને લડતમાં મોખરે રહ્યા છે. ૧૯૩૦ અને ૩૨ની લડતમાં તે મહાસભાના કામચલાઉ પ્રમુખ નિમાએલા અને જેલવાસ પણ સેવેલો. ૧૯૩૯ના વ્યક્તિગત સત્યાગ્રહમાં પણ-સરકારના મહેમાન બનવાનું માન તેમને મળેલું. મહાસભાના દરેક કાર્યમાં આમ તનમનધનપૂર્વક ભાગ લેનારા મુસલમાનોમાં મૌલાના જ પ્રથમ અને મોખરે રહેતા આવ્યા છે. કેવળ રાજદ્વારી બાબતોમાં જ નહિ પણ રચનાત્મક કાર્યક્રમમાં પણ તેમણે સંગીન કાર્ય કર્યું છે. ૧૯૨૬-૨૭ના કલકત્તાના હિંદુ-મુસ્લિમ રમખાણના કાળમાં પોતાનો પ્રાણ હથેળીમાં લઇ તેઓ જોખમકારક લત્તાઓમાં નિર્ભય રીતે ફરેલા ને સેંકડો હિંદુ મુસ્લિમોને બચાવેલા. બિહારના જમીનદારો અને ખેડૂતોના ઝગડામાં તેમજ લખનૌના શિયા-સુન્નીનો ઝગડો પતાવવામાં તેમણે આગળપડતો ભાગ લઇ સમાધાન કરાવવામાં સફળતા મેળવી હતી.

૧૯૩૭માં મહાસભાએ હોદ્દા-સ્વીકારનો નિર્ણય કર્યો પછી તેને માટે જે પાર્લામેન્ટરી પેટા સમિતિ નીમેલી તેમાં ત્રણ કસાએલા મહારથીઓ હતા: સરદાર વલ્લભભાઇ, બાબુ રાજેન્દ્રપ્રસાદ અને મૌલાના આઝાદ. આ સમિતિએ કેવા એકરાગ અને કૌશલથી કાર્ય કર્યું હતું તેનો તો ઈતિહાસ સાક્ષી છે.

૧૯૩૯માં ત્રિપુરી મહાસભાના પ્રમુખપદની પોતાની ઉમેદવારી તેમણે પોતાની નાદુરસ્ત તબિયતને કારણે પાછી ખેંચી લીધેલી; પરંતુ પ્રમુખપદે નિમાયા પછી સુભાષબાબુ અકાએક સખત માંદા પડી જવાથી મૌલાના સાહેબને તે પદ સંભાળવું પડેલું. ૧૯૪૦માં મૌલાના ખૂબ મોટી બહુમતિથી પ્રમુખપદે ચુંટાયા હતા. તેમને ૧૮૫૪ મત મળ્યા! જ્યારે હરીફને ૧૮૩. રામગઢના એ અધિવેશનમાં રાષ્ટ્રપતિપદેથી મૌલાના સાહેબે આપેલું તલસ્પર્શી વ્યાખ્યાન તથા ઝડપથી કામકાજ ચલાવવાની તેમની શક્તિ ને કુશળતા એ પદ માટેની એમની યોગ્યતા પુરવાર કરે છે. હિંદના ઇતિહાસમાં શકવર્તી ને અત્યંત કપરા ગણાતા ૧૯૪૦થી ૪૫ના કાળનું કોંગ્રેસનું પ્રમુખપદ એમને હાથ હતું. સ્વાતંત્ર્યનું '૪૨નું સૌથી મહાન યુદ્ધ એમના જ અધ્યક્ષપદ નીચે થએલું એ કંઈ જેવુંતેવું માન નથી. એ કાળે કેવી દક્ષતા, કુનેહ ને હિંમતથી તેમને કામ લેવું પડ્યું હશે તેનો વિચાર કરતાં એમની શક્તિઓ માટે માન થયા વિના રહેવું નથી. ૯મી ઑગસ્ટનો ક્રાંતિકારી ઠરાવ થયાને બીજે જ દિવસે ઇતર નેતાઓ સાથે એમની પણ ધરપકડ કરીને અહમદનગરના કિલ્લામાં પૂરી દેવામાં આવ્યા. એ જેલવાસ દરમ્યાન એમનાં પત્નીનું અવસાન થયું; પણ સરકારે તેમના અંતિમ મિલન માટે પણ જવા ન દીધા. ૧૯૪૫માં જેલમાંથી છૂટ્યા બાદ સીમલા-પરિષદ તથા વૅવેલ-મંત્રણામાં જે કૌશલ્યથી મહાસભાના સિદ્ધાંતોનું તેમણે સ્પષ્ટીકરણ કરેલું તે તેમની મુત્સદ્દીગીરીની પ્રતિભા બતાવે છે. તે પછી ગયા વર્ષે હિંદ આઝાદ થયા પછી આજે તે સ્વતંત્ર હિંદના પ્રધાનમંડળમાં શિક્ષણખાતાના પ્રધાન છે એ તો તાજી હકીકત છે.

પણ મૌલાના કેવળ એક રાજકીય નેતા કે પીઢ મુત્સદ્દી જ નથી. પણ ઇસ્લામ ધર્મશાસ્ત્રના એક પ્રગલ્ભ વિદ્વાન અને શ્રેષ્ઠ મીમાંસાકાર છે. ધર્મશાસ્ત્રોને પોતાની વૈજ્ઞાનિક તથા ઐતિહાસિક દૃષ્ટિથી તપાસીને તેમાંથી ઉચિત અર્થ તારવીને તેઓ સમર્પક મીમાંસા કરે છે. ધર્મને લગતો કોઇ પણ વિચાર બુદ્ધિ અને તર્કની કસોટીએ ચડાવ્યા વિના તે ગ્રહણ કરતા નથી. આમ, તેમણે ધર્મના વિવિધ પ્રશ્નો વિષે વિચાર કરવાની પોતાની અભિનવ પદ્ધતિ યોજી છે. ઈસ્લામના ધર્મોપદેશોનો બુદ્ધિગ્રાહ્ય અર્થ કરવાનો જે એક નવો જ 'ઈલ્મે-કલામ' તેમણે ચલાવ્યો છે તેનો, તેમણે લખેલો 'તરજુમાનુલ કુરાન' નામનો ગ્રન્થ એક શ્રેષ્ઠ નમૂનો છે. તેમાં કુરાને શરીફનો તેમણે કરેલો ઉર્દૂ તરજૂમો તથા પોતાની નવી દૃષ્ટિથી તેના પર કરેલી સવિસ્તર ટીકા તેમની બુદ્ધિપ્રવણ અભિનવ દૃષ્ટિની જ નહિ પણ તેમની પ્રકાંડ વિદ્વત્તાની પણ દ્યોતક છે. આજે મુસ્લિમોમાં અત્યંત આદરપાત્ર ગણાતા તેમના આ ગ્રંથે ઉર્દૂ સાહિત્ય તથા ખુદ ઈસ્લામને પણ ખૂબ સમૃદ્ધ કર્યાં છે. માત્ર હિંદમાં જ નહિ પણ જગતભરના ઇસ્લામી દેશોમાં તે પ્રમાણભૂત મનાય છે. લો૦ ટિળકે લખેલા 'ગીતારહસ્ય'ની માફક તેમનો એ ગ્રંથ રાંચીની નજરકેદ દરમ્યાન લખાવો શરૂ થએલો. ત્યાં તેના ત્રણ પૈકી બે ભાગ લખાએલા અને ત્રીજાનું લેખન ચાલતું હતું, એવામાં એકાએક એક દિવસ ડેપ્યુટી કમિશનરે તેમની જડતી લઈને જેટલું લખાણ હાથ આવ્યું તે કબજે કરીને હિંદ સરકારને મોકલી આપેલું. નજરકેદમાંથી છૂટા થયા બાદ ઘણી ખટપટને અંતે જ્યારે તેમને તે લખાણ પાછું મળ્યું ત્યારે તે સાવ વેરણછેરણ થઇ ગએલું હતું અને કાગળો અરધા બળી ગએલા હતા! ઘણી મહેનત બાદ ફરી તે ગ્રંથ તેમણે સંપૂર્ણ કરેલો. ઇસ્લામનો સાચો અર્થ 'સત્યનો સ્વીકાર ને તે અનુસાર કરેલું વર્તન' એમ તે માને છે. એ રીતે તેઓ સાચા ને પાક મુસલમાન છે. કુરાનના સમાનતા તથા 'સર્વ ધર્મ સમભાવ'ના આદેશને તેમણે જાણે પોતાના જીવનમાં વણી લીધો છે. ઇસ્લામ ધર્મની ફિલસૂફી અને ધર્મશાસ્ત્ર પરત્વે મૌલાના સાહેબ પ્રમાણભૂત મનાય છે.

ભવ્ય શરીરાકૃતિ, તીક્ષ્ણ બુદ્ધિમત્તાથી ચમકતી પાણીદાર આંખો, તેજસ્વી મુખમુદ્રા, મુખને પ્રભાવશાળી બનાવતી શ્વેત દાઢી, માથે ફેઝ ટોપી, તથા લાંબી શેરવાની અને સુરવાલ પહેરેલી તેમની દેહયષ્ટિ, જોનારના મનમાં આદર પેદા કરે છે. તેમનો સ્વભાવ ચિંતનશીલ હોવાથી તે બહુ જ ઓછાબોલા છે અને લોકો સાથે સહેજે

નહિ ભળનારા છે. તેમની અગાધ વિદ્વત્તા તથા બુદ્ધિપ્રધાન સ્વભાવે તેમના મનમાં એવો એક તટસ્થતાનો ભાવ પેદા કર્યો છે કે પ્રત્યેક વિષયને જેટલી દૃષ્ટિથી વિચારી શકાય તેટલી દૃષ્ટિથી વિચારીને તેનું વિવેચન કરવાની શક્તિ તેમનામાં આવી છે. પોતાની એ યોગ્યતાથી તેઓ મહાસભામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. છેક ૧૯૨૦થી તે મહાસમિતિમાં નિયમિત ચુટાતા આવ્યા છે. છતાં તેઓ સત્તાવાળા હોદ્દા તથા કીર્તિવાળા સ્થાનથી દૂર જ રહેવાનું પસંદ કરતા. દેશબંધુ દાસના અવસાન પછી બંગાળના જાહેરજીવનની ખોટ પૂરવા એમને કલકત્તાની મ્યુનિસિપલ કૉર્પોરેશનના પ્રમુખ બનવા, બંગાળ પ્રાંતિક મહાસમિતિનું સુકાન હાથમાં લેવા અને ધારાસભામાં સ્વરાજપક્ષના નેતા થવા સમજાવવા ખૂબ પ્રયત્નો થએલા પણ મૌલાનાએ એ ત્રિવિધ યશોમુકુટ પહેરવાનો અસ્વીકાર કરેલો. જો તે ધારત તો મહાસભાનાં પ્રધાનમંડળો થયા તે કાળમાં કોઈ મોટા હોદ્દે આવી શક્યા હોત પણ તેનાથી હમેશ અળગા રહીને સલાહકાર રહેવાનું જ તેમણે પસંદ કર્યું છે.

પણ મૌલાનાનું પ્રિય સ્થાન છે તેમનું પુસ્તકાલય. જ્યારે તે વાચન કે લેખનમાં નિમગ્ન હોય છે ત્યારે તે પૂર બહારમાં ખીલે છે. અરબી, ફારસી અને ઉર્દૂના એ કસાએલા કલમબાજ છે અને રાજકારણને આપદ્ધર્મ તરીકે સ્વીકારીને પોતાના સાહિત્ય-હૃદય આડે જો રાજકારણના વાસ્તવદર્શનની નક્કર દીવાલ તેમણે ન ચણી લીધી હોત તો ઉર્દૂ સાહિત્યના તે શહેનશાહ જ બની ચૂક્યા હોત. આજે પણ તેમણે ૨૦ ઉપરાંત ગ્રંથો લખીને બહાર પાડ્યા છે. એક નામાંકિત સાહિત્યકાર ઉપરાંત તે પ્રાચ્યવિદ્યાના મહાવિદ્વાન અને મોટા ભાષાશાસ્ત્રી પણ છે. વાચનની તો અશામ્ય એવી ગજબની ભૂખ તેમનામાં છે. જગતના સર્વ મહાન વિચારકો—ગટે, સ્પિનોઝા, રૂસો, માર્ક્સ વગેરેના ગ્રંથો ઉપરાત ઉપનિષદો, વેદો તથા વૉલ્ટર સ્કૉટ, ડૂમા, હ્યૂગો વગેરેની નવલકથાઓ તેમના સમૃદ્ધ ગ્રંથાલયમાં છે. અંગ્રેજી ભાષા તેમણે સ્વપ્રયત્ને કોષ અને વ્યાકરણની મદદથી શીખી લીધી છે. જોકે અંગ્રેજી તે નહિવત જ બોલે છે. પણ તેમનું પુસ્તકાલય અંગ્રેજી તથા ફ્રેંચના ઉત્તમોત્તમ ગ્રંથોથી ભરેલું છે. ફારસી, અરબી ને તુર્કીના તો અનેક ગ્રંથોથી કબાટોનાં કબાટો ભરેલાં છે. અંગ્રેજ કવિઓમાં બાઇરન તેમનો માનીતો કવિ છે.

તેમની ભાષાની માફક તેમનું વક્તૃત્વ પણ ઝમકદાર અને સચોટ છે. બુદ્ધિગમ્ય દલીલોનો અસ્ખલિત પ્રવાહ જ્યારે તેમના મોંમાંથી નીકળે છે ત્યારે મેદની મંત્રમુગ્ધ બની જાય છે. તેમના ભાષણમાં સીધી સાદી અને હૃદયમાં સોંસરી ઊતરી જાય તેવી જે છટા છે તે સાંભળનારને પ્રભાવિત કર્યાં સિવાય રહેતી નથી.

તેમના પૂર્વજોની માફક મૌલાના સાહેબની રહેણીકરણી અતિશય સાદી છે. તેમના અભ્યાસખંડમાં નથી છબિઓ કે ચિત્રો; છે માત્ર પુસ્તકો. નાટક-તમાશા તેમને ગમતા નથી. તેમને માત્ર બે જ વ્યસન છે: ચા અને સિગારેટ. પણ તેનું તેમને બંધન નથી. ૧૯૨૧માં જ્યારે તે જેલમાં ગયા ત્યારે બધી સિગારેટો જેલના અધિકારીઓને સોંપી દીધેલી અને ૧૫ મહિનાના જેલનિવાસ દરમ્યાન એક પણ સિગારેટ તેમણે પીધી નહિ. ચા તો તેમનું એવું પ્રિય પીણું છે કે પ્રવાસમાં પણ ચાનો સામાન પોતાની પાસે રાખે છે અને પોતાને હાથે બનાવીને પીએ છે. અમીરી હુક્કો, અરબી કાવો તથા સંગીતના પણ તે શોખીન છે. વિદેશોના અનેક નામાંકિત લોકો સાથે તેમને સારી મૈત્રી છે. મહંમદ ઝઘલૂલ પાશા અને ફથી બેની સાથે તેમનો પત્રવ્યવહાર હતો. તુર્કીના મુસ્તફા કમાલ પાશા તથા બીજા નેતાઓ સાથે પણ તેમનો સંપર્ક હતો. ઇરાનના પ્રખ્યાત અન્તિમવાદી તાકીઝાદે સાથે પણ તેમને મિત્રતા હતી.

'ઇનસાઇડ એશિયા' નામના પ્રખ્યાત પુસ્તકમાં અમેરિકન પત્રકાર જૉન ગંથરે મૌલાનાને 'મહાસભાના મગજ રૂપ' ગણાવ્યા છે. પણ આ તો એ તેજસ્વી રત્નના એક જ પાસાનું અધૂરું વર્ણન થયું ગણાય. ૧૮ વર્ષની વયથી દેશને ચરણે પોતાનાં તનમનધન અર્પણ કરી દઈ આઝાદી માટે અવિરતપણે ઝૂઝનારા આજીવન લડવૈયા; દેશની કટોકટીની પળે સદૈવ દેશહિતની દૃષ્ટિ રાખી જનતાને યોગ્ય માર્ગે દોરનાર પીઢ મુત્સદ્દી નેતા; પોતાનાં વિચારપ્રચુર ચિરંજીવ લખાણોથી માત્ર હિંદની જ નહિ પણ ઇજિપ્ત-અફઘાનિસ્તાનની જનતા પર પણ અસર પહોંચાડનાર તેજસ્વી સાહિત્યકાર; કેટલાક ટૂંકી દૃષ્ટિવાળા ઝનૂની નેતાઓની દોરવણીથી ગેરમાર્ગે દોરાઈ જઈ સાંકડા વાડામાં પુરાઈ રહેલી મુસ્લિમ જનતામાં અનેક અવરોધો છતાં રાષ્ટ્રીયતાની ભાવના તથા સહિષ્ણુતાનો પ્રકાશ ફેલાવનાર આદર્શ માર્ગદર્શક; હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે અશ્રાંતપણે પોતાના જીવનને તેના પ્રતીકરૂપ બનાવનાર અગ્રણી રાષ્ટ્રીય મુસલમાન; ઈસ્લામી ધર્મશાસ્ત્રો, ઇતિહાસશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર આદિ અનેક વિષયોના પંડિત;— એવું સર્વાંગી વ્યક્તિત્વ ધરાવનાર મૌલાના અબુલ કલામ આઝાદ હિંદની તેજસ્વી પરંપરામાં અગ્રણી જ નહિ પણ ભૂષણરૂપ છે.

લેખક • અમૃતલાલ વ. પંડ્યા ★
ઈન્સ્ટીટ્યૂટ ઑાવ આર્કીઑાલૉજી • વલ્લભ વિદ્યાનગર • આણંદ



ગુજરાતનું સર્જન

હિંદના આજના નકશામાં ગુજરાતનો જેવો ઘાટ છે તેવું તેનું અસ્તિત્વ જ ન હતું. હિંદનો ઘાટ જુદો હતો ને સૌરાષ્ટ્રને સ્થળે તો દરિયો હતો. પૃથ્વીના દોઢ અબજ વર્ષના આયુષ્યમાં ગુજરાતની એ સર્જનક્રિયા કેવી રીતે થઈ અને ગુજરાતનું કલેવર કેવી રીતે તથા શાનું શાનું ઘડાયું તે ભૂ-રચનાની અત્યંત રસમય ક્રિયાની મહત્ત્વની હકીકતો સરળરીતે સમજાવતી ઉપયોગી લેખમાળા

નર્મદાસુખના આ વિશાળ જળરાશિ તળે, આશરે આઠ નવ કરોડ વર્ષ પહેલાં, મધ્ય હિંદમાં જે વેળુપાષણ રચાયો તે 'બાગનાં પડો' (Bagh beds)ના વર્ગનો હોઈ 'નીમાડ વેળુપાષાણ' ના નામે ઓળખાય છે. મહેશ્વર (પુરાતન માહિષ્મતી)માં અહલ્યાબાઈની છત્રી અને રાજમહાલ–મરાઠા કાળની ઉત્કૃષ્ટ કારીગરીના જે હિંદપ્રસિદ્ધ નમૂના છે તે આ પત્થરના જ. અને જેની ભીંતો પર અજંતાની માફક હિંદની પ્રાચીન ચિત્રકળાના જગપ્રસિદ્ધ નમૂના મળી આવેલા છે તે જ એ 'બાગ'ની ગુફાઓ. તે નર્મદાકાંઠે ગ્વાલિયર રાજ્યના સરદારપુર જિલ્લામાં આવેલું છે. એ પ્રદેશમાં મેં બેત્રણ વાર પ્રવાસો કર્યાં છે તે પરથી મારા મતે ગુજરાતનો ભાષાકીય સીમાડો પૂર્વ દિશામાં છેક આ બાગની ટેકરીઓ સુધી જાય છે.

આ પછી બાગની પાસે અલીરાજપુર ને છોટાઉદેપુરના પ્રદેશો આવેલા છે. આલી અને રાજપુર એ બે જુદાંજુદાં ગામો હતાં. આલી મધ્યકાળમાં, 'રાઠ' પ્રદેશ, કે જેમાં બાગ આવેલું છે અને જે ઉત્તરે ઝાબુવા સુધી પ્રસરેલો છે, તેનું મથક હતું. એની નજીકમાં નર્મદાની ખીણમાં 'મહુવણ' ગામ હતું. છોટા ઉદેપુરનો રાજવંશ ચૌહાણ છે. તેઓ કહે છે કે અમે મૂળ પાવાગઢના પતઈ રાવળના વંશજો. પાવાગઢનું પતન થતાં અમે ચાંપાનેરથી નજીકનાં જાંબુઘોડાનાં જંગલોમાં જતા રહ્યા ને ત્યાં 'ઝંડ' કરીને ગામને પાટનગર બનાવ્યું (આ ઝંડના અવશેષો મેં તપાસ્યા છે) ઝંડથી અમે નર્મદા તરફ અમારું રાજ્ય વિસ્તારવા માંડ્યું ને 'મહુવણ'ને પાટનગર બનાવ્યું. આ મહુવણના અવશેષો ખૂબ વિસ્તાર પર પથરાએલા છે. આ પછી 'આલી' પણ આ ચૌહાણોએ કબજે કર્યું અને તેમનું રાજ્ય 'આલી મહુવણ'ના





માહિષ્મતી અને બાગની ગુફાઓ, અલીરાજપુર, છોટાઉદેપુર, ઝાબુઆ, પૂર્વ ખાનદેશ, રાજપીપળા, પૂર્વ ગુજરાત અને સાબરકાંઠાનો પ્રદેશ દર્શાવતો નર્મદાખીણનો નકશો. જે પ્રદેશ આજથી આઠદસ કરોડ વર્ષ પર સમુદ્રને તળિયે હતો અને જેમાં, બાજુએ દર્શાવેલાં મોઢેરાનાં અદ્ભુત શિલ્પ કોરી શકાયાં તેવા વેળુપાષાણના પડબંધ ખડકો એ આઠદસ કરોડ વર્ષ દરમ્યાન રચાયા ને પાક્યા.




આઠનવ કરોડ વરસ પહેલાં જ્યારે પૃથ્વી પર આવાં વિરાટ, વિચિત્ર ને ભયંકર પ્રાણીઓ વસતાં અને માનવીનું અસ્તિત્વ પણ ન હતું તે સમયે નર્મદાની આજની ખીણનો દેખાતો સમસ્ત પ્રદેશ સમુદ્રને તળિયે હતો. તેમાં ખૂબ ઝીણા પોતવાળા ખડકો બંધાયા અને તે પૃથ્વીના પેટાળની ગરમીથી શેકાઇને તેનો એવો મજબૂત અને વિશિષ્ટ વેળુ-પાષાણ બન્યો કે જેમાં આ લેખ સાથે છાપેલાં છે તે, અમદાવાદ, મોઢેરા, ચાંપાનેર, ડુમખળ આદિનાં અદ્‌ભુત શિલ્પોની બારીકમાં બારીક કોતરણી શક્ય બની.


નામથી ઓળખાવા લાગ્યું ખાનદેશથી ગુજરાતમાં પ્રવેશ કરવાનો ધોરીમાર્ગ 'આલી-મહુવણ'થી જતો. મરાઠાઓનાં લશ્કરો આ 'આલી-મોહન'ના માર્ગે જતાં હોઈ પેશ્વા દફતરોમાં 'આલી મોહન'ની નોંધો મળી આવે છે. આ 'આલી-મોહન'ના સ્થાપત્ય-અવશેષો પણ 'બાગ પડો'ના વર્ગના 'નીમાડ વેળુ-પાષાણ'નાં છે. મરાઠા કાળમાં ગુજરાતનું શિલ્પ સ્થાપત્ય અધોગતિની જે ચરમ સીમાએ પહોંચ્યું તેનો નમૂનો 'આલી-મોહન'ની ઈમારતો પૂરો પાડે છે. આ 'નીમાડ વેળુપાષાણ' ઉપર એક ચૂર્ણ-પાષાણનું પડ છે, જે સીમેન્ટ-ઉદ્યોગ માટે સારું છે. એને હું 'મહુવણ લાઇમસ્ટોન' કહું છું.

આલી-મહુવણના પ્રદેશથી થોડેક પશ્ચિમે નર્મદાની દક્ષિણે 'કાઠી' રાજ્ય અને રાજપીપળાની સરહદે દેવગંગા નદીની ખીણ આવેલી છે. આ દેવગંગા શૂલપાણ આગળ નર્મદાને મળે છે. એની ખીણમાં પણ 'બાગ પડો' આવેલા છે ને હજાર ફૂટ જેટલી તેમની જાડાઇ છે. આ પડોની નીચેનો ભાગ વેળુ-પાષાણનો છે જેને હું ડુમખળ વેળુ-પાષાણ' (Dumkhal sandstone) કહું છું. કારણ ડુમખળમાં ગુજરાતના એક સમયના ઉત્કૃષ્ટ સ્થાપત્યના નમૂના સમી જે પ્રાચીન ઇમારતો અને સ્મારકો આવેલાં છે તે એ જ પત્થરનાં છે.

ડુમખળનો વેળુ-પાષાણ કાચના ઉદ્યોગ તેમજ એંગરી બનાવવા માટે ઉપયોગી છે. આ વેળુ-પાષાણની ઉપર એક ચૂર્ણ-પાષાણનું ઘણું જાડું પડ છે અને તે પણ સીમેન્ટના ઉદ્યોગ માટે ઉપયોગી છે. એને હું 'દેવગંગા ચૂર્ણપાષાણ' (Devganga limestone)નું નામ આપું છું. આલી-મહુવણ અને દેવગંગા એ બંને પ્રદેશોની મેં વિસ્તવાર ભૂસ્તરીય તપાસ ચલાવેલી છે. દેવગંગા ચૂર્ણપાષાણ પર જ્વાળામુખીના લાવારસના ખડકો હજારો ફૂટ જેટલી જાડાઇના ખડકાયા અને તે વડે સાતપુડા, વિંધ્ય અને સહ્યાદ્રિની કાયા ઘડાઈ.

રાજપીપળા પ્રદેશને સામે પાર, નર્મદાની ઉત્તરે, આદિ નર્મદામુખમાં રચાએલા આ ખડકો સંખેડા મેવાસમાં ખૂબ આવેલા છે ને ત્યાં એ સોનગિર વેળુપાષાણ (Songir sandstone) કહેવાય છે. ગુજરાતની અપ્રતિમ પ્રાચીન કોતરણીવાળી જે ઐતિહાસિક ઈમારતો ડભોઈમાં આવેલી છે તે (હીરા ભાગોળ, કાળકામાતાનું મંદિર વગેરે) આ સોનગિર વેળુ-પાષાણની છે. પાવાગઢ પર્વતનો પાયો પણ આ જ ખડકનો રચાએલો છે ને ત્યાં ચાંપાનેર નગરીની કળાપૂર્ણ પ્રાચીન ઈમારતો એ જ પત્થરની છે.





વેળુ-પાષાણનો અદ્‌ભુત ગુણ દાખવતા અમદાવાદના શિલ્પના બે નમૂના : ડાબી બાજુ—સીદી સૈયદની મસ્જિદની, જગતભરમાં વિરલ ગણાએલી બારીક કોતરણીવાળી જાળી; તથા (જમણી બાજુ) હસન મુહમ્મદ ચિશ્તીની મસ્જિદનો ગોખ.

હવે આપણે જરા વધુ પશ્ચિમે સાબરકાંઠાના પ્રદેશમાં આવીએ. અહીં આ સમયે બંધાએલો વેળુ-પાષાણ તે 'હિંમતનગર સૅન્ડસ્ટોન (Himmatnagar sandstone)ના નામથી જાણીતો છે. અગાઉ એ 'અહમનગર સૅન્ડસ્ટોન' કહેવાતો. અમદાવાદની મુસ્લિમ ઈમારતો, સિદ્ધપુરનો રુદ્રમાળ, મોઢેરાનું સૂર્યમંદિર વગેરે ગુજરાતના ગૌરવવંતાં મધ્યકાલીન શિલ્પસ્થાપત્યનું પ્રતિનિધિત્વ ધરાવતી એ ઇમારતો આ નસીબદાર પત્થરમાંથી બની છે. ક્રીટેશિયસ યુગમાં ગુજરાતને આંગણે ઠેકઠેકાણે આ વેળુ પાષાણો ન રચાયા હોત તો ગુજરાતમાં સ્થાપત્ય-શિલ્પની આટલી બધી પ્રગતિ કદાચ ન થઈ શકી હોત; કારણ કે અહીં મળતા બીજા કોઈપણ પ્રકારના પત્થરમાં કારીગર માટે આવી બારીક કોતરણી કરવાનું શક્ય નથી. જે પ્રદેશમાં ઝીણી કોતરણી માટેના પત્થરનો અભાવ છે ત્યાં શિલ્પ-સ્થાપત્યે પ્રગતિ કરેલી જોવામાં આવતી નથી. એટલા માટે જ હિંદમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થાપત્યના નમૂના મધ્ય હિંદમાં મળી આવે છે, કે જ્યાં આવા કાર્ય માટે સારામાં સારો પત્થર કારીગરો માટે સુલભ હતો. એ પ્રદેશમાં આવેલા ભરહુત, એરન, ખજુરાહો, સાંચી, બેસનગર, વગેરેની પ્રાચીન ઈમારતોનો જોટો હિંદમાં બીજે નથી. મથુરાને આંગણે કુશાણ કળા એટલા માટે જ શ્રેષ્ઠ વિકાસ સાધી શકી કે ત્યાં થતો બયાનાનો લાલ પત્થર આ કાર્ય માટે આદર્શ માધ્યમ થઇ પડેલો. ને બીજી બાજુ દિલ્હી પાટનગર રહ્યું હોવા છતાં ત્યાં યોગ્ય માધ્યમના અભાવે સ્થાપત્યકળા પૂરી ખીલી શકી નહિ. આ બયાનાનો લાલ પત્થર ન હોત તો અકબર માટે આગ્રા અને ફતેહપુર-સિક્રીના સુંદર ઇમારતો બાંધવાનું શક્ય ન બન્યું હોત. મકરાણા અને ચંદ્રાવતીના આરસપહાણો ન હોત તો આજે હિંદ જેના પર ગૌરવ લે છે તે આગ્રાના તાજમહાલ અને આબુનાં દેલવાડાનાં મંદિરોને શાહજહાં અને વસ્તુપાળ-તેજપાળ ન બંધાવી શક્યા હોત.

ગૉંડવાના મહાયુગના નકશાઓ જોતાં જણાય છે કે ક્રીટેશિયસ યુગમાં હવે ગૉંડવાનાલૅંડ-ભૂખંડની જીર્ણ દશા થવા આવી હતી ને ઉત્તરદક્ષિણ તરફથી એના કેટલાક પ્રદેશો પર સાગર ફરી વળ્યો હતો, એટલે હવે માત્ર એક સાંકડો ભૂ ભાગ જ હિંદી દ્વીપકલ્પને માડાગાસ્કર થઇ આફ્રિકા સાથે સાંકળતો હતો. આ ભૂ-ભાગને 'લેમુરીઆ' (Lemuria)નું નામ આપવામાં આવ્યું. એ ક્રીટેશિયસ યુગના પ્રાણીઓ વગેરે દર્શાવતું દૃશ્ય પાછળ પૃ. ૭૪ ઉપર આપ્યું છે. (ચાલુ)



ઉપર—વચ્ચે: હુમખળનું શિલ્પ; આજુબાજુ: આબુના દેલવાડાના મંદિરમાંની અસંખ્ય આરસની નૃત્ય-પ્રતિમાઓ પૈકીની બે



તુલસીશ્યામ

સોરઠનું એક પ્રાચીન તીર્થધામ

લેખક અને આલેખક
મગનલાલ ત્રિવેદી

ડાબી બાજુ: તુલસીશ્યામના શિલ્પનો નમૂનો મુખ્ય મંદિરના પગથિયા આગળની એક પ્રતિમા

તુલસી વગર શ્રી શ્યામની (કૃષ્ણની) પૂજા-અર્ચના અધૂરી, અને શ્યામ વગર તુલસીનું મહત્ત્વ ઓછું, એવી લોકમાન્યતાની કહેતીને સાર્થ કરતું, તુલસી અને શ્યામના નામનો જ્યાં સહયોગ થયો છે તે, તુલસીશ્યામનું તીર્થધામ, સૌરાષ્ટ્રમાં જુનાગઢની હદમાં, મધ્ય ગીરની ગિરિકંદરાઓ અને વૃક્ષોની ઘેઘૂર ઘટાઓની વચ્ચે, ઊના અને દેલવાડાની ઉત્તરે લગભગ ૩૨ માઈલ ૧૨ આવેલું છે. તેમાની શ્યામની મૂર્તિ અને મંદિરનું સ્થાપત્ય જોતા તે અતિપુરાણું યાત્રાધામ હોવાની પ્રતીતિ થાય છે. મંદિરની અંદરના સ્તંભો જીર્ણ થઇ જતાં પાછળથી નવા સ્તંભો મૂકી જીર્ણોદ્ધાર કર્યો છે એમ બારીકીથી જોતાં જણાય છે.

ભારતના પ્રાચીન યાત્રાધામો સાથે જેમ કોઇ ને કોઈ પુરાણ-પ્રસંગ જોડાએલો હોય છે, તેમ આ સ્થળ પણ જાલંધર અને સતિ વૃંદાના દાંપત્યપ્રેમ તથા ભગવાનની આરાધનાને સાંકળતા એક પૌરાણિક પ્રસંગ સાથે સંકળાએલું ગણાય છે. પરંતુ હિંદુસ્તાનનાં અન્ય યાત્રાધામો જેટલી આ સ્થળને પ્રસિદ્ધિ નથી મળી, કારણકે એક તો મધ્ય ગીરમાં ઊંડાણને સ્થળે તે આવેલું છે, તેમજ વાહન-વ્યવહારમાં અત્યાર સુધી જૂનાગઢ સ્ટેટે બતાવેલી ઉદાસીનતાથી સૌરાષ્ટ્રના બીજા ભાગમાં પણ તેની જાણ ઓછી છે, તો પછી સમસ્ત હિંદુસ્તાનની આમજનતાને તેની જાણ ક્યાંથી જ હોય? કાઠિયાવાડનું એકમ થતાં હાલમાં થોડા માસથી સોરઠ સરકારે તુલસીશ્યામ જતા પ્રવાસીઓની સગવડ સાચવવા ઊનાથી એક મોટરબસ રોજ નિયમિત ચાલુ કરી છે. પરંતુ રસ્તો તદ્દન કાચો અને ખેતરાઉ હોઈ, તેમજ રસ્તામાં નદીનાળાં આવતાં હોઈ, ચોમાસાના ચાર માસ તો તે સગવડ પણ બંધ રહે છે. પરિણામે ત્યાં રહેતાં જૂજ માણસોનો તે દરમ્યાન બધો વ્યવહાર કપાઈ જાય છે.

તુલસીશ્યામના પ્રવાસીને ચોમાસા બાદ શરદ ઋતુથી વસંત-ઋતુ સુધીનો કાળ બહુ જ અનુકૂળ થાય છે, કારણકે તે દરમ્યાન ત્યાંની આબોહવા ખુશનુમા હોય છે અને સમૃદ્ધ ગીરના સૃષ્ટિ-સૌંદર્યનો અણમોલ લાભ મળે છે. પ્રવાસીએ જૂનાગઢથી વહેલી સવારે પાંચ વાગે ઊપડતી ઊના લાઈન પરની ટ્રૉલી મારફત મુસાફરી કરવાની હોય છે. ટ્રૉલીને માત્ર બે જ ડબા રહેતા હોવાથી મુસાફરોની હમેશાં બહુ ભીડ રહે છે. જેથી ડબાની એકાદ બારી પાસે સહેજે જગ્યા મળી જાય તો જ વહેલી સવારે ગીરની ગોદમાં ચાલતી ટ્રૉલી અને પ્રભાતની ખુશનુમા હવા સાથે બહારનાં રમ્ય દૃશ્યો જોવાની મજા માણી શકાય. ટ્રૉલી જૂનાગઢથી બીલખા, તલાળા, પ્રાચી, જામવાળા ને મઢડા થઇ ઊના લગભગ સવારના ૧૧ વાગ્યે પહોંચે છે. ટ્રૉલી ઊનાથી એક સ્ટેશન આગળ દેલવાળા સુધી જાય છે અને ત્યાંથી


ફરી બપોરના ૧ વાગ્યે પાછી ફરીને રાત્રે લગભગ ૯ વાગ્યે જૂનાગઢ પહોંચે છે.

તુલસીશ્યામ જનાર પ્રવાસીએ ઊના સ્ટેશને ઊતરી, ત્યાં સામે જ હનુમાનનું મંદિર છે ત્યાં જઈ, નાહી ધોઇ આરામ કરવો હોય તો ત્યાં બધી સગવડ મળી રહે છે. તુલસીશ્યામની બસ સ્ટેશનેથી જ સાંજે ૪ વાગ્યે જતી હોઈ, મુસાફરોને આરામ કરવાને તેમજ ઊના શહેર જોવાને પણ એકાદબે કલાક ખુશીથી મળી રહે છે. શહેરમાં જવું હોય તો સ્ટેશનેથી જ ટાંગાની વ્યવસ્થા મળી રહે છે, જે છેક શહેરના મધ્ય ચોકમાં ૪થી૮ આના સુધી ભાડું લઇ મૂકી આવે છે. વળી મોટરબસ રેલવેની વ્યવસ્થા નીચે જ ચાલતી હોઇ સ્ટેશનેથી જ ટિકિટ મળે છે. એક બસ ઊનાથી જાફરાબાદ સુધી પણ જાય છે. તુલસીશ્યામ જતી બસ બરાબર સાંજના ૬॥ વાગ્યે પહોંચી ત્યાં મંદિરની બાજુમાં જ પાછલા ભાગમાં ઊભી રહે છે, અને બીજે દિવસે સવારે ૭વાગ્યે ફરી તે જ બસ તુલસીશ્યામથી ઊના નિયમિત જાય છે.

તુલસીશ્યામ ગીરના સમૃદ્ધ ડુંગરાઓની ખીણમાં આવેલું હોઇ તેવી ભવ્યતાનો ખ્યાલ આપણે છેક નજીક જઈએ નહિ ત્યાં સુધી આવી શકતો નથી. મંદિરની ચારે પાસ ફરતી પરસાળ ઉપરાંત ગૌશાળા, અતિથિગૃહ, કોઠાર તથા મહંત, પુજારી તેમજ ત્યાંની વ્યવસ્થાને અંગે રહેતાં માણસોની સગવડ પૂરતાં મકાનો છે. બહાર મોટું ચોગાન ને ફરતી દીવાલો તથા ધર્મશાળાઓ છે. યાત્રીઓ ખાવાપીવાનું સીધુંસામગ્રી મંદિર હસ્તક ચાલતા કોઠારમાંથી ખરીદ કરી શકે છે અને પાગરણ, ઠામવાસણ, બત્તી વગેરેની સગવડ ત્યાંની વ્યવસ્થા તરફથી મળે છે.

બહારનું મોટું ચોગાન ઓળંગ્યા બાદ મંદિરમાં પ્રવેશ કરવાના બે દરવાજા છે જે, હિંસક પ્રાણીઓના ત્રાસનો સંભવ હોઇ, સાંજે આરતી થયા બાદ બંધ કરી લેવાય છે, અને વહેલી સવારે ફરી ઊઘડે છે. ત્યાંના જાણુક રહેવાસીઓનું કહેવું છે કે વાઘ અને સિંહ-દીપડા વગેરેનો ત્રાસ માત્ર જનાવરો પર જ વધુ હોય છે. ગાયો તેમજ નાનાં વાછરડાંને સાંજ પહેલાં જ સલામત સ્થળે પૂરી રાખવાં પડે છે. કોઈકોઇ વખત તો ૧૦ થી ૧૨ ફૂટની દીવાલ કૂદીને વાઘ-દીપડા જનાવરોને નુકસાન કરી ગયાના દાખલા બન્યા છે.


મોટા મંદિરની દક્ષિણે ઊના પાણીના સાત કુંડ આવેલા છે, જેમાંના છ કુંડનો ઉપયોગ સવર્ણોના નહાવાધોવા તથા પીવાના પાણી



મંદિરનું બહારથી દૃશ્ય : આજુબાજુ અતિથિગૃહ, ગૌશાળા વગેરે મકાનો સાથે



ઉપર: તુલસીશ્યામના મંદિરના પ્રવેશદ્વારની અંદરનો ચોક તથા મંદિરનો મુખભાગ;
નીચે: હારબંધ બાંધેલા ગરમ પાણીના ૬ કુંડ: જેની બાજુમાં પ્રાચીન જીર્ણ મંદિર છે.





ડાબી બાજુ: તુલસીશ્યામમાંની 'શ્યામ'ની મુખ્ય પ્રતિમા. એનો પત્થર તથા મૂર્તિવિધાન દ્વારકા તથા ડાકોરનાં મંદિરોની મૂર્તિઓને મળતાં છે. આ સ્કેચ ચાલુ વસ્ત્રાલંકાર સાથેનો છે. જમણી બાજુ: 'ભીમચાસ' જ્યાં બે મોટી શિલાઓ વચ્ચેની ફાટમાંથી અસ્ખલિત જલપ્રવાહ વહે છે.




તરીકે થાય છે. સાતમો કુંડ હરિજનો માટે અલાયદો રાખ્યો છે. કુંડની બાંધણી નદીના સુંદર ઘાટ જેવી શોભીતી કરી છે. કુંડ લગભગ ૧૫૦ ફૂટ લાંબો, ૫૦ ફૂટ પહોળો અને ૪ાા ફૂટ ઊંડો છે, જેમાં વચ્ચે પત્થરનાં બેલાં મૂકી ૬ ભાગ બનાવવામાં આવ્યા છે.

કુંડની બાજુમાં જ એક જીર્ણ મંદિર છે. મુખ્ય મંદિરની સામે જ પૂર્વ દિશામાં લગભગ ૧૦૦૦ ફૂટની ઊંચાઇએ ટેકરી પર રુકિમણી માતાનું મંદિર છે, ને સાંજ-સવારની મોટા મંદિરની આરતી વેળા મોટા મંદિરના એક ગોખમાંથી તેની પણ આરતી થાય છે.

ઉત્તરે મંદિરની જરૂરિયાત પૂરી પાડતો ફળફૂળનો બગીચો તેમજ તુલસીનું નાનું વન છે અને મુખ્ય મંદિરથી લગભગ ત્રણ માઈલ દૂર ગીચ ઝાડીમાં ભીમચાસ નામનું એક રમ્ય સ્થળ આવેલું છે. એને વિષેની દંતકથા બધે હોય છે તેવી અહીં પણ ચાલે છે કે પાંડવો અહીં વનવાસ કરતા હતા ત્યારે પાણીની જરૂર પડતાં ભીમે મોટા પત્થરને લાત મારી, તેથી તે પત્થરની બે ફાડ પડી ગઈ અને ત્યારથી તેમાંથી અસ્ખલિત પાણી વહ્યા કરે છે. ત્યાં સુંદર ઝરણાં, આંબાજાંબુનાં વૃક્ષો, કુન્તા માતાનું નાનું મંદિર, તથા ચાર છ સાધુઓ જે હમેશાં ત્યાં રહે છે તેને રહેવાના ઝૂંપડાં, તેમજ એક નાનકડો બગીચો પણ છે. ભીમચાસની આજુબાજુ લગભગ બેએક માઇલને અંતરે ગીરમાં રહેતા માલધારીઓના જુદાજુદા નેસ આવેલા છે, જેઓ ગીરના વાઘ-સિંહને યે હંફાવે તેવી ભેંસોનાં ટોળાં વચ્ચે અંધારી રાત્રે પણ ગીરની કંદરાઓમાં પડ્યાપાથર્યા રહે છે અને ઠેઠ જૂનાગઢ સુધી ઘીદૂધ પૂરાં પાડે છે.



'ભીમચાસ' પર આવેલું કુન્તામાતાનું મંદિર



જમણી બાજુ: સૌરાષ્ટ્રના દક્ષિણ પ્રાંતે જૂનાગઢની નજીક, ઝીણાં ટપકાંથી દર્શાવેલા ગીર પ્રદેશના મધ્યમાં આવેલા તુલસીશ્યામનું સ્થળ તથા ત્યાં પહોંચવા માટે આ લેખની શરૂઆતમાં જણાવેલા માર્ગનો નકશો.

પત્રમિત્ર વિભાગ તથા ફોટોગ્રાફી હરીફાઈ

એ બંને વિભાગો માટે વિવિધ પૂછપરછના અનેક પત્રો અમને ચાલુ મળ્યા કરે છે. એ બંનેના નિયમો વિગતવાર ગયા (ફેબ્રુઆરી) અંકમાં પ્રકટ થયા છે. વિશેષમાં સૂચવવાનું કે બધી પૂછપરછને અંગે જવાબી પોસ્ટેજ મોકલ્યું નહિ હોય તો ઉત્તર આપવાનું નહિ બને. લેખ તથા ચિત્રસામગ્રી મોકલનારાઓએ પણ જવાબ માટે, અગર તે ન સ્વીકારાયે પાછું મેળવવા માટે, જરૂરી પોસ્ટેજ મોકલવું આવશ્યક છે. વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર કરનારાઓએ પોતાનો ગ્રાહકનંબર અવશ્ય લખવો. કોથળી ઉપર તે હોય છે

હિંદનો ભવ્ય કલા-વારસો

દિલ્હીમાં ચાલતું હિંદી કલાનું મહાપ્રદર્શન

હિંદની પ્રજાના ઇતિહાસમાં કળા હમેશાં ગૌરવવંતા સ્થાને વિરાજતી રહી છે. અને તવારીખી ઇતિહાસના અવશેષો મળે છે ત્યાં સુધી જોતાં તો લાગટ છેલ્લાં બે હજાર વર્ષથી હિંદે શિલ્પ-સ્થાપત્ય અને ચિત્રકળા, ધાતુ-કામ અને કાપડકલા તથા બીજી પ્રકીર્ણ અનેકવિધ સહકલાઓમાં પ્રબળ સર્જનાત્મક પ્રતિભા દાખવી છે. છેલ્લી અરધી સદીથી ભારતની પ્રજાનો આ ભવ્ય કલા-વારસો પશ્ચિમ તેમજ હિંદના લોકોનું ફરીથી પાછો ધ્યાન ખેંચતો થયો છે; અને એના પરિણામે, પશ્ચિમના લોકોને હિંદની કલાસમૃદ્ધિનો ખરો ખ્યાલ આપવા માટે, ગયે વર્ષે ઇંગ્લંડની અગ્રણી અને પ્રતિષ્ઠિત કલાસંસ્થા 'રૉયલ ઍકેડેમી'એ હિંદી કલાના લાક્ષણિક અને ચુનંદા નમૂનાઓનું એક પ્રદર્શન ભરેલું. અગાઉ ૧૯૩૧ ને ૧૯૩૫માં લંડનમાં ઈરાની તથા ચીની કળાનાં એવાં પ્રદર્શનો ભરાએલાં અને સારો લોકાદર પામેલાં, એથી પ્રેરાઇને પણ ત્યાં આ પ્રદર્શન ભરવાનો પ્રસ્તાવ થયો.

પરિણામે, હિંદી સરકારની સહાયથી હિંદભરનાં મોટાંમોટાં મ્યૂઝિયમોના કલા-સંગ્રહો તથા શ્રીમંતો અને રાજાઓના અંગત કલાભંડારોમાંથી વીણી-વીણીને શિલ્પ, ચિત્ર, કાંસ્યમૂર્તિઓ, માટીમૂર્તિઓ, કાપડકલા, ગાલીચા, રત્નકામ, શસ્ત્રાસ્ત્રો આદિના હજારેક નમૂનાઓ, ૨૩૯ જંગી ખોખાંઓમાં પૅક કરીને ઇંગ્લંડ લઈ જવામાં આવ્યા, જેનું વજન લગભગ ૧૦૦ ટન જેટલું થવા જતું હતું! એ મહામૂલાં કલારત્નોની સુરક્ષિત સફર માટે ઇંગ્લંડથી એક ખાસ લડાયક જહાજ આવેલું. ઇ. ૧૯૪૭ની ૨૯મી નવેમ્બરથી ૧૯૪૮ની ૨૯મી ફેબ્રુઆરી સુધી લાગટ ત્રણ માસ એ પ્રદર્શન લંડનમાં ચાલુ રહેલું ને લગભગ સવા લાખ પ્રેક્ષકોએ એનો લાભ લીધેલો.

એ પ્રદર્શન પૂરું થઇને ગયા વર્ષની અધવચ્ચે એ નમૂના હિંદ પાછા આવ્યા એ દરમ્યાન તો અહીં પણ દેશભરમાં એ કલાકૃતિઓ માટે રસ જાગૃત થયો હતો. તેથી એ તક ઝડપી લઇને મધ્યસ્થ સરકારના શિક્ષણ ખાતાએ, તેને સૌસૌને સ્થાને સોંપતાં પહેલાં, આટલા મોટા ખર્ચે એકઠાં કરેલાં એ બેનમૂન કલા-રત્નોનું હિંદી પ્રજાના લાભાર્થે દિલ્હીમાં ગયા નવેમ્બરથી ડિસેમ્બર આખર સુધી પ્રદર્શન ભર્યું; અને તે એટલું લોકપ્રિય થયું કે તે મુદત આ માર્ચ માસની આખર સુધી લંબાવી છે.

હિંદી કલાની શ્રેષ્ઠ કૃતિઓના લગભગ હજારેક જેટલા ઉત્તમોત્તમ એ નમૂનાઓનો પૂરો ખ્યાલ આપવાને તો ગ્રંથો જોઇએ. પણ આ નીચે હિંદી કળાની આછી રૂપરેખા સાથે તેના સીમાસ્તંભરૂપ મુખ્ય મુખ્ય નમૂનાઓ આપવાનો પ્રયત્ન કર્યો છે. એ ઉત્કૃષ્ટ સમૃદ્ધિ નજરે જોયા પછી તો આ પ્રયત્ન અત્યંત પાંગળો લાગે છે. પણ હવે પછી 'કુમાર'ના અંકોમાં એ નમૂનાઓમાંથી ચૂંટીચૂંટીને ઉત્તમ કૃતિઓ તેની સમજણ સાથે આપ્યા કરવાની યોજના અમે વિચારી રાખી છે.

હિંદી કળાનો ઇતિહાસ આજથી ૫૦૦૦ વર્ષ પર સિંધુની ખીણમાં વિકસેલી મોહેં-જો-દડો ને હરપ્પાની નગરસંસ્કૃતિના મળી આવેલા અવશેષોથી શરૂ થાય છે. એ વખતનાં શિલ્પ આજે પણ સુંદર ને પ્રમાણબદ્ધ લાગે છે, ને ૫૦૦૦ વર્ષ પર પણ કેવું સુવિકસિત નાગરિક જીવન હતું તેની પ્રતીતિ થાય છે. (જુઓ નીચે: મોહે-જો-દડોની એક મુદ્રા ઉપરનું શિલ્પ.)



પણ આ તો ઇતિહાસ-પૂર્વના કાળના અવશેષો છે. હિંદના તવારીખી ઇતિહાસના કાલક્રમે જોતાં, આજે જૂનામાં જૂના કલા-અવશેષો ઇ. પૂર્વે ત્રીજી સદીના મૌર્ય સામ્રાજ્યકાળના મળે છે. અશોક પૂર્વેના કાળની એ વીર્યવંતી કળાના એક નમૂના તરીકે ચામરધારિણી યક્ષીની પૂર્ણ માનવકદની મોટી ને વજનદાર શિલ્પમૂર્તિનું ચિત્ર પાછલે પાને આપ્યું છે. મોહેં-જો-દડો અને એ શિલ્પની વચ્ચેનો બે હજાર વર્ષનો ગાળો પણ કલાત્મક સિદ્ધિ વિનાનો નહિ હોય.


તે પછી અશોકના સમયથી કળામાં નવચેતન અને પ્રેરણાનું પૂર આવે છે. બૌદ્ધ



૬ ફૂટ ને ૧૦ ઈંચ ઊંચાઇનો આ ભવ્ય વૃષભ દિલ્હી પ્રદર્શનની સર્વથી વિશિષ્ટ શિલ્પ-કૃતિ છે. અશોકના રાજ્યકાળમાં ૫૦ ફૂટ ઊંચા, ગોળ, લીસા સ્તંભ ઉપર શિર્ષક તરીકે એ શોભતો. ત્રીજી સદીના મૌર્યકાલીન શિલ્પનો એ ઉત્તમ નમૂનો છે, જેના પર દર્પણના જેવી ચમક છે. એ સમયમાં આવાં વિવિધ ધાર્મિક ચિહ્નો ઉપર લોકોને બહુ શ્રદ્ધા હતી, તેથી પ્રતીક રૂપે તે આલેખાતાં. વૃષભ એ ધર્મનો સૂચક છે, જેનો અર્થ છે ધારણાત્મક વ્યવસ્થા—જેના આધાર પર સૃષ્ટિ ને સમાજ અવલંબે છે. તેની સહાયથી જ માનવી પૃથ્વી ખેડી અન્ન પેદા કરે છે. આ વૃષભશિર્ષક જેવું અશોક-સ્તંભનું સિંહ-શિર્ષક આપણે હવે રાજચિહ્ન તરીકે ઠરાવ્યું છે.

ધર્મની ભવ્યતાના પ્રતીક રૂપ જે ઊંચા, લીસા, ચમકદાર અને મહાકાય ગોળ સ્તંભો અશોકે ઠેરઠેર ઊભા કરાવેલા તેના શિખર ઉપરનાં શોભન તથા પ્રતીકો અપ્રતિમ કલાના નમૂના છે. તેના લાક્ષણિક નમૂના રૂપ, બિહારમાં રામપૂર્વમાંથી મળી આવેલા એવા એક સ્તંભના શિખર પરનો, ૬ ફૂટ ૧૦ ઈંચનો આ ઉપર આપેલો વૃષભ, પ્રાણીશિલ્પમાં હિંદીઓ એ કાળે (ઈ. પૂર્વે ૨૨૪માં)યે કેટલા સિદ્ધહસ્ત હતા તે દર્શાવે છે. એવા જ એક

દિલ્હી પ્રદર્શનનું સર્વોત્તમ શિલ્પ: ચામરધારિણી યક્ષી: બિહારમાં દીદારગંજ પાસેથી મળી આવેલી, ઈ.સ.ની પહેલી સદીની, માનવ કદની સુંદર અને સપ્રમાણ, લીસી ઓપયુક્ત આ પાષાણ-મૂર્તિ આજથી બે હજાર વરસ પર પણ આપણી મૂર્તિકલા કેટલી સંપૂર્ણ વિકાસદશાએ પહોંચી હતી તે દર્શાવે છે. સુપુષ્ટ છતાં માધુર્યભર્યા આ શિલ્પના પત્થરને મૌર્ય શિલ્પીઓએ કોઇ અજ્ઞાત વિધિથી ઘૂંટીને એવો તો ઓપદાર બનાવ્યો હતો કે જેમાં અરીસાની પેઠે મોં જોઇ શકાય !



કરકરા લાલ પત્થરમાં, આજથી દોઢ હજાર વર્ષ પર પણ હિંદી શિલ્પીઓ ચહેરાના સુકોમળ ભાવ શિલ્પમાં ઉતારતા. આભામંડળમાંની કમળની ડિઝાઇનો તેમની શોભનશક્તિ દાખવે છે.

ઉપર: ડાબી બાજુથી (૧) ચામરધારિણી યક્ષી: જુઓ બાજુએ વર્ણન; (૨) બીજી સદીનું કુશાન રાજ્યકાળનું થાંભલા પરનું મથુરાનું લાલ પત્થરનું શિલ્પ; (૩) ગુપ્ત રાજ્યકાળમાં મથુરામાં પૂર્ણવિકાસે વિકસેલી શિલ્પકલાનો નમૂનો: પાંચમી સદીની લાલ પત્થરની બુદ્ધમૂર્તિ


સ્તંભ પરનું સિંહ-શીર્ષક આજે રાજચિહ્ન તરીકે શોભે છે.

એ દરમ્યાન હિંદમાં પ્રભુત્વ મેળવતા જતા બૌદ્ધધર્મના આશ્રયે, સારનાથ, ભારહુત ને સાંચી તથા દક્ષિણમાં અમરાવતીમાં ઈ.સ.ના પહેલા સૈકામાં જે સમૃદ્ધ કળા ખીલી તેમાં એ સમયના દેશ અને લોકસમાજની જીવંત ફોરમ ફોરી રહે છે. સચોટ નિરૂપણ, રેખા ઉપરનું પ્રભુત્વ, પ્રાણીજગતનો અનેરો પરિચય અને સ્ત્રીના રમણીય અવયવોમાં મુગ્ધ તલ્લીનતા, એ સાંચી અને અમરાવતીની કલાનાં વિશેષ લક્ષણો છે તે પછી મધ્ય એશિયામાંથી આવેલા જે કુશાણ લોકોએ મથુરામાં પોતાની રાજગાદી સ્થાપી તેમણે એ જ સાંચી અને ભારહુતના પ્રણાલિકાત ઉપર મહાન અને બળવતી કલાનું સર્જન કર્યું (જુઓ ચિત્ર). ને કલાસ્થાનક તરીકે મથુરાની પ્રતિષ્ઠા તો એટલી બધી વધી કે તેનાં શિલ્પો ઉત્તર અને પૂર્વમાં દૂરદૂર સુધી પહોંચેલાં.

પણ હિંદી કળા તેનાં સર્વ રૂપોમાં સમૃદ્ધિને શિખરે તો પહોંચવા લાગી ઈ. સ.ની ચોથી સદીમાં ગુપ્તવંશની સ્થાપના થઇ ત્યારથી. (જુઓ ઉપર બુદ્ધ મૂર્તિ) એ રાજ્યકાળમાં હિંદી કળાનો સૂર્ય મધ્યાહ્ને તપ્યો અને અજંતાની ગુફાઓ જેવી કલાની અટારીઓમાં હિંદી શિલ્પ-ચિત્રનો છસો-સાતસો વર્ષનો ઇતિહાસ અંકિત થયો.

ગુપ્ત સત્તાનો અસ્ત થતાં હૂણોના આક્રમણથી હિંદ નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયું. છતાં તે પછીના બીજીથી ૧૧-૧૨મી સદીના મધ્ય-યુગમાં પણ કલાનો સૂર્ય તપતો જ રહ્યો. ઉત્તરમાં રાજપુત સત્તાઓ વિકસી ને દક્ષિણમાં ચાલુક્ય, પલ્લવ, રાષ્ટ્રકૂટ ને ચોળ રાજકુળો જાહોજલાલીના શિખરે પહોંચ્યાં. ઉત્તરમાં જેમ ઓરિસ્સામાં ભુવને-

નીચે: અજંતાના કલામંડપોમાંના એક વિખ્યાત ચિત્ર 'પ્રણયોત્સવ'નું રેખાંકન. મૃદુ આંખ, સુકોમળ હાથ, યૌવનથી ખીલતા ચહેરા અને સુલલિત દેહલતા આલેખતી અજંતાની કલાસદા ગૌરવસ્થાને સોહે છે.





ગુજરાતમાં દાહોદ પાસેની નીકળેલી ૧૩મી સદીની કાળા પથ્થરની ચૈતન્યવંતી ગરુડ-મૂર્તિ.





ઈ. ૧૦૦૦ની તાંજોરની પાર્વતીની કાંસ્ય મૂર્તિ: દક્ષિણની લલિત ધાતુ-મૂર્તિ-કલાનું ઉદાહરણ.

ઉપર વચ્ચે: રસ, લાવણ્ય ને તાલબદ્ધતાની દૃષ્ટિએ હિંદી ચિત્રકળામાં સર્વોત્તમ ગણાએલી, ૧૮મી સદીની કાંગરા ચિત્રશૈલીનું મધુર ઉદાહરણ. જેમાં વર્ષાનાં વાદળ ચડી આવતાં એક રમણી ઉતાવળે ઘરમાં ચાલી જતી દર્શાવી છે. એનું લાલિત્ય જુઓ.

નીચે: દક્ષિણમાં ઐહોળે ખાતેના શિલ્પમાં આકાશચારી ગાંધર્વ યુગલ. શું ચિત્રમાં કે શું શિલ્પમાં, હિંદી કલાકારે માનવદેહના માધુર્યભર્યા સૌંદર્યની લાવણ્યમયી રેખાઓને પકડીને સદા આગળ કરી બતાવી છે.



શ્વર અને કોણારક, બુંદેલખંડમાં ખજુરાહો તથા ગુજરાતમાં આબુ ગિરનાર ને શત્રુંજયની મંદિર-કલાઓના અવશેષો તેની શાખ પૂરે છે, તેમ દક્ષિણમાં બાદામી અને અહીઓળે, ઇલોરા ને એલીફન્ટા, મહાબળિપુરમ્ ને હળેબીડ-બેળુરનાં મંદિરો તેની કીર્તિ ગાય છે.

એક રીતે જોતાં હિંદી કલાસિદ્ધિની પૂરી પરાકાષ્ઠા તો અજન્તાકાળમાં પણ પ્રાપ્ત ન થએલી. મહાબલિપુરમનાં એકશિલાઘટિત મંદિરો તથા એલિફન્ટા ને ઇલોરાનાં ગુફામંદિરોનાં ભાવપ્રાબલ્યવંતાં વેગપૂર્ણ શિલ્પો જ ઉત્તમોત્તમ કલાકૃતિઓ છે. મંદિર-રચનાના આ કાળ પછી રાગપૂર્ણ ને ઇન્દ્રિયલક્ષી શિલ્પનો જુવાળ આવ્યો—ખાસ કરીને ઓરિસ્સામાં ને ખાજુરાહોમાં. (જુઓ પૂઠા પરનું શિલ્પ); પણ ૧૪મી સદીના અંત સુધીમાં સર્જનાત્મક શિલ્પની પ્રેરણા મોટે ભાગે ઉત્તર હિંદમાં નષ્ટ થઇ ગઈ. પરંતુ દક્ષિણ હિંદમાં નટરાજ, સુંદરમૂર્તિ સ્વામી વગેરે શિવની વિવિધ કાંસ્યમૂર્તિ દ્વારા વ્યક્ત થતી સર્જનાત્મક શિલ્પકલા છેક ૧૭મી સદી સુધી ટકી.

પછી મુસ્લિમોના આક્રમણના દાબડા સંભળાયા અને દિલ્હીમાં કુતુબુદ્દીને કુવ્વત-અલ-ઇસ્લામની મસ્જિદથી હિંદની મુસ્લિમ કળાનો પાયો નાખ્યો; અને કુતુબમિનારના સાદા પણ ભવ્ય સર્જનથી થએલી શરુઆત મુઘલોએ ફતેહપુર સિક્રીનાં બેનમૂન સ્થાપત્યરત્નો તથા આગ્રાના જગવિખ્યાત તાજ સુધીની ટોચે પહોંચાડી. તેઓ સાથે જોકે મધ્યએશિયાની સંસ્કૃતિ અને ઈરાની કળાની પરંપરા પોતાની સાથેલાવેલા, છતાં હિંદમાં ચિત્ર ને સ્થાપત્યમાં તેમણે જે કળા પોષી ને ખીલવી તેમાં એક વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રકટ્યુ જે 'મુઘલ કળા'ના નામે

ઓળખાય છે(જુઓ સાથેનું ચિત્ર). એમનાં શાહી ચિત્રાલયોમાં હિંદુ ને રાજપુત કલાકારો પણ ઈસ્લામી કલાકારોની સાથોસાથ ગંગા-યમુનાના સંગમની માફક કલાસર્જન કરતા; ને શિલ્પ તથા ચિત્ર ઉપરાંત એ કાળનાં કાચ-કામ, કાપડછાપ ને ભરતકામ સુદ્ધાંમાં ઈસ્લામી ડિઝાઇનોમાં પણ હિંદુ ઊર્મિરૂપો ને રંગભભક પૂરી છટાથી ખીલી ઊઠેલાં જણાય છે.

૧૭મી સદીના અંતે મુઘલ ચિત્રકલાની અભિરુચિ ને ગુણવત્તામાં અવનતિ આવી. પણ ૧૮મી સદીની શરૂમાં બસૌલી સંપ્રદાયના ચિત્રકારોએ ભરપૂર રંગયોજનાવાળાં મનોહર ચિત્રો પાડવાં શરુ કરી દીધાં હતાં. પશ્ચિમ હિમાલયના પ્રદેશમાં તેમજ બીજે નવાંનવાં કલાધામો પાંગર્યાં. મુઘલ દરબારનું પ્રોત્સાહન બંધ પડતાં ચિત્રકારોએ એ પર્વત-પ્રદેશના રાજાઓનો આશ્રય શોધ્યો, ને મહાકાવ્યો, કથાઓ, પુરાણોના પ્રસંગો, રાગમાળા, નાયક-નાયિકાઓ વગેરેનાં હજારો ચિત્રો ચીતરાયાં. હિમાચલ ખીણમાં ફાલેલી એ શૈલીઓમાં કાંગરા શૈલીએ મુઘલ ચિત્રકલાની બધી સિદ્ધિઓ હસ્તગત કરી હતી, છતાં એ શ્રીમદ્ભાગવત અને ગીતગોવિન્દનાં ઊર્મિગીતો ને ભક્તિના વાતાવરણમાં મગ્ન હતી, અને તેથી મુઘલ શૈલીમાં જેનો સામાન્યત: અભાવ છે તે રસ અને તાલબદ્ધતા



રાજપુત ચિત્રકલાની પુરોગામી તરીકે જૈન, વૈષ્ણવ ને બીજા સંપ્રદાયોના ધર્મગ્રંથોમાં પશ્ચિમ હિંદમાં ને મુખ્યત્વે ગુજરાતમાં જે ચિત્રકલા ખીલેલી તેનો એક નમૂનો 'કૃષ્ણ ને ગોપ'.



શાહેનશાહ જહાંગીરનો દરબાર: મુઘલ ચિત્રકળામાં માનવસમૂહના આલેખનનો નમૂનો

એમાં ખૂબ જોવાંમાં આવે છે (જુઓ ચિત્ર). મધ્ય હિંદ અને રાજપૂતાનાનાં મુખ્ય રાજસ્થાનો—ખાસ કરીને બિકાનેર, જયપુર, જોધપુર, દતિયા, ઓરછા વગેરેનાં કલાસ્થાનો પણ એ કાળે પ્રવૃત્તિમય બની ગયાં હતાં અને છેક ૧૯મી સદીના પ્રથમ પાદને અંતે જ એ કલાકેન્દ્રો ક્ષીણ થવા લાગ્યાં. પરંતુ ૧૯મી સદીની અધવચ સુધીમાં તો હિંદી કલાના સર્જનાત્મક કાળનો અંત આવ્યો. પણ ત્યાર પછીના અર્ધા શતકના આરામને પરિણામે હિંદને પોતાના મહાકાર્યનો પાછો ખ્યાલ આવ્યો ને પોતાના ભાવિમાં પુનઃ શ્રદ્ધા પ્રગટી.

જગતના કલાત્મક વારસામાં હિંદે ૫૦૦૦ થી યે વધુ વર્ષ સુધી જે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેમાં હજી યે ફાળો આપવાની વિકાસમાન હિંદની શક્તિને સીમા નથી.

[ચિત્રો તથા લેખ સામગ્રી : દિલ્હી-પ્રદર્શનની પત્રિકાઓ, વ્યાખ્યાનો, આલ્બમો, ઉપરથી]

ચાર પાનાંના આ નાનકડા ફલક ઉપરની ટચુકડી રૂપરેખામાં દિલ્હીના હિંદી કળાના એ મહાપ્રદર્શનની રસસમૃદ્ધિનો અંશ પણ આપી શકાયો નથી. આમાં જે જે શૈલીનાં શિલ્પ-ચિત્રનો ઉલ્લેખ આવે છે તે સર્વનાં ચિત્રો આપવાનું યે બની શક્યું નથી. પણ અજંતા, સાંચી, ઈલોરા, એલીફન્ટા, સારનાથ, બેલુર વગેરેની શિલ્પકૃતિઓ તો વારંવાર 'કુમાર'માં આવી ગઈ છે. છતાં આ લેખને અનુસંધાને, આ અંકના પૂઠા ઉપરની મૂર્તિ, પાછલા પૂઠામાંનું હીરાભાગોળનું શિલ્પ આ અંકમાંના 'ગુજરાતનું સર્જન'વાળા લેખમાંના શિલ્પના નમૂના, અને છેલ્લે 'ચિત્રબોધ' વિભાગમાંની નવી ટપાલની ટિકિટો પરનાં રેખાંકનો પણ, વાચનમાં સહાયભૂત અને રસદાયક થઇ પડશે.

હીરા અને તેમની રાસાયનિક બનાવટ

★ લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ એમ. એસસી. પીએચ. ડી.

કુદરતમાં હીરા કેવી રીતે પેદા થાય છે એ આપણે ગયા હપતામાં જોઈ ગયા. એમાં વર્ણવેલું હીરાની ઉત્પત્તિ સંબંધીનું અનુમાન સાચું હોય તો હીરાની બનાવટમાં ખૂબ ગરમી અને દબાણની જરૂર પડે છે એમ ઠરે છે. પરિણામે, પ્રયોગશાળામાં હીરાની બનાવટ માટે પુષ્કળ સંશોધનને વેગ મળ્યો છે;ને ખાસ કરીને ફ્રાંસના વિખ્યાત રસાયનશાસ્ત્રી પ્રોફેસર મોઈઝાં (Moissan)એ પોતાની વીજળિક ભઠ્ઠીની શોધથી અતિશય ઉષ્ણતા પેદા કરવાની રીત શોધી કાઢવાથી તો હીરાની બનાવટની શોધખોળને ખૂબ ઉત્તેજન મળ્યું છે.

પ્રોફેસર મોઇઝાંની ભઠ્ઠીની રચના સાવ સાદી છે. ચૂનાના પથ્થર (limestone)માંથી ચોરસ યા લંબચોરસ ચોકી બનાવીને તેની સામસામી બાજુમાં કાર્બનના નળાકાર ઇલેક્ટ્રોડ દાખલ કરી, તેમાં વીજળીનો પ્રવાહ શરૂ થતાં, બંને ઈલેક્ટ્રોડને નજીક લાવતાં વીજળીની વક્ર લીટી (arc) પેદા થાય છે. જે વસ્તુ ગરમ કરવાની હોય તેને ચોકીની વચમાં વક્ર લીટીની નીચે રાખવાથી સખત ગરમી મળે છે. એમાં લગભગ ૩૫૦૦ ડિગ્રીની ઉષ્ણતા પેદા કરી શકાય છે.

હવે પ્રશ્ન એ ઉદ્ભવ્યો કે કઈ વસ્તુમાંથી હીરા બનાવવા. એનું નિરાકરણ તો હીરાનાં તત્ત્વો તપાસીને જ થઇ શકે. હીરા પર લગભગ બધા રાસાયનિક પદાર્થો અસર વિનાના છે. હવા વિનાના વાતાવરણમાં હીરાને ગરમ કરવાથી તે કાળો પડી જાય છે. હીરાને બાળવાથી તેમાંથી કાર્બોનિક ઍસિડ ગૅસ વાયુ (co) પેદા થાય છે; એ બતાવે છે કે હીરો કોલસાનું સ્ફટિકમય રૂપ હોવું જોઇએ. મોઇઝાંએ આ અનુમાનની સત્યતા તપાસવા શુદ્ધ કોલસાને વીજળીની ભઠ્ઠીમાં ગરમ કર્યો. પણ તેથી તો માત્ર ગ્રેફાઈટમાં તેનું રૂપાંતર થયું. પણ પછી અનેક પ્રયાસો બાદ નીચે આપેલી રીત અનુસાર ફ્રેંચ વિજ્ઞાની હીરા બનાવવામાં ફતેહમંદ થયા.

હીરા બનાવવા માટે પ્રથમ જરૂરિયાત લોહની પસંદગી છે. આ લોહ તદ્દન વિશુદ્ધ હોવું જોઇએ. તેમાં ગંધક, સીલિકોન, ફૉસ્ફરસ કે કોઇ ભેળસેળનો અંશ પણ ન હોવો જોઈએ. શુદ્ધ કરેલી સાકરને બાળીને બનાવેલા તદ્દન ચોકખા કોલસા (sugar charcoal) સાથે એવા લોહને, કોલસામાંથી બનાવેલી મૂસ(crucible)માં પેદા કરવામાં આવ્યો. પછી આ મૂસને વીજળિક ભઠ્ઠીમાં મૂકી ૭૦૦ ઍમ્પીઅર અને ૪૦ વોલ્ટના દબાણવાળો વીજળીનો પ્રવાહ વાપરીને ગરમી આપવામાં આવી. આ ઉષ્ણતાએ લોહ એકદમ પીગળી જાય છે અને કોલસો તેમાં ઓગળી જાય છે. કોલસાનું તત્ત્વ કાર્બન છે, એટલે કાર્બનનું તેમાં દ્રાવણ થવા માંડયું. થોડા સમય બાદ ઉષ્ણતા ૪૦૦૦ ડિગ્રી સેન્ટીગ્રેઈડ સુધી વધારવામાં આવી. આવી સખ્ત ગરમીને લીધે લોહ મીણની માફક ઓગળવા માંડયું અને લોહની બાષ્પના ગોટા ઊડવા માંડયા. એટલે વિજળીનો પ્રવાહ બંધ કરીને, આંખો આંજી નાખે એવી એ ધગધગતી મૂસને પાણીની સપાટી નીચે એટલો વખત ધરી રાખવામાં આવી કે લોહ લાલચોળ થઈ જાય. એ સુવિદિત છે કે પ્રવાહી સ્થિતિમાંથી ઘન અવસ્થામાં આવતાં લોહ કદમાં વધે છે. એકદમ ઠંડું પાડવાથી લોહનાં બહારનાં પડો ઘન થઇ જાય છે ને અંદરના પ્રવાહી લોહને બરાબર સકંજામાં પકડી રાખે છે. પછી અંદરનો પ્રવાહી ઘનરૂપ લેતાં વિસ્તરે છે એટલે પુષ્કળ દબાણ ઉત્પન્ન થાય છે. આ દબાણના ભારને લીધે લોહમાં દ્રાવણ થઈ ગએલો કાર્બન અત્યંત સૂક્ષ્મ પારદર્શક હીરાના સ્વરૂપમાં જુદો પડી જાય છે. કોલસાનું આ રૂપાંતર એ જ હીરા—ગુણ અને સ્વરૂપમાં કુદરતી હીરા જેવા જ હીરા.

પછી હીરા જુદા પાડવાની ક્રિયા કરવામાં આવે છે. ઉપરનો લોહનો ગઠ્ઠો નાઇટ્રિક અને હાઇડ્રોક્લોરિક ઍસિડમાં ઓગળી જાય ત્યાં સુધી રાખવામાં આવે છે. બાકી રહેલા ભાગમાં મોટે ભાગે ગ્રેફાઈટ, કાર્બન, કાળા હીરા અને પારદર્શક સફેદ પાસાદાર હીરાના ઝીણા દાણા આવેલા હોય છે. આ મિશ્રણને કેટલાક કલાકો સુધી ગંધકના તેજાબ સાથે ગરમ કરવામાં આવે છે. એ ક્રિયા દરમિયાન સાવચેતીપૂર્વક સુરોખાર ઉમેરવામાં આવે છે. પછી તેને પાણીથી બરાબર ધોઇ નાખે છે. આ ક્રિયા ૬–૮ વખત કરવામાં આવ્યા બાદ જે દાણા રહે તેને સૂક્ષ્મદર્શક યંત્રમાં તપાસતાં તે પાસાદાર સ્ફટિક હીરા માલૂમ પડે છે. આવી રીતે પ્રયોગ શાળામાં તૈયાર કરેલો મોટામાં મોટો હીરો ૦·૭ મીલીમીટરનો હતો. આનાથી વિશેષ મોટા હીરા બનાવવાનો પ્રયત્ન નિષ્ફળ થયેલ છે. પ્રોફેસર મોઈઝાંના આ પ્રયોગનું ક્રૂક્સ, બારોઝા, રફ ઇત્યાદિ વિજ્ઞાનીઓએ સફળ પુનરાવર્તન કરી બતાવ્યું છે (૧૯૧૭).

કાળા યા ભૂરા રંગના હીરા કારબોનાડો યા તો બોર્ટ તરીકે ઓળખાય છે અને હીરા તરીકે તેમની કિંમત તદ્દન નજીવી ઉપજે છે. પરંતુ બોર્ટ પુષ્કળ કઠણ હોય છે, એટલે તેનો ઉપયોગ પત્થર કાપવાની સારડી, ટંગ્સ્ટન ધાતુના તાર ખેંચવાની ડાઈ, ઈત્યાદિ કામમાં થાય છે. આ બોર્ટનો ભૂકો હીરાને પૉલિશ કરવા કે તેના પાસા પાડવાના ઉપયોગમાં પણ લેવાય છે.

હીરા, માણેક, નીલમ, પન્ના વગેરે ઝવેરાત હજારો વર્ષથી લોકપ્રિય થઈ પડેલાં છે. એ લોકપ્રિયતાનાં કારણો તપાસીએ તો જણાશે કે એ ઝવેરાતની સુંદરતા એ એક કારણ છે; બીજું કારણ કાંઇક અંશે પ્રજાની માન્યતાઓ છે. અજ્ઞાન લોકો આ અને બીજા એના જેવા ઝવેરાતમાં અખૂટ શક્તિ હોવાનું માને છે. આપણે જાણીએ છીએ કે આપણી અજ્ઞાન પ્રજા, અને કાંઈક અંશે સમજુ પ્રજાવર્ગ પણ, ગ્રહોની મનુષ્ય પર ખૂબ અસર થાય છે એમ માને છે, ને એ નિવારવા તનતોડ મહેનત કરે છે. કોઇ માને છે કે પોતાને શુક્ર નડે છે, કોઈ પોતાને બુધ નડતો હોવાનું માને છે, કોઇને રાહુ નડે છે; અને એ નડતરનો નાશ કરવા વીંટીઓમાં શુક્ર, બુધ, મંગળ વગેરેનાં નંગ પહેરે છે.

હિંદમાં મોટે ભાગે સ્ત્રીઓ ઘરેણાં ખૂબ પહેરે છે. મદ્રાસ ઈલા-



હીરાની રાસાયનિક બનાવટ માટે પ્રો. મોઈઝાંએ શોધેલી વીજળિક ભઠ્ઠી

કામાં તો પુરુષો પણ ઝવેરાત પહેરે છે, અને કાનની બુટ્ટી તો લગભગ બધા પુરુષો પહેરે છે. હીરાનો વેપાર મદ્રાસમાં ધમધોકાર ચાલે છે. હીરામાં અખૂટ શક્તિનો ખજાનો હોવાની લોકોમાં માન્યતા છે. હીરામાં કેટલી અખૂટ શક્તિ છે તેનો ખ્યાલ આપતું એક વૃત્તાંત મેન્ડીવીલી નામના એક મુસાફરે ૧૪મા સૈકામાં કરેલી પોતાની હિંદની મુસાફરીમાં નીચે પ્રમાણે આપ્યું છે, તેમાંથી હીરા સંબંધે પ્રવર્તતી માન્યતાનો કાંઈક ખ્યાલ આવે છે.

'જે માણસ હીરો પહેરે છે તેનામાં મનુષ્યત્વ અને તાકાત ઉત્પન્ન થાય છે. તેના શરીરનાં અંગોને નુકસાન થતું નથી. હીરો યુદ્ધ તેમજ શાંતિકાળમાં માણસના દુશ્મનોને મ્હાત કરે છે. જો હીરો પહેરનારનું ધ્યેય સાફ હોય તો જે હીરો પહેરે છે તેનું મન શુદ્ધ રહે છે. વળી હીરાથી કજિયાકંકાસ, તોફાનો થતાં નથી કે

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા 'આપણી વનસ્પતિ': હપતો ૨૫મો

અરડૂસી

લેખક: પ્રો. **જયંતીલાલ દે. ઓઝા**
એમ. એસસી.



ધરવૈદામાં સમાજમાં બહુ ઉપયોગી ગણાતી આ ઔષધીય વનસ્પતિને સંસ્કૃતમાં અરૂસ, વાસક અને સિંહમુખી, હિંદીમાં અડૂસા ને વાસક તથા મરાઠીમાં અડૂસા અને વાસુક કહે છે. અંગ્રેજીમાં તે 'Malabar Nut-Tree' નામે ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ 'આધાતોડા વાસીકા' ('Adhatoda Vasica' Nees.)

હિંદ, સિલોન અને મલાયા તેનાં ઉત્પત્તિસ્થાન. હિંદમાં બધે તે ઊગે છે અને હિમાલયમાં ૪૦૦૦ ફીટ ઊંચાઈ સુધી થાય છે.

અરડૂસીનો છોડ ૪ થી ૮ ફીટ ઊંચો ઊગે છે. તેના થડ પર લાંબી, સામસામી ગોઠવાએલી અને ઊંચે ચડતી ઘણી શાખાઓ હોય છે. તેની છાલ પીળી અને લીસી હોય છે. તેનાં પાન શાખાઓ પર સામસામાં ગોઠવાએલાં, ૦॥ થી ૧ ઈંચ લાંબી દાંડીવાળાં, ૫ થી ૮ ઈંચ લાંબાં અને ૧॥ થી ૨॥ ઇંચ પહોળાં, વચમાં પહોળાં પરંતુ ટોચે તેમજ તળિયે સાંકડાં થતાં, લાંબી અણીદાર ટોચવાળાં થાય છે. નાનાં હોય ત્યારે તે આછી રૂંવાટીવાળાં પરંતુ મોટાં થતાં લીસાં થાય છે. શાખાના જે ભાગમાંથી પાન નીકળે છે તે ભાગ ઉપસેલો હોય છે.

અરડૂસીનાં સફેદ ફૂલ બેસવાનો સામાન્ય સમય તો ઑગસ્ટથી નવેમ્બર અગર ડીસેમ્બર માસ; પરંતુ ફેબ્રુઆરીની આખર સુધી તે પર ફૂલો જોવામાં આવે છે. ફૂલમણિની સફેદ પાંખડી પર અંદરની બાજુએ નાની ક્ષીટી જેવાં થોડાં ગુલાબી છાંટણાં હોય છે. ફૂલો શાખાઓના છેડે ૧॥ થી ૪ ઇંચ લાંબી દાંડી પર ઘટ્ટ સમૂહમાં આવેલાં હોય છે. દરેક ફૂલ દાંડીરહિત અને ઉપપત્રવાળું હોય છે. અરડૂસીનાં ફળ ૩/૪ થી ૧/૨ ઈંચ લાંબાં અને ૧/૩ ઇંચ પહોળાં હોય છે. તેમાં ૪ લંબગોળ બીજ હોય છે.

અરડૂસીનાં પાનમાંથી ઉપયોગી પીળો રંગ નીકળે છે. તેની ઔષધીય ઉપયોગિતા તો હિંદમાં ઘણા જૂના સમયથી પ્રસિદ્ધ છે. તેમાં અનેક ગુણ રહેલા છે. તેનો ઉપયોગ અતિસાર, મરડો, ઉલટી, ત્રિદોષ, તાવ, પિત્ત, હરસ, કમળો, કોઢ, રક્તપિત્ત, પ્રમેહ, અરૂચી, નેત્રરોગ, આંચકી, સંધીવા, સોજા વગેરે અનેકવિધ રોગો ઉપર થાય છે; તેમાં યે ખાસ કરીને ખાંસી, દમ, કફ અને ક્ષયમાં તો તે અસરકારક ઔષધ ગણાય છે.

આયુર્વેદમાં અરડૂસીનાં પાન, મૂળ અને ફૂલનો ઉપયોગ શરદી, કફ, ખાંસી અને દમના વ્યાધિમાં સારા પ્રમાણમાં સૂચવ્યો છે. તેનાં પાનનો રસ આદુ તથા મધ સાથે મેળવી ૦॥ થી ૧ ઔંસના પ્રમાણમાં અપાય છે. તેનાં પાનનો કવાથ તેમજ તેનાં સૂકાં પાનનો ભૂકો જૂની ઉધરસ અને દમ પર અસરકારક કામ આપે છે. દમમાં અરડૂસીના પાનની બીડી બનાવીને પણ પવાય છે. દક્ષિણ હિંદમાં અરડૂસીનાં પાનનો રસ અતિસાર અને મરડામાં અપાય છે. મ્હૈસૂરમાં તેનાં પાનનો ભૂકો મૅલેરિયા તાવ પર અપાય છે. ઉત્તર હિંદ તેમજ બ્રહ્મદેશમાં સંધિવા, સોજા અને ચસકામાં અરડૂસીનાં પાનની પોટીસ બંધાય છે. તેનાસરીમ પ્રાંતમાં અરડૂસીનાં પાન સોજા, માથાના દુખાવા અને નાકમાંથી લોહી વહેવા પર ચોપડાય છે, અને તાવ, ઉલટી, દમ તથા અતિસારમાં તેનો રસ પવાય છે. લંકામાં તેનો ઉપયોગ કફ અને અત્યાર્તવમાં થાય છે. ચરક, વૈદ્યવિનોદ અને રસરત્નાકર સર્પદંશ ઉપર અરડૂસીનો ઉપયોગ સૂચવે છે: અરડૂસીનાં તાજાં મૂળ, છાલ ને પાન વાટી સર્પદંશ પર ચોપડે છે, તાજાં પાનનો રસ પવાય છે ને તાજાં મૂળ અને છાલનો કવાથ પીવા માટે આપવામાં આવે છે. પરંતુ મ્હેરકર અને કાયસના સંશોધન અનુસાર અરડૂસીનો કોઈ ભાગ સર્પદંશ ઉપર ઉપયોગી જણાયો નથી.

અરડૂસીનાં પાનમાં જંતુનાશક ગુણ રહેલા છે. તે નાનાં જીવજંતુઓનો નાશ કરે છે અને બીજા છોડ ઉપર જીવનારી—પરોપજીવી વનસ્પતિનાં વિકાસને અટકાવે છે. વળી અરડૂસીનાં પાનનો 'આલ્કોહોલિક' કવાથ માખી, ચાંચડ, મચ્છર, કાનખજૂરા અને બીજાં જીવડાંનો નાશ કરે છે.

અરડૂસીનાં પાનનું રાસાયનિક અન્વેષણ કરતાં તેમાં એક ઊડણ તેલ તેમજ 'વાસીસીન' (Vasicine) નામનું રાસાયનિક તત્ત્વ માલૂમ પડ્યું છે. આ તત્ત્વના રાસાયનિક બંધારણ તેમજ ઔષધીય ગુણ વિષે ખૂબ સંશોધન થયું છે. તે અનુસાર અરડૂસીનાં પાનમાં રહેલું તત્ત્વ કફ, શરદી ને દમમાં અસરકારક કામ કરે છે, પરંતુ ક્ષય પર તે બીનઅસરકારક માલૂમ પડ્યું છે.

ખરાબ સ્વપ્નાં આવતાં નથી, દુઃખ પડતાં નથી ને ભૂતપ્રેતની અસરોનો તે નાશ કરે છે.' મેન્ડીવીલીએ એક બીજો પણ વૃત્તાંત લખ્યો છે. જેના ઉપરથી ૧૪મા સૈકામાં હીરાની કસોટી કેવી વૈજ્ઞાનિક રીતે થતી તેનો ખ્યાલ આવે છે. તે વખતના હિંદીઓને હીરા સંબંધી સંપૂર્ણ જ્ઞાન હતું એમ આથી પુરવાર થાય છે:

'લોકોએ હીરાની કસોટી નીચે પ્રમાણે કરવી (૧) પહેલાં હીરો લઇ તેને માણેક, પન્ના વગેરે ઝવેરાત ઉપર ઘસવો. જો હીરાથી માણેક વગેરે ઉપર આંકા પાડી શકાય તો હીરો ખરો છે એમ માનવું. (૨) બીજી રીત એ છે કે લોહકાંત (loudstone) લેવો, જે સોયને આકર્ષે છે. પછી એ લોહકાંત ઉપર હીરાને મૂકીને લોહકાંત પાસે સોયને લઈ જતાં લોહકાંત સોયને આકર્ષી નહિ શકે.'

હીરો વૈજ્ઞાનિક જગતમાં સૌથી કઠણ વસ્તુ ગણાય છે. તે બીજી વસ્તુઓ પર કાપા પાડી શકે છે અને એના ઉપર બીજી કોઇ પણ વસ્તુ કાપા પાડી શકતી નથી એ પુરવાર થયું છે, એટલે ઉપર દર્શાવેલી પહેલી કસોટી વૈજ્ઞાનિક છે. બીજી કસોટી પણ વૈજ્ઞાનિક છે. પ્રખ્યાત હિંદી વિજ્ઞાની સર રામને પુરવાર કર્યું છે કે હીરો, કાર્બનના બીજા પ્રકારો અને કાર્બનના કેટલાક સંયુક્ત પદાર્થો લોહચુંબક સમક્ષ લાવવામાં આવે તો લોહચુંબક પર વિરોધી (repulsive) અસર કરે છે. આ પદાર્થો Dia magnetic કહેવાય છે. સર રામન થોડાં વર્ષો થયાં હીરાઓ ઉપર અને તેમાં ખાસ કરીને હીરાની સ્ફટિક-રચના પર ખૂબ સંશોધન કરી રહેલા છે. તેમણે બતાવી આપ્યું છે કે હીરો કાર્બનનું સુંદર સ્ફટિકમય રૂપાંતર છે. તેમની પાસે અત્યારે અનેક જાતના હીરાનો મોટો સંચય છે, જેનો ઉપયોગ તેઓ સંશોધન માટે કરે છે.

સાચો હીરો કાર્બનનું સ્ફટિકમય રૂપાંતર છે. મોઈસાંએ બનાવેલ હીરા પણ સાચા હતા. સાચા હીરામાં માત્ર કાર્બન જ હોય છે. પણ આજકાલ બજારમાં 'ઇમીટેશન હીરા' ખૂબ વેચાય છે. તેમાં અંશ માત્ર કાર્બન હોતો નથી. તેઓની બનાવટ એક જાતના ભારે ચકચકિત કાચમાંથી કરવામાં આવે છે. સાચા અને ઇમીટેશન હીરાને ઓળખવા રેડિયમ ખૂબ ઉપયોગી થાય છે. રેડિયમની હાજરીમાં અંધારામાં સાચો હીરો ફૉસ્ફરસની માફક તેજ આપે છે; ઈમીટેશન હીરાને એવું તેજ સાંપડતું નથી. હીરા સિવાય અન્ય રત્નોની બાબતમાં પણ કુદરતનું અનુકરણ પ્રયોગશાળામાં વિજ્ઞાને સિદ્ધ કર્યું છે અને આજે નીલમ તથા માણેક બનાવવાનો ઉદ્યોગ પૂર જોશમાં ચાલે છે. આ બનાવટોનું રાસાયનિક બંધારણ કુદરતી નમૂનાઓ પ્રમાણે જ હોય છે. જેમ હીરો બનાવવા માટે શુદ્ધ કોલસાની જરૂર છે, તેમ આ બનાવટમાં શુદ્ધ ઍલ્યુમીનિયમ ઑક્સાઈડની પ્રાથમિક જરૂરિયાત છે. પછી તેમાં યોગ્ય પ્રમાણમાં બીજા પદાર્થો મેળવીને ખૂબ સખ્ત ગરમી આપવાથી નીલમ-માણેક બનાવી શકાય છે. ટૂંકમાં, જો કે મોટા પાયા પર હીરા બનાવવામાં વિજ્ઞાન હજી સુધી નિષ્ફળ નીવડ્યું છે છતાં એવાં બીજાં રત્નો મોટા પાયા પર બનાવવામાં તો તે કુદરતનું અનુકરણ આબાદ કરી શક્યું છે.

માણેક બ્રહ્મદેશમાં–ખાસ કરી માંડલેમાંથી અને સિયામમાંથી મળી આવે છે. રંગે તે ખૂબ ચમકદાર લાલ રંગનાં હોય છે. એને જ મળતાં આસમાની રંગનાં રત્નો સિયામમાંથી નીકળે છે તેને નીલમ કહે છે. એ રંગ ઘેરો વાદળી હોય તો તેને શનિનું નંગ પણ કહે છે.

પોખરાજ રંગે સફેદ હોય છે; કોઇકોઇ પીળા રંગના પણ હોય છે. પીળા પોખરાજને બૃહસ્પતિ કહે છે. આ જાતનાં રત્નો સિલોન તરફ મળી આવે છે.

પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેની અનુષંગી કળાઓનો પરિચય આપતી લેખમાળા

[૩૧] રંગદેવતા-પૂજન

લેખક
યોગેન્દ્ર પ્રિયદર્શી

પ્રાચીન કાળમાં નાટ્યગૃહ બંધાઇ રહ્યા બાદ તેના ઉદ્‌ઘાટન પહેલાં રંગભૂમિના રક્ષક ગણાતા દેવતાઓનો પૂજન-વિધિ કરવામાં આવતો. તે 'રંગદેવતાપૂજન'ને નામે ઓળખાય છે.

હિંદુ ધર્મમાં દરેકેદરેક વિષય, પદાર્થ કે વસ્તુના અધિદેવતા નક્કી કરવામાં આવેલા છે તેઓ તે તે વિષય, પદાર્થ કે વસ્તુના રક્ષક ગણાય છે. આ મુજબ રંગભૂમિના દેવતા પણ નિશ્ચિત થએલા છે તેના નિયોજનની કથા છેવટે આપેલી છે. રંગભૂમિના કયા ભાગના રક્ષક કયા દેવતા છે તેની નામાવલિ ટૂંકમાં આ પ્રમાણે છે:

મંડપના રક્ષક: ચન્દ્ર, નેપથ્યના રક્ષક: મિત્રદેવ;
વેદિકાના રક્ષક: વરુણદેવ, પાર્શ્વભૂમિના રક્ષક: મહેન્દ્ર (ઇંદ્ર);
જર્જર-ધ્વજના રક્ષક: વજ્ર, નાટ્યશાળાની રક્ષક: અપ્સરાઓ;
દ્વારશાખાઓના: કૃતાન્ત અને કાળ. દ્વારના: નિયતિ અને મૃત્યુ.
ચાર સ્તંભના રક્ષક: ચાર વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર), રંગપીઠની નીચેના ભાગના રક્ષકો: પાતાળમાં વસતા યક્ષો, ગુહ્યકો, અને નાગો, તથા રંગભૂમિના મધ્ય ભાગના રક્ષક: બ્રહ્મા.

આમ, નાટ્યગૃહનાં જુદાંજુદાં રક્ષ્યસ્થાનોનો રક્ષા-ભાર તે તે સ્થાનોના દેવતાઓને શિર હોવાથી પ્રાચીન કાળમાં તેમના પૂજનનું ખૂબ માહાત્મ્ય હતું.

'રંગદેવતા-પૂજન'નો વિસ્તારી ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં આપેલો છે. તેમાં મંત્ર-જપ, આહુતિ, હોમ આદિ યજ્ઞકર્મો, તેમજ વંદન, આવાહન, સ્થાપના, પૂજન, ધ્વજસ્તુતિ, કુંભ-ભેદન, રંગ-પ્રદીપન વગેરે વિધિઓ કરાતી અને તે અનેક દિવસો સુધી ચાલતી.

મંત્ર-જપ: નાટ્યગૃહ બંધાઇ રહ્યા બાદ સૌ પ્રથમ તેમાં ગાયો ને બ્રાહ્મણોનો સાત દિવસ સુધી વાસ કરાવી મંત્ર જપ કરાવાતો.

વંદન-વિધિ: ઉપરની વિધિ બાદ મુકરર કરેલી શુભ રાત્રિએ ઉપવાસ આદિ વ્રતોથી શુદ્ધ થએલ નાટ્યાચાર્ય, મંત્રથી પવિત્ર કરેલા જળ વડે સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, પ્રથમ સર્વ દેવોને નમસ્કાર-વિધિ કરતા. તેનો ક્રમ આ પ્રમાણે છે: સર્વ પ્રથમ સર્વલોકેશ્વર મહાદેવને નમસ્કાર કરીને ત્યાર બાદ બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર, કાર્તિકેય, સરસ્વતી, લક્ષ્મી, સિદ્ધિ, મેધા, ધૃતિ, મતિ, સોમ, સૂર્ય, વાયુ, અશ્વિનિ, મિત્ર, અગ્નિ, સ્વર, વર્ણ, કાલ, મૃત્યુ, નિયતિ, સુદર્શન, વાસુકિ, ગરુડ, વજ્ર, વિદ્યુત, ગાંધર્વ, અપ્સરા, મુનિઓ, યક્ષો, ગુહ્યકો, ભૂતો વગેરે સર્વને વંદન કરવામાં આવતાં તથા—

આવાહન: તેમનું સ્તુતિપૂર્વક આવાહન કરી કહેવામાં આવતું કે 'હે દેવો! તમે તમારા ભૃત્યો સહિત પધારી અમારી સહાયતા કરો'.

જર્જર-સ્તુતિ: આ પછી નાટ્યસિદ્ધિ માટે ઇંદ્રના જર્જર-ધ્વજની આ સ્તુતિ કરવામાં આવતી: 'હે દાનવ વિનાશક! તમે ઈંદ્રનું પ્રહરણ (હથિયાર) છો. સર્વ દેવોએ તમને વિઘ્ન-નિવારણ માટે નિર્માણ કર્યાં છે. હે વિઘ્નવિનાશક! રાજાનો વિજય કરો, શત્રુઓનો પરાજય કરો, ગૌબ્રાહ્મણનું કલ્યાણ કરો અને નાટ્યની વૃદ્ધિ કરો.' ત્યાર બાદ ધ્વજને યથાસ્થાને સ્થાપિત કરવામાં આવતો.

સ્થાપના: બીજે દિવસે સવાર પડતાં પૂજાનો ઉપક્રમ થતો. રંગભૂમિની મધ્યમાં એક આડી તથા ઊભી રેખા દોરી જુદાંજુદાં સ્થાન પાડવામાં આવતાં તથા દેવતાઓનું આગમન થયું છે એવો સંકલ્પ કરીને સ્થાનાનુસાર તેમની સ્થાપના કરવામાં આવતી. તે આ પ્રમાણે થતી: સૌથી પ્રથમ મધ્યમાં બ્રહ્મા તથા શંકરની સ્થાપના કરીને જુદાજુદા દેવતાઓની સ્થાપના જુદીજુદી દિશાઓમાં કરવામાં આવતી. તેમાં વિષ્ણુ, ઇંદ્ર, કાર્તિકેય, સૂર્ય, અશ્વિનિકુમાર, ચંદ્ર, સરસ્વતી, લક્ષ્મી, શ્રદ્ધા અને મેધાની સ્થાપના પૂર્વ દિશામાં; સ્વાહા સહિત અગ્નિની સ્થાપના અગ્નિ દિશામાં; ગાંધર્વો, રુદ્રો, સર્પો યમ, તથા ભૃત્યો સહિત મિત્રદેવની સ્થાપના દક્ષિણમાં; ગુહ્યકો, રાક્ષસો તથા ભૂતોની સ્થાપના નૈઋત્યમાં; સમુદ્ર અને વરુણની પશ્ચિમમાં; વાયુ તથા ગરુડની વાયવ્યમાં; અને કુબેર તથા યક્ષોની ઉત્તરમાં સ્થાપના કરવામાં આવતી. આ પ્રમાણે સર્વ દેવોને યથાસ્થાન યથાવિધિ સ્થાપિત કરવામાં આવતા.

પૂજન વિધિ: સ્થાપના બાદ સાંયકાળે રાતાં પુષ્પ, ફળ, સૂત્ર, સુગંધ તથા ચોખા, નાગપુષ્પનાં મૂળ, જવ, સરસવ વગેરે સામગ્રીઓથી પૂજા-સ્થાન આલેખીને સર્વ દેવતાઓનું વિવિધ દ્રવ્યોથી પૂજન કરવામાં આવતું. તેમાં બ્રહ્મા વિષ્ણુ મહેશ આદિ દેવતાઓનું પૂજન શ્વેત ચંદન તથા શ્વેત પુષ્પોથી અને સૂર્ય, અગ્નિ તથા ગાંધર્વ વગેરે દેવોનું પૂજન લાલ ચંદન તથા લાલ પુષ્પોથી થતું. આ જ પ્રમાણે સર્વે દેવોનું ગંધ, પુષ્પ, દીપ તથા નૈવેદ્યથી પૂજન થતું.

બલિપ્રદાન: આ પછી સર્વ દેવોને વિવિધ ભોગોથી (ઈષ્ટ પકવાન્ન દ્વારા) પ્રસન્ન કરવામાં આવતા. તેમાં બ્રહ્માને મધુપર્કથી, સરસ્વતી, વરુણ તથા ગાંધર્વને પાયસથી (દૂધમાંથી બનતી એક જાતની દૂધપાક જેવી વાનગી), શિવ, વિષ્ણુ તથા ઇંદ્રાદિ દેવોને મોદક (લાડુ) થી, અગ્નિને ઘીથી, સોમ (ચંદ્ર) તથા સૂર્યને મિષ્ટ ભાત કે ગોળથી, યમ તથા મિત્રદેવને પુડલાથી, વાયુને વિચિત્ર પ્રકારના ભક્ષ્યથી, સમુદ્ર તથા નદીને મત્સ્યથી, મુનિઓને વિવિધ પ્રકારનાં ફળફળાદિ તથા મૂળથી; સર્પો વગેરેને દૂધથી, રાક્ષસોને માંસભક્ષણથી, અને આ જ રીતે બાકીના સર્વને વિવિધ પ્રકારના પદાર્થોથી પ્રસન્ન કરવામાં આવતા. વિવિધ ભોજનયુક્ત આ બલિ, તેને ગ્રહણ કરવાની સ્તુતિ તથા મંત્રો સહિત આપવામાં આવતો.

જર્જર-પૂજા: આ બાદ ત્રિવિધરંગી વસ્ત્રોથી શોભાયમાન જર્જરધ્વજને ગંધ, પુષ્પ, ધૂપ વગેરે સુવાસિત પદાર્થો અર્પણ કરીને તેની વિઘ્નનાશ માટે પૂજા કરવામાં આવતી.

હોમ: મંત્રો સહિત આહુતિ આપી પ્રદીપ્ત થએલા અગ્નિમાં ઔષધિઓ વગેરેનો હોમ કરવામાં આવતો.

પરિમાર્જન: સર્વ વિધિઓ કર્યા બાદ નાયક તથા નાયિકા પરિમાર્જિત થતાં, કારણકે જળથી દીપ્તિનું વર્ધન થાય છે.

આશીર્વાદ: આ પછી સર્વ વાદ્યોનો ઘોષ કરી, મંત્રથી પવિત્ર થએલું જળ છાંટી તેમને આશીર્વાદ આપવામાં આવતા કે 'તમે મોટા કુળમાં જન્મેલાં છો તેમજ ગુણોથી અલંકૃત છો. તે ગુણ તમને નિરંતર રહો, તથા સરસ્વતી, ધૃતિ, મેધા, લજ્જા, લક્ષ્મી, મતિ તથા સ્મૃતિ તમને સિદ્ધિ આપી તમારું રક્ષણ કરો.'

કુંભ-ભેદન: ત્યાર પછી રંગભૂમિની મધ્યમાં સ્થાપિત કરવામાં આવેલા પાણીથી ભરેલા કુંભને (માટીના ઘડાને) નાટ્યાચાર્ય પ્રયત્નપૂર્વક ફોડી નાખતા. આ કુંભમાં સુવર્ણ નાખવામાં આવતું તથા તે જો ન ફૂટે તો રાજાને શત્રુઓનો ભય ઉત્પન્ન થાય અને ફૂટે તો શત્રુઓનો નાશ થાય, એમ માનવામાં આવતું.

રંગ પ્રદીપન: કુંભ ફોડયા પછી નાટ્યાચાર્ય હાથમાં દીપ લઇ રંગમંડપમાં રોશની પ્રગટાવતા. તે વખતે આનંદમંગળ તરીકે શંખ, નગારાં (દુંદુભિ), મૃદંગ તથા પણવ વગેરે વાદ્યો વગાડવામાં આવતાં તથા દારૂખાનું પણ ફોડવામાં આવતું. આ વખતે રંગભૂમિમાં યુદ્ધ કરાવવાનો ચાલ પણ હતો. તેમાં અંગહાનિ કે અંગોનું છેદનભેદન થાય, અર્થાત્ હાથપગ વગેરે અંગો ચરડાય, ભગાય કે કપાય, તો તે રાજા પ્રજા તથા દેશને માટે શુભ ગણાતું, અન્યથા અશુભ ગણાતું.

નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે કે શાસ્ત્રમાં દર્શાવેલી આ વિધિઓનો ત્યાગ કરી પોતાની મરજી મુજબ વર્તનારનો નાશ થાય છે. કારણકે આપણે દેવોનું પૂજન કરીએ તો તેઓ આપણું પૂજન (એટલેકે હિતચિંતા) કરે; તેમનું સન્માન કરવાથી તેઓ આપણું સન્માન કરે. આથી, ઉપર મુજબનું રંગદેવતા-પૂજન અવશ્ય કરવું. વળી આ વિધિ નવીન બંધાએલા નાટ્યગૃહમાં જ કરવાનું કહ્યું છે.

નિમિત્તકથા: રંગદેવતાના આ નિયોજન ને પૂજનની નિમિત્તકથા આમ છે: દેવોના મહોત્સવમાં થતા નાટ્યપ્રયોગોમાં દાનવો હમેશાં વિઘ્નો નાખ્યા કરતા. તેઓનો ઉપદ્રવ જ્યારે બહુ વધી ગયો ત્યારે ભરતમુનિએ દેવાધિદેવ ઇંદ્ર પાસે જઈ કહ્યું કે 'નાટ્યરક્ષાવિધિ બતાવો.' ઇંદ્ર બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ વિશ્વકર્મા પાસે એક સર્વલક્ષણયુક્ત નાટ્યગૃહની રચના કરાવી અને 'આની તમારે રક્ષા કરવી જોઇએ' એમ કહીને તેમણે તેના જુદાજુદા ભાગોના રક્ષણ માટે જુદાજુદા દેવોને નિયુક્ત કર્યા. વળી કહ્યું કે 'રંગભૂમિના આ દેવોનું પૂજન યજ્ઞની બરાબર છે, માટે નાટક ભજવનાર સર્વેએ તે અવશ્ય કરવું જોઇએ.' ત્યારથી રંગદેવતા-પૂજનનો વિધિ અસ્તિત્વમાં આવ્યો, જે આજે પાછો લોપાઇ જવા પામ્યો છે.

બ્રહ્માએ વળી કહ્યું કે 'રંગદેવતા-પૂજનની સાથે રંગસ્થળની પૂજા પણ કરવી જોઇએ. જે રંગની પૂજા કરતા નથી તેની ઉન્નતિ થતી નથી. તેમજ જે આ વિધિ યથાપૂર્વક કરે છે તે શુભ અર્થ તથા કામનાઓને વરે છે.'

આટલું કહી બ્રહ્માએ ભરતને રંગ-પૂજા કરવાની આજ્ઞા કરી, જે આપણે આવતા અંકમાં 'પૂર્વરંગ'ના હપતામાં જોઈશું. (ચાલુ)

જાણો છો?

ભયભીત થયા હોઇએ ત્યારે અથવા ઠંડી લાગે ત્યારે શરીર પરનાં રુવાંટાં શાથી ઊભાં થઈ જાય છે?

અતિ પ્રાચીન કાળમાં માનવના પૂર્વજોના આખા શરીરે ખૂબ લાંબા વાળ હતા, તે કાળની આ ક્રિયાના અવશેષ આપણામાં રહી ગયા છે. શિયાળાની કડકડતી ઠંડીથી બચવા માટે વાળવાળાં પ્રાણીઓ (ઘેટાં બકરાં વગેરે) પોતાના વાળ ફુલાવી ઊભા કરી દે છે જેથી તેમાં હવા ભરાઇ શરીરની ઉષ્ણતા જળવાઇ રહે છે. વળી કેટલાંક પ્રાણીઓ જ્યારે બીજા કોઈ પ્રાણીનો પોતા પર હુમલો થવાનો ભય ઉત્પન્ન થાય છે ત્યારે પોતાના વાળ ઊભાં કરી પોતે હોય તેથી વધુ મોટું અને વધુ ભયંકર દેખાવાનો પ્રયાસ કરે છે. આ ક્રિયા જ્યારે કૂતરો બિલાડી પર હુમલો કરે છે ત્યારે બિલાડીમાં દેખાય છે. આપણા શરીરે પર જ્યારે ખૂબ લાંબા વાળ હતા ત્યારે તેના મૂળમાં રહેલી ગ્રંથિઓ ઉપરનાં બંને પ્રકારમાં એ જાતની અસર ઉપજાવતી. આજે આપણા શરીર પર એટલા લાંબા વાળ નથી તો પણ પેલી ગ્રંથિઓ તો હજુ એ જાતનું કાર્ય કરે છે જ. આથી આપણા શરીર પરનાં રુવાંટાં ખડાં થઇ જાય છે.

પચ્ચીસ વર્ષ પહેલાં





અંક ૩ ફાગણ ૧૯૮૦ (માર્ચ ૧૯૨૪)

ઉચ્ચ, શિષ્ટ કલાના પ્રચારના જે સંકલ્પથી 'કુમાર' શરૂ થયું હતું તેની પ્રતીતિ તેના ત્રીજા જ અંકથી તેણે કરાવી. ગુજરાતના પત્રકારત્વમાં જેને ઉલ્લેખ સુદ્ધાં જવલ્લે થએલો, એ અજંતાની ગુફાઓની શિલ્પ ને કલાના આપણા સાંસ્કૃતિક કલાવારસાની સમૃદ્ધિ સમજાવતો, અધ્યાપક નારાયણ મલકાનીનો લેખ 'કલાતીર્થ અજંતા', એક વિશદ સંપાદકીય પ્રવેશક તથા સુરસ પૂર્ણરંગી ચિત્ર સાથે આ અંકમાં આવ્યો. શ્રી મલકાનીના એ લેખનો થોડો સારભાગ:

'એ સમયમાં સંસાર વિવિધ ઊર્મિઓથી ઊછળતા નાટક જેવો હતો. બુદ્ધ ભગવાનના અલૌકિક ઉપદેશથી સારી આલમ ચેતી ઊઠી હતી. એવા એ કાળે જીવનની ઉન્નતમાં ઉન્નત ભાવનાઓ પ્રજાના પામરમાં પામર મનુષ્યને ગળે ઊતરી જાય એ રીતે એ ચિત્રકારોએ આબાદ ઉતારી. અજંતાનાં ચિત્રો એ તો એમના એ પ્રયત્નોનો અવશેષ માત્ર છે...જ્વલંત શ્રદ્ધાથી ભરેલા એ ચિત્રકારોમાં આવેશભરી સહૃદયતા હતી. તેઓ પ્રેરણાથી ભરેલા હોઈ તેમની કળામાં ઊર્મિઓનું નૃત્ય હતું. કોઈ બાવાઓને ખુશ કરી તેમની મહેરબાની મેળવવા કે કામીઓની વાસના જગાડવા કે જુવાનોને ચળાવવા સારુ તેઓ સ્ત્રીઓ નહોતા ચીતરતા... પ્રેમ અને દયાનો સંદેશ સમસ્ત જગતને પહોંચાડવા તેઓએ એ ચિત્રો આલેખ્યાં છે. જગતને તેમણે બંધુભાવે એક કુટુંબ જેવું માન્યું, અને એ કારણે જ તેમની કળામાં મહત્તા આવી.. સાધારણ જીવનના પ્રસંગોમાં તેઓ સૌંદર્ય જોઈ શક્યા છે. તેમણે વિશાળ ને રુદ્ર નહિ પણ સૌમ્ય ને શાંત ભાવો આલેખ્યા છે; પ્રબળ ને પ્રતાપી નહિ પણ સુરૂપ ને સુંદર સ્વરૂપો ચીતર્યાં છે .. મૃદુ આંખ, સુકોમળ હાથ, યૌવનથી ખીલતા ચહેરા અને સુલલિત દેહલતા તેમને બસ લાગ્યાં છે... તેઓ વિરૂપતા બાદ કરીને સુંદર તત્ત્વ ઉપાડી લેતા; હોઠ પર સ્મિત મૂકતા, આંખમાં ચમક આપતા, અંગમરોડમાં લાવણ્ય ને દરેક ભાવમાં સજીવતા આણતા... આથી કોઈ પણ કલાકાર જો પોતાની કલાને ઉત્કૃષ્ટ કરવા માગતો હોય તો તેણે અજંતાની કળામાંથી પ્રેરણા મેળવવી જોઈએ.'

મહારાષ્ટ્રના કુરુંદવાડ સંસ્થાનમાં પચાસેક વર્ષ પર એક શુભ પ્રસંગે મોટો દરબાર ભરાયો. તેમાં સૌ અમલદારો, સંભાવિત ગૃહસ્થો આદિને આમંત્રણ હતું, માત્ર રાજગાયકને ન હતું. ગવૈયા અને સંગીતવિદ્યા એ વેળા આદરપાત્ર ન ગણાતાં. આ અવગણનાથી રાજગાયક તો પોતાનું દુઃખ મનમાં શમાવીને બેસી રહ્યા, પણ તેમના તેજસ્વી શિષ્યથી સંગીતવિદ્યાનું આ અપમાન સહન ન થયું, અને ત્યાં ને ત્યાં પ્રતિજ્ઞા કરી કે હું આ જ જન્મમાં સંગીતવિદ્યાનો દરજ્જો ભારતભરમાં ઉચ્ચ કરી તેને માનભર્યે સ્થાને સ્થાપીશ. અને એ દરિદ્રી બ્રાહ્મણ કુમારે કઠોર તપસ્યા તથા અખંડ સાધના વડે પોતાનો એ સંકલ્પ પાર પાડ્યો, તેની પ્રતીતિ તો આજે આપણે સૌ કરીએ છીએ. ભારતમાં સંગીતવિદ્યાની આદરસ્થાને પુનઃ પ્રતિષ્ઠા કરનાર એ પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરનું પ્રેરક અને પહેલું ચરિત્ર 'કુમારે' ત્રીજા અંકમાં જ આપેલું. એમાંથી સાર નિર્દેશતી એની રૂપરેખા ઉતારીએ:

'દીવાળીના ફટાકડા ફોડતાં આંખમાં દારૂ ઊડવાથી અંગ્રેજી પાંચમા ધોરણમાંથી જ આંખો અભ્યાસ માટે નકામી થઈ જતાં, (કંઠ સારો હોવાથી) એમણે મીરજ સંસ્થાનના બાળકૃષ્ણ બુવા ઇચલકરંજીકર પાસે સંગીતની સાધના આરંભી. વહેલી સવારથી મોડી રાત સુધી ફક્ત ખાવાના બે કલાક બાદ કરતાં બાકીનો સમગ્ર સમય કઠોર અભ્યાસમાં ગાળી, દસ વરસમાં એમણે એ કલા પર પ્રભુત્વ મેળવી અભ્યાસ પૂર્ણ કર્યો. તરત જ એ સંસ્થાનની નોકરી મળી; પણ પોતાની પ્રતિજ્ઞા યાદ હોવાથી એ નોકરી તથા બાળપણથી લગ્ન થઈ ગએલી પત્ની અને કુટુંબનો ત્યાગ કરી, પ્રતિજ્ઞા પૂર્ણ કરવા બે શિષ્યો સાથે માત્ર એક લોટો અને ત્રણ કામળી લઈ વિશાળ દુનિયામાં એમણે પ્રયાણ કર્યું. પૂના, સતારા, વડોદરા, કાઠિયાવાડ અને રાજપુતાના થઈને, સર્વ સ્થાને પોતાની વિદ્યાનો પ્રભાવ દાખવતા પંડિતજી કાશ્મીર ગયા. ત્યાંના મહારાજાએ પ્રસન્ન થઈ એમની પાસે સંગીત વિદ્યાલય ખોલાવ્યું. ત્યાંથી તે લાહોર આવ્યા. થોડા જ વખતમાં લાહોરને એમણે મુગ્ધ કરી દીધું. લોકોને આશ્ચર્ય તો એ લાગતું કે ગૌર વર્ણનો ને આકર્ષક સ્વરૂપનો હોવા છતાં આ યુવાન ઈશ્કી લાલો નહિ પણ સંગીતનો પરમ ભક્ત અને બ્રહ્મચારી હતો. તેના આલાપ-તાનથી અનુભવી ગવૈયાઓ પણ મુગ્ધ બની જતા. સંગીત જ્યાં આભડછેટ ગણાતું એવાં પંજાબનાં ખાનદાન ઘરોમાં પણ તેમને હવે આમંત્રણ મળવા લાગ્યાં, કેમકે એમના કંઠમાંથી મીરાં, કબીર, સૂરદાસ ને તુલસીનો ભક્તિરસ ટપકતો. તેમના આચરણમાં પવિત્રતા ને ચહેરા પર બ્રહ્મચર્યનું ઓજસ દીપતું. ગાંધર્વ સમા એ વિષ્ણુને માટે સંસ્કારી સમાજમાં માન અને વિશ્વાસ ઉત્પન્ન થયાં; અને એમની પ્રતિજ્ઞાની લોકોને જાણ થતાં ખાનદાન કુટુંબોમાંથી એમનો શિષ્યવર્ગ ઊભો થવા લાગ્યો. અંતે ૧૯૦૧ના મે માસમાં કાશ્મીરના મહારાજાની સહાયથી લાહોરમાં પણ એમણે સંગીત વિદ્યાલય ખોલ્યું, જે એમનું મુખ્ય પ્રવૃત્તિકેન્દ્ર, સંકલ્પસાધન અને કીર્તિદા બન્યું. જોકે એમાં એમને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડેલી. દેશ પારકો, પૈસા નહિ, સત્તા નહિ ને સહાયકો થોડા, એ સ્થિતિમાં એક એક ડગલું ભરતાં એમના આત્મવિશ્વાસ, ઈશ્વરશ્રદ્ધા, ખંત અને અડગતાની સારી પેઠે કસોટી થઈ. પણ સત્ય સંકલ્પનો દાતા ભગવાન હોવાથી પાંચ વર્ષના સતત પરિશ્રમને અંતે એમનું વિદ્યાલય સ્થિર થઈ ગયું અને પંજાબભરમાં તેઓ સંગીતના મહાન પ્રચારક તરીકે મશહૂર થયા.

તે પછી બીજા પ્રાંતોમાં પ્રચારસફર શરૂ કરી. ઉત્તર અને મધ્ય હિંદમાં થઈ તે મહારાષ્ટ્રમાં આવ્યા, ને ત્યાંથી ૧૯૦૮માં મુંબાઈ આવી ત્યાં ગાંધર્વ મહાવિદ્યાલય સ્થાપ્યું, જે હજી ચાલે છે. એ વિદ્યાલયની વ્યવસ્થા અને તાલીમ તેમણે વિશિષ્ટ રાખેલી. ગરીબ સ્થિતિના શિષ્યો માટેના તેના છાત્રાલયમાં વિદ્યાર્થી નવ વરસની બંધણીથી દાખલ થાય. તેણે છાત્રાલયનું કોઈ ને કોઈ કામ સંભાળવું પડે.

થયું. ૧૯૧૮ની હોમરૂલ ચળવળને હૉર્નિમૅને આપેલા ઉગ્ર ટેકાને પરિણામે વિફરેલી સરકારે એમને ૧૯૧૯માં દેશનિકાલ કર્યા ત્યારે બ્રેલવી એમને સ્થાને અત્રેજી તંત્રી થયા. પણ ૧૯૨૧-૨૨માં 'ક્રૉનિકલ'ના માલિકો માર્માડ્યુક પિકથૉલ નામના એક અંગ્રેજને બ્રેલવીની ઉપર તંત્રી તરીકે લઈ આવ્યા, કેમકે પિકથૉલે ઈસ્લામ ધર્મ સ્વીકારેલો હતો અને એ વેળાના તુર્કી, ખિલાફત વગેરેના સળગતા પ્રશ્નો પર લખે એવા તંત્રી માટે માલિકોનો આગ્રહ હતો. ઘણા મિત્રોએ તે વખતે બ્રેલવીને રાજીનામું આપવાની સલાહ આપી, પણ બ્રેલવીની 'ક્રૉનિકલ' પ્રત્યે એવી નિષ્ઠા હતી કે એમણે નમ્રતાથી પિકથૉલના હાથ નીચે કામ કર્યું. અને ફરી ૧૯૨૫-૨૬માં હૉર્નિમૅન હિંદ પાછા આવ્યા ત્યારે પણ બ્રેલવી તંત્રીસ્થાને હતા, છતાં હૉર્નિમૅન આવતાં જ એમનું જૂનું તંત્રીપદ એમને સુપ્રત કર્યું. આવી વફાદારી ને નિષ્ઠા ભાગ્યે જ જોવામાં આવે છે. જોકે તે પછી એકાદ વર્ષમાં જ હૉર્નિમૅને ફરી 'ક્રૉનિકલ' છોડ્યું અને બ્રેલવી તંત્રીસ્થાને આવ્યા. ત્યારથી આજ સુધી તેમણે એ પદ સંભાળ્યું ને દીપાવ્યું.

બ્રેલવીની કારકિર્દીનો કાળ એટલે હિંદી રાજકારણમાં ગાંધીયુગનો ગાળો. ગાંધીજી જે વર્ષે હિંદ આવ્યા તે જ વર્ષે બ્રેલવીએ પત્રકારના વ્યવસાયમાં પ્રવેશ કર્યો. અને, પહેલા સામુદાયિક સત્યાગ્રહ પછી સરકારે લીધેલાં કડક પગલાંઓમાં 'ક્રૉનિકલ'ના તંત્રીલેખો સરકાર પાસે મંજૂર કરાવ્યા પછી જ છાપી શકાય એવો જ્યારે પ્રતિબંધ મુકાયો ત્યારે તે સામે જ રાષ્ટ્રવાદી જુવાન બ્રેલવીએ અગ્રલેખની જગ્યા કોરી રાખીને તંત્રીના નામ વિના જ ક્રૉનિકલ કાઢ્યું. તે પછી વિકસતી જતી લડતના પ્રબળ પ્રવાહમાં એમનો શાન્ત ફાળો સદા અવિરત વહ્યા કર્યો; અને ૧૯૩૦ની લડત વખતે એમનું સ્થાન પણ જેલમાં જ હતું. સ્વભાવે શાન્ત અને સમાધાનપ્રિય છતાં સિદ્ધાન્તની બાબતમાં બ્રેલવી સદા મક્કમ હતા. નાસિક જેલના એમના એક સાથી ને 'ફોરમ'ના તંત્રી શ્રી જોઆકિમ આલવા એ સમયનાં સંસ્મરણો નોંધતાં લખે છે કે 'સાદાસીધા, સરળ ને નિરાડંબરી બ્રેલવીને ખરા સ્વરૂપે અમે ત્યાં પારખ્યા. પોતાની ધીરતા, પ્રૌઢ સાદાઇ અને સૌજન્યથી જેલમાંના અમારા મુંબાઇ મંડળના તે અગ્રણી ને આત્મા જેવા બની ગયા હતા. અમારા આરોગ્ય અને ઝીણામાંઝીણી વિગત સુધીના રોજિંદા વ્યવહારનું સંચાલન બ્રેલવી કરતા, અને અમારી નાનીનાની ફિસાદો ને મતભેદો બ્રેલવી જ વડીલભાવે પતાવતા. છતાં 'સી' વર્ગના કેદીઓ પ્રત્યે ચલાવાતો દુર્વ્યવહાર એમણે લેશમાત્ર સાંખી ન લેતાં વિરોધ ઉઠાવ્યો, જેના પરિણામે એમને યરવડા ખસેડવામાં આવ્યા. એ વિદાય વેળાએ આંખમાં ઝળઝળિયાં સાથે એમણે અમને નિર્દ્વેષભાવ અને બંધુભાવ કેળવવા વીનવેલા. ૧૯૩૨માં સરકારે જ્યારે આકરે હાથે ઑર્ડીનન્સ રાજ સ્થાપ્યું ને સત્યાગ્રહી કેદીઓને પેરોલ પર છોડવાની જે પદ્ધતિ અખત્યાર કરી તેમાં શાન્ત સ્વભાવના બ્રેલવી અને મુંબાઇના સૉલિસિટર શ્રી મોતીચંદ કાપડિયાને પહેલા બે તરીકે પસંદ કર્યા. પણ ચોરડાકુઓની પેઠે પોલીસ સ્ટેશને રોજ હાજરી પુરાવવાનો એ અપમાનભર્યો છુટકારો તેમણે બંનેએ ઈન્કાર્યો અને તંત્રીની ગાદીને બદલે સખત સજા બ્રેલવીએ પસંદ કરી.

છતાં સ્વભાવે શાન્ત ને વિનીત બ્રેલવી છેક ૧૯૪૨-૪૪ સુધી જાહેર જીવનમાં પડ્યા ન હતા. પણ અખિલ ભારત તંત્રી પરિષદે એમને પ્રમુખસ્થાને નીમ્યા ત્યારથી એ પ્રવૃત્તિમાં એમણે ખૂબ રસ લીધો. એની સમિતિના કાર્યમાં એ સદા રત રહેતા ને દેશના ચારે ખૂણે એની સભાઓ માટે દોડતા. એ દરમ્યાન અખબારી સ્વાતંત્ર્યના મૂંગા પણ સમર્થ સંરક્ષક તરીકે એમણે કીંમતી કાર્ય કર્યું છે. પરદેશી સરકાર સામે વાણીસ્વાતંત્ર્ય અને લેખનસ્વાતંત્ર્ય માટે પત્રકારોના સમૂહે ચલાવેલી એ સમયની ઝુંબેશમાં, સિદ્ધાન્તો સાચવીને સમાધાન શોધવાના બ્રેલવીના સ્વભાવે ઘણો મોટો ફાળો આપ્યો અને કેટલાયે જટિલ પ્રશ્નોનો કુનેહભરી મિઠાશથી ઉકેલ આણ્યો. એમના જ સતત પ્રયત્નથી હિંદનાં પત્રો પરનો અંકુશ હળવો થયો હતો. પત્રકારોમાં પણ અંદર અંદર મતભેદો અને સ્પર્ધા-દ્વેષ હોવા છતાં બ્રેલવી પ્રત્યે સૌને સરખી પ્રીતિ હતી અને સૌનો એમના પર વિશ્વાસ હતો. અનેક કમિટીઓના તે પ્રેરણાદાયી સભ્ય હતા. તેમની એ શક્તિની પ્રશંસા કરતાં 'સ્ટેટ્સમૅન'ના તંત્રી ઈઆન સ્ટીફન્સે કહેલું કે બ્રેલવી જેવો ઉત્તમ કમિટીમૅન મેં બીજો જોયો નથી.

હાડોહાડ રાષ્ટ્રવાદી બ્રેલવીની એ વિષયમાં નૈતિક દૃઢતા એવી હતી કે એમનું અપમાન થતું, એમની કોમના લોકો એમના પર થૂંકતા અને એકાદ બે જાહેર સભાઓમાં તો સખ્ત માર ખાતાં તે બચી ગયા હતા, છતાં એ સદા નિશ્ચલપણે એવી સભાઓમાં હાજરી આપતા અને પોતાનું અપમાન કરનાર સામે હસતા. ઈસ્લામ ને હિંદી સંસ્કૃતિની ખાનદાની એમના ચારિત્ર્યમાં શોભી નીકળતી હતી.

એમનું સૌજન્ય ઉપરચોટિયું નહિ પણ એમના અંતરની નમ્રતા અને નિખાલસપણાનું પ્રતિબિમ્બ હતું. સ્વભાવની શુચિતા, આચરણનું માર્દવ, શરાફત અને સહિષ્ણુતાની તે મૂર્તિ હતા. નિરભિમાની ને નમ્ર તો એટલી હદ સુધી કે પોતાના અભિપ્રાયો કે ઉચ્ચારણોમાં અતિશયોક્તિથી તો સદા ભડકતા જ, પરંતુ હમેશાં પોતાનો પક્ષ, હોય તે કરતાં પણ હળવીરીતે રજૂ કરતા.

દૈનિક પત્રના તંત્રી તરીકે વર્ષો સુધી રાતપાળી કર્યાની, કારાગ્રહવાસની, તેમજ તંત્રીપરિષદના પ્રમુખના કામના બોજાની એમના શરીર પર ધીરેધીરે જે અસર થતી ગઈ તેને પરિણામે ૧૯૪૫ના જાન્યુઆરીમાં કલકત્તામાં એમને હૃદયરોગનો પહેલો હુમલો થયો. સુભાગ્યે એ વેળા તે એમાંથી બચી ગયા. બીજો હુમલો ૧૯૪૬ના સપ્ટેમ્બરમાં થયો, ને આ ત્રીજા આઘાતમાં એ ટકી ન શક્યા. લગભગ ૪૦-૪૨ વર્ષની વય સુધી અવિવાહિત રહ્યા પછી પરણેલા બ્રેલવી એમના અવસાનથી ત્રણ તદ્દન નાના પુત્રો ને એક પુત્રી તથા વિધવા મૂકી ગયા છે.

પત્રકારત્વને જ જીવન સમર્પણ કરનાર ઘણા સમર્થ તંત્રીઓ છેલ્લાં ૩૦-૩૫ વરસમાં આપણા દેશે જોયા. લોકમાન્ય ટિળક પત્રકાર છતાં સદા યોદ્ધા હતા; સુબ્રહ્મણ્ય અય્યર જાહેર હિત સામેનાં સરકારી કાવતરાં ખુલ્લાં પાડવામાં નિર્દય દુશ્મન હતા; મોતીલાલ ઘોષે જાલિમોના જોરને જેર કરવામાં સદા પત્રકારત્વનું હથિયાર વીંઝ્યું; પણ બ્રેલવી એવી આગ ઝરતી કલમ પકડારાથી નિરાળા જ શાન્ત ને ધીર પત્રકાર હતા. એમના 'ક્રૉનિકલ'ના અગ્રલેખોમાંથી મુંબાઇના સિંહ સર ફિરોજશાહ મહેતા જેવી ત્રાડો સંભળાતી નહિ પણ શાન્ત સ્થિર વિચારણા મળતી. નરસિંહ ચિંતામણ કેળકર, કાલિનાથ રૉય, રંગસ્વામી આયંગાર, કામાક્ષી નટરાજન, સી. વાઇ. ચિંતામણિ અને રામાનંદ ચેટરજી જેવા મહારથીઓની હરોળમાં બ્રેલવી છેલ્લા અવશેષ સમા હતા. સતત પરિશ્રમ, અવિરત અભ્યાસ, રોજિંદા બનાવોનું જાગૃત અવલોકન અને લેખનમાં દૃઢતા, સ્પષ્ટતા ને ચોક્કસાઈ સાથે ગૌરવશીલ સંયમ, આ ગુણોના પાયા પર રચાએલું પત્રકારત્વ (જેની જરૂર આપણા દેશને અગાઉ કયારે ય નહિ હોય એટલી અત્યારે છે તે) કેવું હોઇ શકે તેનું એક ઉજ્જ્વલ ઉદાહરણ બ્રેલવી સાહેબ ઊગતી પેઢી માટે મૂકી ગયા છે.

(પ્રબુદ્ધ જૈન, હિંદુસ્તાન, સનડે ન્યુસ, ભારત જ્યોતિ વગેરે પરથી)



માધુકરી

તારના થાંભલા

તારના થાંભલા જેવા એકમેક સમા બધા,
ને, છતાં એકબીજાથી ભિન્ન સાવ જ સર્વદા,
માનવી માનવીમાંહી ફરે છે પૃથિવીપટે.
ને, છતાં થાંભલાઓને તાર સાંધી રહે યથા,
તથૈવ ગૂઢ કો તાર સાંધે માનવમાનવી,
જાણતાં નવ જાણંતાં સંદેશાઓ વહી રહે.—પ્રજારામ



માસમાસનાં પંખી [૩૭]
લક્કડખોદ

નામ દર્શાવે છે તેમ, ઝાડનાં થડોમાંથી જ આહાર શોધતું ને ઝાડની બખોલોમાં જ ઈંડાં મૂકતું વનઝાડીનું વાસી આ પંખી અહીંનું વાસી છે. ઝાડની કઠોર કાયમી છાલને પકડી રાખી શકે તેવા સબળ પગ, ને ટેકા તરીકે થડમાં ભરાવી શકાય તેવાં પૂછડીનાં કઠણ પીછાંને લીધે એ સીધા ઊભા ઝાડ પર પણ ત્વરાથી ચડી શકે છે. જમીન પર ફરી શકે તેવી રચના એના પગની નથી, તેમ હવામાં તરતાં જીવડાંને ઊડતાં પકડી શકે એવી પાંખો કે મોંની રચના નથી, તેથી એનું મહત્ત્વનું સાધન એની ચાંચ. મૂળમાં જાડી ને છેડેથી અણીદાર, લોખંડના ત્રીકમ જેવી એ ચાંચથી ઝાડની જરઠ છાલને ટપકારીને તળિયે ભરાઈ બેઠેલી જીવાત (મોટે ભાગે મંકોડા તમરાં વગેરે)ને તે જીભથી ઉપાડી લે છે. એ જીભ પણ વિશિષ્ટ છે: અત્યંત લાંબી, ને સ્થૂલ છેડા પર ચીકણા રસથી નીતરતી, જેના પર જંતુને ચોંટાડી પલમાં તે પેટમાં પહોંચાડી દે છે.

હિંદમાં થતી એની પચાસેક જાતમાંથી બેત્રણ જ અહીં દેખાય છે. તેમાં સૌથી વ્યાપક સોનેરી પીઠનો લક્કડખોદ. તેનું માથું તથા કલગી ચમકતાં લાલ; ગળું કાળું, પીઠ પાંખો ને ખભા તપાવેલા સોના જેવાં ચળકતાં; પૂછડી કાળી; દાઢી, ગળું ને ઉપલી છાતી સફેદ તલકાંવાળાં કાળાં; પેટ ને માલ સફેદ, આંખમાંથી કાન સોંસરી કાળી રેખા. ચાંચ સ્લેટ રંગની; પગ મેલા લીલા; આંખ તપખીરિયા. ઊડે ત્યારે જોરથી પાંખો હલાવતું; બોલે તે કાન ફાડી નાખે તેવા કઠોર તીણા સાદે. ઝાડની બખોલમાં કે સૂકા ઝાડના થડમાં દર કોતરી, ત્રણ ચકચકિત સફેદ ઈંડાં મૂકે છે. પીળા માથા ને કાબરચીતરી પાંખાળી તેની એક બીજી જાત પણ આપણે ત્યાં થાય છે. ('વનેચર'ના લેખ ઉપરથી)

સૈયદ અબ્દુલા બ્રેલવી

'બૉમ્બે ક્રૉનિકલ' જેવા આ પ્રાંતના અગ્રણી રાષ્ટ્રવાદી પત્રના લગભગ પા સદી સુધી સંચાલકતંત્રી રહ્યા છતાં જેમનું નામ છાપાંઓમાં કે લોકજીભ પર ઝબકારા કે જેજેકાર પામ્યું નથી, અને બંધુ પત્રકારો, રાષ્ટ્રવાદી મુસ્લિમો તથા નિકટવર્તી કૉંગ્રેસ આગેવાનો સિવાય જેમની શાન્ત મહત્તાનો ખ્યાલ ક્વચિત્ જ સામાન્ય જનતાને આવ્યો હશે, એ ધીરગંભીર પત્રકાર, શાન્ત વિચારક ને સલાહકાર તથા સૌજન્યશીલ સજ્જન સૈયદ અબ્દુલ્લા બ્રેલવીનું, ગઇ તા. ૯મી જાન્યુઆરીને રવિવારે રાત્રે ૮-૫૦ વાગ્યે મુંબાઈમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું. અકળાવતો તાપ નહિ પણ અજવાળતો પ્રકાશ આપતા એમના વ્યક્તિત્વની મહત્તાનો સાચો ખ્યાલ હજી યે ઘણા ઓછાને હશે.

યુક્ત પ્રાંતના એક ઉચ્ચ મુસ્લિમ ખાનદાનમાં જન્મેલા શ્રી બ્રેલવીના વડવાઓ મૂળ બરેલીના વતની, તે પરથી તેમની અટક—બરેલવી પડેલી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય બળવા પછી એમના દાદા મુંબાઈ આવી વસેલા; અને ૧૮૯૪માં બ્રેલવીને માત્ર ૩ વર્ષના મૂકીને એમના પિતા ગુજરી ગએલા, તેથી અત્યત સામાન્ય સ્થિતિમાંથી એમને જીવનમાર્ગ કાઢવો પડેલો. સ્વાશ્રય અને સ્કૉલરશિપ વડે અંજુમને ઈસ્લામ શાળામાંથી માધ્યમિક શિક્ષણ પામી મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમાં તે દાખલ થયા. ત્યાંના સહાધ્યાયીઓમાંથી એમણે જે બે ગાઢ જીવનમિત્રો શોધી કાઢ્યા તે પરથી જ એમના સૌજન્યભદ્ર સ્વભાવની પ્રતીતિ થાય છે: સ્વ. મહાદેવભાઈ દેસાઈ અને મુંબાઇ સરકારના હાલના નાણાંપ્રધાન શ્રી વૈકુંઠભાઈ લલ્લુભાઇ મહેતા. ત્યારથી—૧૯૦૯થી તેઓ સ્વ. સર લલ્લુભાઇ શામળદાસના કુટુંબમાં ધીરેધીરે એવા નિકટવર્તી અંગભૂત બની ગયા કે એ ત્રણે લલ્લુકાકાના ચોથા પુત્ર સમાન લેખાતા. સર લલ્લુભાઇના નાના પુત્ર અને આપણા અત્યારના એક અગ્રણી ગુજરાતી અર્થશાસ્ત્રી તથા ટેરીફ બોર્ડના પ્રમુખ શ્રી ગગનવિહારી મહેતાને શરૂઆતમાં 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રીખાતામાં ખેંચી જનાર પણ બ્રેલવી જ. એમની પરખબુદ્ધિને પરિણામે જ શ્રી ગગનવિહારીનાં G.L.M.ની સહીથી ક્રૉનિકલમાં ખ્યાત થએલાં લખાણો આપણને મળેલાં. થોડો સમય રહીને એ પ્રતિભા વધુ વિશાળ ક્ષેત્રમાં આજે ચમકી ઊઠી છે.

અંગ્રેજી સાહિત્યને ઐચ્છિક વિષય તરીકે લઇને એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. અને એમ. એ. થયા પછી બ્રેલવી એલએલ. બી. પણ થયા, પરંતુ કૉલજકાળથી જ લેખનકાર્ય તરફ રહેલું એમનું વલણ કોર્ટના કાયદાક્ષેત્ર કરતાં પત્રકારત્વ તરફ વધુ હતું. કૉલેજ છોડ્યા પછી 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં 'હિંદુ અને મુસ્લિમ તહેવારો' વિષે એમણે ત્રણચાર સુંદર લેખો લખેલા. એવામાં સર ફિરોઝશાહ મહેતાએ 'બૉમ્બે ક્રૉનિકલ' સ્થાપ્યું હતું તેમાં સર લલ્લુભાઈની ભલામણથી તે ૧૯૧૬માં જોડાયા. એ સમયે એમની ઉમર ૨૪ વર્ષની હતી. ત્યારથી માંડીને આજની ઘડી સુધી ૩૩ વર્ષની જે શાન્ત, એકધારી, ઉદ્યમરત ને અખંડ સેવા એમણે એ પત્રને આપી એ આપણા પત્રકારત્વના ઇતિહાસમાં કદાચ વિરલ હશે.

એ કાળે 'ક્રૉનિકલ'ના તંત્રી હૉર્નિમૅન હતા અને ઉપતંત્રી સૈયદ હુસેન હતા (જેમનું હમણાં જ, આ ૨૫મી ફેબ્રુઆરીએ, તેઓ ઇજિપ્તમાં આપણા એલચી હતા ત્યાં અવસાન

થયું. ૧૯૧૯ની કોમરૂલ ચળવળમાં હૉર્નિમૅને આપેલા ઉગ્ર ટેકાને પરિણામે વિફરેલી સરકારે એમને ૧૯૧૯માં દેશનિકાલ કર્યા ત્યારે બ્રેલવી એમને સ્થાને અવેજી તંત્રી થયા. પણ ૧૯૨૧-૨૨માં 'ક્રૉનિકલ'ના માલિકો માર્માડયુક પિકથૉલ નામના એક અંગ્રેજને બ્રેલવીની ઉપર તંત્રી તરીકે લઈ આવ્યા, કેમકે પિકથૉલે ઈસ્લામ ધર્મ સ્વીકારેલો હતો અને એ વખતના તુર્કી, ખિલાફત વગેરેના સળગતા પ્રશ્નો પર લખે એવા તંત્રી માટે માલિકોનો આગ્રહ હતો. ઘણા મિત્રોએ તે વખતે બ્રેલવીને રાજીનામું આપવાની સલાહ આપી, પણ બ્રેલવીની 'ક્રૉનિકલ' પ્રત્યે એવી નિષ્ઠા હતી કે એમણે નમ્રતાથી પિકથૉલના હાથ નીચે કામ કર્યું. અને ફરી ૧૯૨૫-૨૬માં હૉર્નિમૅન હિંદ પાછા આવ્યા ત્યારે પણ બ્રેલવી તંત્રીસ્થાને હતા, છતાં હૉર્નિમૅન આવતાં જ એમનું જૂનું તંત્રીપદ એમને સુપ્રત કર્યું. આવી વફાદારી ને નિષ્ઠા ભાગ્યે જ જોવામાં આવે છે. જોકે તે પછી એકાદ વર્ષમાં જ હૉર્નિમૅને ફરી 'ક્રૉનિકલ' છોડયું અને બ્રેલવી તંત્રીસ્થાને આવ્યા. ત્યારથી આજ સુધી તેમણે એ પદ સંભાળ્યું ને દીપાવ્યું.

બ્રેલવીની કારકિર્દીનો કાળ એટલે હિંદી રાજકારણમાં ગાંધીયુગનો ગાળો. ગાંધીજી જે વર્ષે હિંદ આવ્યા તે જ વર્ષે બ્રેલવીએ પત્રકારત્વના વ્યવસાયમાં પ્રવેશ કર્યો. અને, પહેલા સામુદાયિક સત્યાગ્રહ પછી સરકારે લીધેલાં કડક પગલાંઓમાં 'ક્રૉનિકલ'ના તંત્રીલેખો સરકાર પાસે મંજૂર કરાવ્યા પછી જ છાપી શકાય એવો જ્યારે પ્રતિબંધ મુકાયો ત્યારે તે સામે જ રાષ્ટ્રવાદી જુવાન બ્રેલવીએ અગ્રલેખની જગ્યા કોરી રાખીને તંત્રીના નામ વિના જ ક્રૉનિકલ કાઢયું. તે પછી વિકસતી જતી લડતના પ્રબળ પ્રવાહમાં એમનો શાન્ત ફાળો સદા અવિરત વહ્યા કર્યો; અને ૧૯૩૦ની લડત વખતે એમનું સ્થાન પણ જેલમાં જ હતું. સ્વભાવે શાન્ત અને સમાધાનપ્રિય છતાં સિદ્ધાન્તની બાબતમાં બ્રેલવી સદા મક્કમ હતા. નાસિક જેલના એમના એક સાથી ને 'ફ્રેરૂચ'ના તંત્રી શ્રી જોઆકિમ આલવા એ સમયનાં સંસ્મરણો નોંધતાં લખે છે કે 'સાદાસીધા, સજ્જન ને નિરાડંબરી બ્રેલવીને ખરા સ્વરૂપે અમે ત્યાં પારખ્યા. પોતાની ધીરતા, પ્રૌઢ સાદાઈ અને સૌજન્યથી જેલમાંના અમારા મુંબાઈ મંડળના તે અગ્રણી ને આત્મા જેવા બની ગયા હતા. અમારા આરોગ્ય અને ઝીણામાંઝીણી વિગત સુધીના રોજિંદા વ્યવહારનું સંચાલન બ્રેલવી કરતા, અને અમારી નાનીનાની ફિસાદો ને મતભેદો બ્રેલવી જ વડીલભાવે પતાવતા. છતાં 'સી' વર્ગના કેદીઓ પ્રત્યે ચલાવાતો દુર્વ્યવહાર એમણે લેશમાત્ર સાંખી ન લેતાં વિરોધ ઉઠાવ્યો, જેના પરિણામે એમને યરવડા ખસેડવામાં આવ્યા. એ વિદાય વેળાએ આંખમાં ઝળઝળિયાં સાથે એમણે અમને નિર્દોષભાવ અને બંધુભાવ કેળવવા વીનવેલા. ૧૯૩૨માં સરકારે જ્યારે આકરે હાથે ઑર્ડીનન્સ રાજ સ્થાપ્યું ને સત્યાગ્રહી કેદીઓને પેરોલ પર છોડવાની જે પદ્ધતિ અખત્યાર કરી તેમાં શાન્ત સ્વભાવના બ્રેલવી અને મુંબાઈનાં સૉલિસિટર શ્રી મોતીચંદ કાપડિયાને પહેલા બે તરીકે પસંદ કર્યા. પણ ચોરડાકુઓની પેઠે પોલીસ સ્ટેશને રોજ હાજરી પુરાવવાનો એ અપમાનવાચી છુટકારો તેમણે બંનેએ ઈન્કાર્યો અને તંત્રીની ગાદીને બદલે સખત સજા બ્રેલવીએ પસંદ કરી.

છતાં સ્વભાવે શાન્ત ને વિનીત બ્રેલવી છેક ૧૯૪૨-૪૪ સુધી જાહેર જીવનમાં પડયા ન હતા. પણ અખિલ ભારત તંત્રી પરિષદે એમને પ્રમુખસ્થાને નીમ્યા ત્યારથી એ પ્રવૃત્તિમાં એમણે ખૂબ રસ લીધો. એની સમિતિના કાર્યમાં એ સદા રત રહેતા ને દેશના ચારે ખૂણે એની સભાઓ માટે દોડતા. એ દરમ્યાન અખબારી સ્વાતંત્ર્યના મૂંગા પણ સમર્થ સંરક્ષક તરીકે એમણે કીમતી કાર્ય કર્યું છે. પરદેશી સરકાર સામે વાણીસ્વાતંત્ર્ય અને લેખનસ્વાતંત્ર્ય માટે પત્રકારોના સમૂહે ચલાવેલી એ સમયની ઝુંબેશમાં, સિદ્ધાન્તો સાચવીને સમાધાન શોધવાના બ્રેલવીના સ્વભાવે ઘણો મોટો ફાળો આપ્યો અને કેટલાયે જટિલ પ્રશ્નોનો કુનેહભરી મિઠાશથી ઉકેલ આણ્યો. એમના જ સતત પ્રયત્નથી હિંદનાં પત્રો પરનો અંકુશ હળવો થયો હતો. પત્રકારોમાં પણ અંદર અંદર મતભેદો અને સ્પર્ધા-દ્વેષ હોવા છતાં બ્રેલવી પ્રત્યે સૌને સરખી પ્રીતિ હતી અને સૌનો એમના પર વિશ્વાસ હતો. અનેક કમિટીઓના તે પ્રેરણાદાયી સભ્ય હતા. તેમની એ શક્તિની પ્રશંસા કરતાં 'સ્ટેટ્સમૅન'ના તંત્રી ઈઆન સ્ટીફન્સે કહેલું કે બ્રેલવી જેવો ઉત્તમ કમિટીમૅન મેં બીજો જોયો નથી.

હાડોહાડ રાષ્ટ્રવાદી બ્રેલવીની એ વિષયમાં નૈતિક દૃઢતા એવી હતી કે એમનું અપમાન થતું, એમની કોમના લોકો એમના પર થૂંકતા અને એકાદ બે જાહેર સભાઓમાં તો સખ્ત માર ખાતાં તે બચી ગયા હતા, છતાં એ સદા નિશ્ચલપણે એની સભાઓમાં હાજરી આપતા અને પોતાનું અપમાન કરનાર સામે હસતા. ઈસ્લામી ને હિંદી સંસ્કૃતિની ખાનદાની એમના ચારિત્ર્યમાં શોભી નીકળતી હતી.

એમનું સૌજન્ય ઉપરચોટિયું નહિ પણ એમના અંતરની નમ્રતા અને નિખાલસપણાનું પ્રતિબિંબ હતું. સ્વભાવની શુચિતા, આચરણનું માર્દવ, શરાફત અને સહિષ્ણુતાની તે મૂર્તિ હતા. નિરભિમાની ને નમ્ર તો એટલી હદ સુધી કે પોતાના અભિપ્રાયો કે ઉચ્ચારણોમાં અતિશયોક્તિથી તો સદા ભડકતા જ, પરંતુ હમેશાં પોતાનો પક્ષ, હોય તે કરતાં પણ હળવી રીતે રજૂ કરતા.

દૈનિક પત્રના તંત્રી તરીકે વર્ષો સુધી રાતપાળી કર્યાની, કારાવાસની, તેમજ તંત્રીપરિષદના પ્રમુખના કામના બોજાની એમના શરીર પર ધીરેધીરે જે અસર થતી ગઈ તેને પરિણામે ૧૯૪૫ના જાન્યુઆરીમાં કલકત્તામાં એમને હૃદયરોગનો પહેલો હુમલો થયો. સુભાગ્યે એ વેળા તે એમાંથી બચી ગયા. બીજો હુમલો ૧૯૪૬ના સપ્ટેમ્બરમાં થયો, ને આ ત્રીજા આઘાતમાં એ ટકી ન શક્યા. લગભગ ૪૦-૪૨ વર્ષની વય સુધી અવિવાહિત રહ્યા પછી પરણેલા બ્રેલવી એમના અવસાનથી ત્રણ તદ્દન નાના પુત્રો ને એક પુત્રી તથા વિધવા મૂકી ગયા છે.

પત્રકારત્વને જ જીવન સમર્પણ કરનાર ઘણા સમર્થ તંત્રીઓ છેલ્લાં ૩૦-૩૫ વરસમાં આપણા દેશે જોયા. લોકમાન્ય ટિળક પત્રકાર છતાં સદા યોદ્ધા હતા; સુબ્રહ્મણ્ય અય્યર જાહેર હિત સામેનાં સરકારી કાવતરાં ખુલ્લાં પાડવામાં નિર્દય દુશ્મન હતા; મોતીલાલ ઘોષે જાલિમોના જોરને જેર કરવામાં સદા પત્રકારત્વનું હથિયાર વીંઝયું; પણ બ્રેલવી એવી આગ ઝરતી કલમ-પકડારાથી નિરાળા જ શાન્ત ને ધીર પત્રકાર હતા: એમના 'ક્રૉનિકલ'ના અગ્રલેખોમાંથી મુંબાઈના સિંહ સર ફિરોજશાહ મહેતા જેવી ત્રાડો સંભળાતી નહિ પણ શાન્ત સ્થિર વિચારણા મળતી. નરસિંહ ચિંતામણ કેળકર, કાલિનાથ રૉય, રંગસ્વામી આયંગાર, કામાક્ષી નટરાજન, સી. વાઇ. ચિંતામણિ અને રામાનંદ ચેટરજી જેવા મહારથીઓની હરોળમાં બ્રેલવી છેલ્લા અવશેષ સમા હતા. સતત પરિશ્રમ, અવિરત અભ્યાસ, રોજિંદા બનાવોનું જાગૃત અવલોકન અને લેખનમાં દૃઢતા, સ્પષ્ટતા ને ચોકસાઈ સાથે ગૌરવશીલ સંયમ, આ ગુણોના પાયા પર રચાએલું પત્રકારત્વ (જેની જરૂર આપણા દેશને આગળ કયારે ય નહિ હોય એટલી અત્યારે છે તે) કેવું હોઇ શકે તેનું એક ઉજ્જ્વલ ઉદાહરણ બ્રેલવી સાહેબ ઊગતી પેઢી માટે મૂકી ગયા છે.

(પ્રબુદ્ધ જૈન, હિંદુસ્તાન, સન્ડે ન્યુઝ, ભારત જ્યોતિ વગેરે પરથી)

આ માસ ઈતિહાસમાં

માર્ચ

તા. ૩ મહાન ઉદ્યોગપતિ અને શાહી સખાવતી જમશેદજીન તાતાનો જન્મ, ૧૮૩૯

તા. ૭ ચેકોસ્લોવાકિયાના જનક અને પ્રમુખ મસારિકનો જન્મ, ૧૮૫૦

તા. ૮ આમુંડસેને દક્ષિણધ્રુવ સર કર્યો, ૧૯૧૨

તા. ૧૨ ગાંધીજીએ મીઠા-સત્યાગ્રહ માટે દાંડીકૂચ શરૂ કરી, ૧૯૩૦

તા. ૧૪ આફ્રિકાનું જંગી સરોવર આલ્બર્ટ ન્યાન્ઝા શોધાયું, ૧૮૬૨

તા. ૧૮ નવું દિલ્હી ખુલ્લું મુકાયું, ૧૯૨૭

તા. ૨૩ ભગતસિંહ વગેરેને ફાંસી, ૧૯૩૧

તા. ૨૬ યુરોપના મહાન સંગીતકાર બીથોવનનું અવસાન, ૧૮૨૭

તા. ૨૮ બાળલગ્ન પ્રતિબંધક સારદા કાયદાનો અમલ શરૂ થયો, ૧૯૩૦

આ માસની વ્યક્તિવિશેષ

એલિઝાબેથ બૅરેટ-બ્રાઉનિંગ



ઓછી પણ અસરકારક કૃતિઓ વડે અંગ્રેજી સાહિત્યમાં ઊજળી કીર્તિ મૂકી જનાર સાહિત્યકોમાં આ અંગ્રેજ કવયિત્રીનું નામ સ્મરણીય રહ્યું છે—બે કારણે : એનાં અદ્ભુત સંવેદનશીલ પ્રણય-સૉનેટોને લીધે, તથા એ કાવ્યોના પ્રેરણાસ્રોત રૂપ, અંગ્રેજ કવિ રૉબર્ટ બ્રાઉનિંગ સાથેના એના પ્રણય ને લગ્નને લીધે.

૧૮૦૬ના માર્ચની ૬ઠ્ઠીએ એનો જન્મ થયો. ૧૪મે વર્ષે ચાર ગ્રંથોમાં 'મૅરેથોનના યુદ્ધ'ના મહાકાવ્યથી પોતાની સર્જકતા, ને ૧૮૩૩માં 'પ્રોમીથિયસ બાઉન્ડ'ના અનુવાદથી પોતાની વિદ્વત્તા તેણે દર્શાવી દીધેલી. ૧૫મે વર્ષે ઘોડેથી પડી જતાં થએલી ઇજાથી તે વર્ષો સુધી અપંગ રહી; પણ એના પ્રણયાર્દ્ર હૃદયની ઝંખનાને કવિ બ્રાઉનિંગ જેવાના પરિચયે સુખની સીમા દેખાડી. વડીલોનો એમાં વિરોધ હોવાથી ૧૮૪૬ની ૧૨મી સપ્ટેમ્બરે ચોરીછૂપીથી એણે લગ્ન કર્યું જે આદર્શ સુખ આપનારું નીવડ્યું; સિવાય કે એના પિતાનો રોષ જીવનભર રહ્યો. ૧૮૫૦માં બહાર પડેલું 'સૉનેટ્સ ફ્રૉમ ધ પોર્ચુગીઝ' એની શ્રેષ્ઠ કૃતિ અને વિક્ટોરિયન યુગના અંગ્રેજી સાહિત્યનો સીમાસ્તંભ ગણાય છે. ૧૮૬૧ની ૨૯મી જૂને ફ્લૉરેન્સમાં તેનું અવસાન થયું.



ગયા સપ્ટેમ્બર માસને 'તરુણ દિન' તરીકે ઠરાવાને અમેરિકાએ તે સમયે તેના સ્મરણમાં ખાસ કાઢેલી ટિકિટો તથા બે 'ફર્સ્ટ-ડે કવર': જેની તંદુરસ્તી, તાલીમ અને તોષ સાચી હવે ઘડવા પર જ દેશની ખડતલ સલામતી અને ઊજળું ભાવી અવલંબે છે તે અમેરિકાનો આજનો કુમાર આવતી કાલનો ઉત્તમ નાગરિક બને તેની યાદ દેશવાસીઓના દિલમાં તાજી રાખવા એ પ્રસંગ યોજવામાં આવ્યો હતો. તે માટે દેશની ઊગતી પ્રજાને તેના ઘડતરનાં વર્ષોમાં ઘર બહારનું બહોળું કુદરત-જીવન મળે તે ત્યાંના લોકો ખાસ આવશ્યક ગણે છે. પહેલા કવરના (ડાબી બાજુના) ચિત્રમાં તેના પ્રતીકરૂપ ઘોડેસવારી, (ટેનિસ-વગેરે) રમતો, પર્વત આરોહણ, દરિયાઈ સફરો વગેરેનાં સુરેખ આશાસ્પદ કુમારના ચિત્રની ચોમેર આલેખેલાં છે; બીજા ચિત્રમાં ખુલ્લા વિશાળ આકાશ નીચે વિકસતી કળી જેવાં કુમારકુમારી અને ટિકિટો પર શાળાએ જતાં તરુણો આલેખ્યાં છે. (શ્રી હરિલાલ ઑંકરના સંગ્રહમાંથી)

કૅાલમ્બિયમ : 'વિટામિન' ધાતુ

આપણા આહારમાં અમુક તત્ત્વોની અછતને લીધે આપણે રોગી થઈએ છીએ. તેના નિવારણ માટે દવામાં જેમ વિટામિનની ગોળીઓ આપવાની સલાહ મળે છે, તેમ ચાલુ જમાનાની પ્રગતિ-સાધક લો-ખાંડી ધાતુઓની કેટલીક 'અછતો' દૂર કરવા આ કૅાલમ્બિયમનો અતિ થોડા પ્રમાણમાં મિશ્રણ તરીકે વપરાશ ઉપયોગી થઈ પડયો છે.

આ વિરલ ધાતુ, આજ સુધી તો માત્ર ઘડિયાળનાં ઘર બનાવવામાં ને રત્ન જડવામાં વપરાતી; પણ હવે વ્યાપક વપરાશમાં આવતી ધાતુઓમાં ખૂટતા જરૂરી ગુણ ઉમેરવા મિશ્રણ તરીકે વપરાય છે.

ત્રાંબામાં કૅાલમ્બિયમ ઉમેરવાથી એવી તો સખત મિશ્ર ધાતુ બને છે કે તેમાંથી બનાવેલા ઇલેક્ટ્રોડ, ધાતુઓના ભાગો સાંધવાની 'સ્પૅાટ વેલ્ડિંગ' પદ્ધતિમાં શ્રેષ્ઠ ગણાય છે; કારણકે અતિશય ગરમીમાં પણ ત્રાંબા-કૅાલમ્બિયમની સખ્તાઈ અને ટકાઉપણું જળવાઈ રહે છે. વળી વારંવાર વપરાતા એ ઇલેક્ટ્રોડના આકાર અને ચોકસાઈ પણ બગડતાં નથી, અને તે વીજળીનું વહન પણ સરળતાથી કરે છે.

કાર્બન અને કૅાલમ્બિયમના મિશ્રણથી 'કૅાલમ્બિયમ કારબાઇડ' નામની ધાતુ બને છે, જે અતિ-સખત ગરમીમાં પણ પીગળતી નથી, બલ્કે ઊલટી વધુ સખત બને છે. આથી તે કાપવાના ઓજારો અને તાર ખેંચવાની ડાઈ બનાવવા માટે ઉત્તમ લેખાય છે.

પણ કૅાલમ્બિયમની સાચી મહત્તા તો ઉદ્યોગધંધાઓમાં અતિ વ્યાપક અને અગત્યનો ભાગ ભજવતા લોઢાને વધુ કાર્યક્ષમ બનાવવામાં છે. આપણા વપરાશની ધાતુઓમાં સર્વોપરિ વપરાશનું સ્થાન ભોગવતા લોઢાનો મોટામાં મોટો દુર્ગુણ કાટ ચડવાનો છે. વળી લોઢામાં રાસાયનિક વિકારો પણ ઝડપથી થાય છે.

ભેજવાળી હવામાં ખુલ્લું રહેવા છતાંયે લોઢાને કાટ ન ચડે તેવું અને સદા ચમકતું રહે એવું બનાવવા માટે હાલ તેમાં ૧૪ ટકા ક્રોમિયમ (અને નિકલ પણ) ઉમેરી અકાટ લોખંડ બનાવાય છે. પણ આ અકાટ લોખંડ જ્યારે ૮૦૦ થી ૧૫૦૦ ફેરનહાઈટ અંશ ગરમીમાં તપાવવામાં આવે છે ત્યારે તેના બંધારણમાં એવા ફેરફાર થાય છે કે જેથી તે ઘરમાં વપરાએલું હોવા છતાયે કાટ ચડે છે અને મોડું મોડું પણ બટકણું બની જાય છે. આમ બનવાનું કારણ એ છે કે એટલી ગરમીમાં એ અકાટ લોખંડમાંના અતિ ચંચળ એવા કાર્બનના પરમાણુઓ ક્રોમિયમના પરમાણુઓ સાથે મળી જઈ લોખંડમાં ક્રોમિયમ કારબાઇડના નાનકડા ગઠ્ઠા જમાવે છે. આ બીના લોખંડને 'નબળું' બનાવે છે. પણ લોખંડમાં મિશ્રણ તરીકે ક્રોમિયમ સાથે ન્યૂન પ્રમાણમાં કૅાલમ્બિયમનો ઉમેરો કરવાથી કાર્બનના પરમાણુઓ કૅાલમ્બિયમ સાથે ભળી જઈ અવિકારી 'કૅાલમ્બિયમ કારબાઈડ્ઝ' બને છે. અને છૂટું રહેતું ક્રોમિયમ લોખંડને સખત, ટકાઉ અને કાટ ન ચડે તેવું બનાવવાનું કાર્ય કરતું રહે છે.

આ ખનીજના ઝાંખા કાળા પાસાદાર ટુકડા સૌ પહેલાં ઇ. સ. ૧૮૦૧માં બ્રિટિશ મ્યૂઝિયમમાં અંગ્રેજ વૈજ્ઞાનિક ચાર્લ્સ હૅચેટે જોયાનો ઉલ્લેખ છે તેમે આ ખનિજના ગુણધર્મોમાં અનેરી વિશિષ્ટતા જણાઈ અને તેનું નામ 'કૅાલમ્બાઈટ' પાડ્યું; કારણ કે તે અમેરિકામાંથી જડી આવ્યું હતું. અમેરિકાને કવિઓની ભાષામાં કૅાલમ્બિયા કહેવામાં આવે છે.

અનેક વરસો થયાં કૅાલમ્બિયમ પૃથ્વીના પડમાં પડયું હશે, પણ માનવીનું ધ્યાન તેના તરફ બહુ ન ખેંચાયું. હા, રત્નો જડવામાં તેનો વપરાશ થયા કરતો હતો, કારણકે તેની પેદાશ થોડી હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે વધુ ઝડપી અને શક્તિશાળી એરોપ્લેનનાં અને જેટ-પ્રોપલ્શનનાં એન્જિનો બનાવવા ૧૬૦૦ અંશ ગરમીમાં પણ અવિકારી રહી સખત અને ટકાઉ બને તેવા લોખંડની જરૂર ઊભી થઈ, આ માટે શ્રેષ્ઠ મિશ્રધાતુઓની જે શોધખોળો હાથ ધરાઈ તેમાં કૅાલમ્બિયમ સર્વોત્તમ પુરવાર થયું. અત્યાર સુધી શોધાએલી મિશ્ર ધાતુઓની યાદીમાં કૅાલમ્બિયમનું સ્થાન પ્રથમ છે.

ફિનલૅન્ડ, બવેરિયા, ઑસ્ટ્રેલિયા અને ઉત્તર અમેરિકામાં કૅાલમ્બિયમનો છૂટે છવાયો જથ્થો છે; પણ પશ્ચિમ આફ્રિકાના નાઇજીરિયામાં તેનો વિપુલ ભંડાર છે. —ડૅા. શિવપ્રસાદ ત્રિવેદી

ગણિત ગમ્મતની એક ચાવી

'કુમાર'ના ૨૯૫મા અંકમાં 'કસોટી'માં એક એવો પ્રશ્ન હતો કે ૪૫ના ૪ એવા ભાગ કરો કે પહેલામાં ૨ ઉમેરીએ, બીજામાંથી ૨ બાદ કરીએ, ત્રીજાને ૨ વડે ભાગીએ અને ચોથાને ૨ વડે ગુણીએ તો ઉત્તર એકસરખો જ આવે. અઘરા લાગતા આ સવાલનો જવાબ નીચેની રીતે સરળતાથી આવશે: ઉમેરવા-બાદ કરવા તથા ગુણવા-ભાગવાની રકમ (૨) વડે પહેલાં કુલ રકમ (૪૫)ને ગુણવી. પછી તે ઉમેરવા-ગુણવાની રકમ (૨)માં ૧ ઉમેરી, તેનો વર્ગ કાઢી, તે વડે પેલા પરિણામને ભાગવાથી આ રીતે ગુણવા બરાબર થનાર ઉત્તર આવશે જેના પરથી એ ચાર ભાગ સહેલાઈથી નક્કી થઈ શકશે.

$$\frac{૪૫ \times ૨}{(૨+૧)^૨} = \frac{૯૦}{૩^૨} = \frac{૯૦}{૯} = ૧૦ \text{ હવે } ૧૦+૨=૧૨; \quad ૧૦-૨=૮;$$

$$૧૦ \div ૨ = ૫ \qquad ૧૦ \times ૨ = ૨૦$$

આમ, ૧૨, ૮, ૫, અને ૨૦ જવાબ આવશે. આ રીત આ પ્રકારના બીજા કોઈપણ દાખલામાં ચાલી શકે છે. —મ. ના. ખત્રી

આપણા પંચાંગની પ્રત્યક્ષ સમજણ

આપણા સમાજનો મોટો ભાગ પંચાંગ વાપરે છે. સામાન્ય રીતે એકાદશીનો ઉપવાસ વગેરે વ્રતો, દીવાળી વગેરે સામાજિક તહેવારો, અને ફળજ્યોતિષ માટે તેનો ઉપયોગ થાય છે. દુનિયાનાં બધાં પંચાંગો કુદરત ઉપર રચાએલાં છે. સામાન્ય રીતે વર્ષ ઋતુચક્ર પ્રમાણે, માસ ચંદ્રકળા પ્રમાણે, વાર સૂર્યોદય પ્રમાણે (લગભગ) બધાં પંચાંગોમાં હોય છે. પણ દુનિયાનાં બધાં પંચાંગોમાં આપણું પંચાંગ સૌથી વધારે કુદરતી છે. અંગ્રેજી પંચાંગની તારીખો ઋતુઓને બહુ સારી રીતે જાળવે છે, પણ ચંદ્રની કળાનો હિસાબ ગુમાવે છે. મુસલમાની તારીખો ચંદ્રકળાને સારી રીતે જાળવે છે, પણ ઋતુઓને ગુમાવે છે. હિંદુ પંચાંગ તિથિઓથી ચંદ્રકળાને જાળવે છે અને અધિક માસ ઉમેરી ઋતુને પણ સાચવે છે. વળી રોજના નક્ષત્ર ઉપરથી ચંદ્રનું તારાઓમાં જે તે દિવસનું પણ સ્થાન બતાવે છે.

આમ આપણું પંચાંગ ખગોળની દૃષ્ટિએ સારું હોવા છતાં કાલગણના માટે બહુ અગવડવાળું છે. તિથિઓનાં વૃદ્ધિ અને ક્ષય તથા અધિક માસની ગણના સામાન્ય માણસ સમજી શકે એવી નથી; આથી આપણા પંચાંગ પ્રમાણે નોંધેલી અમુક બીના બરાબર કયે દિવસે બની એ નક્કી કરવાનું કામ બહુ કડાકૂટવાળું થાય છે. વહેવારમાં આવું પંચાંગ બહુ જ અગવડવાળું છે. આપણા પંચાંગની આ હકીકત સમજ્યા બાદ હવે તિથિ, નક્ષત્ર વગેરે સમજવા માટે ખગોળની કેટલીક પ્રાથમિક બાબતો જાણીએ:

એક વાત શરૂઆતમાં જ જાણવાની જરૂર છે કે આ વિષયનો અભ્યાસ કરનારે પ્રત્યક્ષ પંચાંગ જ વાપરવું જોઈએ. જૂની ઢબનાં (ગ્રહલાઘવીય) પંચાંગો આકાશથી બહુ જુદાં પડે છે, તેથી તેઓ આ વિષયના અભ્યાસ માટે ઉપયોગી નથી. પૃથ્વી પોતાની ધરી

ઉપર ૨૪ કલાકમાં પશ્ચિમથી પૂર્વ તરફ એક આંટો ફરે તેને લીધે આખું આકાશ તેટલા જ વખતમાં પૂર્વથી પશ્ચિમ તરફ આપણી આસપાસ ફરતું દેખાય છે. આને લીધે જે દેખાવો આપણે જોઇએ છીએ તેમાંથી ફક્ત દૈનિક સૂર્યોદય અને સૂર્યાસ્ત તથા સંકષ્ટી ચતુર્થી (વદી ચોથ)ના ચંદ્રોદયના સમયો એટલું જ આપણા પંચાંગમાં આપવામાં આવે છે. બાકીના બધા આંકડા ગ્રહોની ગતિના અથવા ગ્રહોનાં પરસ્પર અંતરના હોય છે. જે ગામને માટે પંચાંગ બનાવવામાં આવ્યું હોય છે, તે ગામના સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયો પંચાંગમાં આપવામાં આવે છે. તે ઉપરથી આપણા ગામ માટે આપણે તે કાઢી લેવાના હોય છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત (તેમજ ચંદ્રોદય વગેરે) પૂર્વ તરફનાં સ્થળોએ વહેલા અને પશ્ચિમ તરફનાં સ્થળોએ મોડા થાય છે. રેખાંશના દર અંશે ૪ મિનિટનો ફરક પડે છે.

આપણા પંચાંગમાં સમય સૂર્યોદયથી સૂર્યોદય સુધી મપાય છે. વાર પણ આ રીતે જ ગણાય છે. અંગ્રેજી તારીખ અને વાર મધરાતથી મધરાત સુધી ગણાય છે. આથી મધરાતથી સૂર્યોદય સુધીના સમયો સમજવામાં કેટલીક વાર ગોટાળો થાય છે. ધારો કે આજે સૂર્યોદય વખતે પાંચમ, સોમવાર અને અંગ્રેજી આઠમી તારીખ છે. આ સૂર્યોદયની પછીની રાતે મધરાત પછી ત્રણ વાગ્યે એક બાળકનો જન્મ છે. આપણી દેશી પદ્ધતિ પ્રમાણે આ જન્મ પાંચમ અને સોમવારે નોંધાશે, પણ અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે તે નવમી તારીખ અને મંગળવારે નોંધાશે. જન્મ અને એવા બનાવો દેશી અથવા અંગ્રેજી ઢબ પ્રમાણે નોંધાયા હોય, ત્યારે આ વાત બરાબર ધ્યાનમાં રાખવી; નહિ તો બનાવના સમયમાં એક દિવસની ભૂલ આવશે.

(આણંદના 'તારકમંડળ'ના મુખપત્ર 'આકાશગંગા'માંથી)

વીંછીના ડંખ પર

'કુમાર'ના ૩૦૨મા અંકમાં ૬૪મા પાના પર વીંછીના ડંખ પર દવા બતાવી છે. એનો મેં બહુ ઉપયોગ કર્યો છે. પણ એ દવા હમેશાં વીંછીનું ઝેર ઉતારે છે એ સાચું નથી. વળી એનાથી ડામ પડીને ઝટ ન રૂઝાય એવો ફોલ્લો પણ પડે છે. એક સાદો ઇલાજ જે લગભગ ૩૫૦ ઉપરાંત વીંછીના ડંખમાં એક પણ વખત નિષ્ફળ ગયો નથી તે નીચે પ્રમાણે છે : જીરું તો દરેક ઘરમાં હોય છે. જીરાને અધકચરું વાટીને એની બીડી, કાગળમાં અથવા બીડી બને છે તે પાનામાં બતાવવી, ને વીંછી કરડયો હોય તેને પીવા આપી ધુમાડો શ્વાસમાં લેવડાવવો. બે ત્રણ ફૂંકમાં જ વીંછીની વેદના હલકી પડે છે ને લગભગ બે મિનિટમાં વીંછીનું ઝેર બીલકુલ ઊતરી જાય છે. આ સૌથી સરળ ને સફળ ઈલાજ છે, એવો મારો અનુભવ છે. વળી જીરું તો દરેક ઘરમાં હોય જ.

—જશભાઈ જ. પટેલ

આપણાં વૃક્ષોની જુદીજુદી જાતો

વડોદરા રાજ્યના જંગલસંરક્ષક અધિકારી શ્રી હરિભાઈ રણછોડજી દેસાઈએ 'વ્યાવહારિક વૃક્ષકછેર' નામની ઉપયોગી પત્રિકા બહાર પાડી છે. તેમાંથી આપણાં વૃક્ષોની જે અનેકવિધ જાતો થાય છે તે નીચે ઉતારીએ છીએ. આટલી જાતો તમે જાણતા હતા?

શોભાનાં ઝાડ : આસોપાલવ, પારસપીપળો, અગથિયાની જાતો, ગુલમહોર, વર્ણો, સિલ્વરઓક, બકુલ, પારિજાતક, સોનચંપો, નાગચંપો, ચંદન, કરંજ, આંબો, મૅહોગની, ગરમાળો, બકાઉ લીમડો, બૂચ, યુકૅલિપ્ટસની જાતો, દેશી બદામ, લીમડો, રાતો સીરસ.

જલાઉ ઝાડ : બાવળ, ખીજડો, ખેર, કાંટી, બોરડી, બિલી, હીંગોરી, સાદડો, ધમોડો, કોઠી, સીરસ, સીસમ, ગોરડ, હર્મો બાવળ, છત્રો બાવળ, કરંજ, કણજો, લીમડો, મહુડો, આમલી, ગોરસ આમલી, બેડો, અંજન, અકોલ, ગુંદી, સરગવો, સંદેસરો, કાકડ, મોદડ, જાંબુડો, પીલવણ, અગથિયાની જાતો, ગરમાળો, ટીમરૂ, ગોરંડ, આસન, સાલેડો, બોંદારો, ખાખર, અંદરોખ, સરેડો, રાયણ, રામબાવળ.

ઈમારતી ઝાડ : સાગ, સીસમ, સાદડો, સેવન, કલમ, હલદવણ, તણછ, બીયો, ખેર, ધામણ, ધમોડો, મૅહોગની, ચંદન, સામર.

ઢોરના ચારા માટે ઉપયોગી : અંજન, લીમડો, કરંજ, સામર, બાવળ, બોરડી, પિલવણ, પારસપીપળો, રાયણ, હલદવણ, કલમ, સીસમ, કડાયો, મોદડ, અરડૂસો, સાદડો, ધામણ, ભીંડી, અસિંદ્રો, આમલી, આવળ, શેતુર, સેવન, ગુંદી, સીરસ, તવરા.

૨૦ થી ૩૦ ઇંચ વરસાદવાળા ભાગને અનુકૂળ ઝાડ : લીમડો, વડ, પીપળો, સામર, બોરડી, ખેર, કાંટી, ધામણ, ધમોડો, કરંજ, કણજો, પારસપીપળો, બકાઇ લીમડો, ગિલિગ ટૅાનિયા (બુચ), ચંદન, આમલી, ગોરસ આંબલી, મહુડો, રાયણ, ખીજડો, વર્ણો, બાવળ, છત્રો બાવળ, હર્મો બાવળ, અંજન, જાંબુડો, આંબો, સરગવો, સંદેશરો, અસિંદ્રો, કેસ્યુરીના, અંદરોખ, સરેડો, સાલેડો, અગથિયાની જાતો, ગરમાળો, ટીમરૂ, સીરસ, કાકડ, મોદડ, ગુંદી, રાયણ, કડાયો, અરડૂસો, ખજૂરી.

૧૦ થી ૨૦ ઇંચ વરસાદવાળા ભાગને અનુકૂળ ઝાડો : બાવળ, બોરડી, ખીજડો, ખેર, છત્રો બાવળ, હર્મો બાવળ, ગોરડ, ઇંગોરી, બીલી, કોઠી, ગોરસ આમલી, આમલી, સાલેડો, ખાખર, પોંગારો, સામર, સરગવો, સંદેશરો, પીલવણ, સરેડો, અસિંદ્રો, કડાયો, લીસો બાવળ, રામબાવળ, ખજૂરી, લીમડો.

૧૦ ઈંચથી કમી વરસાદવાળા ભાગ માટે અનુકૂળ ઝાડો : છત્રો બાવળ, ગોરડ, પીલવણ, સંદેશરો, બોરડી, ખાખર, પોંગારો, ખજૂરી, રામ બાવળ.

કાળી જમીનને અનુકૂળ ઝાડો : બાવળ, આમલી, વડ, પીપળો, બોરડી, લીમડો, ખીજડો, કરંજ, ઈંગોરી, કણજો, સીસમ, અસિંદ્રો, ગૂંદી, ખજૂરી.

ખારી જમીનને અનુકૂળ ઝાડો : કેસ્યુરીના, લીમડો, પારસ પીપળો, બાવળ, ખાખર, પોંગારો, ગોરડ, છત્રો બાવળ, પીલવણ, સરગવો, સંદેશરો, ચોરઆંબલી, ખજૂરી, રામબાવળ, તવરાની જાતો

ચૂનાવાળી જમીનને અનુકૂળ ઝાડો : કેસ્યુરીના, વડ, પીપળો, સરગવો, સંદેશરો, ઉંબરો, ગૂંદી.

ઢોર ન ખાય એવી જાતો : જાંબુડો, ચંદન, સંદેશરો, બિલી, સાગ, છત્રો બાવળ, કેસ્યુરીના, યુકૅલિપ્ટસ.

જલદી વધનારી જાતો : મિલિંગ ટૅાનિયા (બુચ), રાતોસીરસ, ધોળો સીરસ, અગથિયાની જાતો, પત્રાળી, સામર, ગુલમોર, બાવળ, કેસ્યુરીના, ગોરસ આમલી, કલમ, હલદવણ, સેવન, કરંજ, કણજો, પારસપીપળો, કાકડ, મોદડ, જાંબુડો.

મૃત્યુ પામ્યા પછી માણસના શરીરના વિવિધ ભાગ ફરી કામમાં આવી શકે છે. હાલમાં જ ફિલેટોવ નામના એક રશિયન શસ્ત્રવૈદે મૃત્યુ પામેલા માણસની રોગવિહીન આંખો કાઢીને તે આંધળાઓને બેસાડીને તેમને દેખતા કરવાની આશ્ચર્યકારક શોધ કરી છે. આંધળા લોકો તે મૃત માણસની આંખો વડે સ્પષ્ટ જોઈ શકે છે. ફિલેટોવના એક શિષ્ય ઓકનેવે તો વળી એવી શોધ કરી છે કે નાના બાળકોના જે દૂધના દાંત પડી જાય છે તે જો ભેગા કરીને મોટા માણસના બગડેલા દાંતને ઠેકાણે બેસાડવામાં આવે તો તે પણ વિકાસ પામી પહેલાંના દાંત જેવું જ સરસ કામ આપે છે!

જુવાનને જર્જર જિંદગીનાં
સુદૂરનાં સ્વપ્ન ન હોય કામનાં

ઇન્દુલાલ ગાંધી

સંગીતપ્રચારની પોતાની સફર વેળા પં૦ વિષ્ણુદિગંબરે એક ગરીબ ગામમાં માત્ર ચાર આના ફી રાખીને જલસો જાહેર કર્યો, છતાં નિયત સમયે માત્ર એક જ શ્રોતા આવેલો. આથી શિષ્યોએ જલસો બંધ રાખવાની વિનતિ કરતાં પંડિતજીએ આગ્રહપૂર્વક કહ્યું, 'ચાર આનાના એ એક પ્રેક્ષકને પણ શ્રોતાવર્ગ માનીને આપણે તો જલસો શરુ કરવો જ જોઇએ. સમજજો કે અભ્યાસ માટે બેઠા હતા.' અને બરોબર નવ વાગ્યે પંડિતજીએ જલસો શરુ કરી, પૂરા ત્રણ કલાક સુધી નિયમિત સંગીત ચલાવી સાંગોપાંગ તે પૂરો કર્યો. આવા દૃઢ આગ્રહ અને ખંતથી જ તેમણે સંગીતની પુનઃ પ્રતિષ્ઠાનો પોતાનો જીવનસંકલ્પ પૂરો કરેલો.

કહેવતોના અર્થ: 'એઠું ખાય તે ચોપડયાને ભરોસે'—સ્વાર્થ કે લાલચનું માર્યું કોઇ નાચીઝ બને અથવા નમ્રતા બતાવતું આવે તે દર્શાવવા વપરાતી આ કહેવતનો અર્થ તો સ્પષ્ટ જ છે. એને મળતી બીજી કહેવતો: 'ભેંસ જાળામાં મોં નાખે તે લીલાને ભરોસે'; 'પેઠ્યો આવે પરોણો ને લપકે આવે ઢોર.'

અનેકાર્થી શબ્દ : **હાંસલ**=મળેલું; દાણ કે જગાત; ફાયદો; ઉત્પન્ન કે પદાશ; પરિણામ.

૪૫માંથી ૪૫ બાદ કરતાં પણ ૪૫ બાકી રહે છે એ તમે જાણો છો? જુઓ આ રીત.

૯+૮+૭+૬+૫+૪+૩+૨+૧= ૪૫
૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯=-૪૫
૮+૬+૪+૧+૯+૭+૫+૩+૨= ૪૫

નીરોગી માણસની જખમ વગરની ચામડી પર મૂકવામાં આવેલા કોઇ પણ રોગના જંતુઓ ૩૦થી૪૦ મિનિટમાં મૃત્યુ પામે છે.

પ્રજાનાં આરોગ્ય-દવાદારૂ પાછળ ઇંગ્લંડ દર વર્ષે માથાદીઠ ૫૪ રૂપિયા, અમેરિકા ૫૧॥ રૂપિયા ને હિંદ ત્રણ આના ખરચે છે.

એક ચોરસ માઈલ જમીન પર પડતો સૂર્યપ્રકાશ ૬૦૦૦ ટન કોલસો બાળવાથી થતી શક્તિ ઉત્પન્ન કરે છે.

ચોખા ઇટાલીમાં એકર દીઠ ૪૬૦૦ રતલ, જાપાનમાં ૨૭૦૦ રતલ, અમેરિકામાં ૨૧૦૦ રતલ ને હિંદમાં ૧૩૫૭ રતલ ઉત્પન્ન થાય છે.



ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ શાહઆલમ બીજાના નામનો મુર્શિદાબાદમાં સંચામાં પાડેલો રૂપાનો સિક્કો—જેમાં ડાબી બાજુ : 'હામીએ દીને મુહમ્મદ શાહઆલમ બાદશાહ' તથા જમણી બાજુ 'ઝર્બ મુર્શીદાબાદ' લખેલું છે.


લંડનની બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન (બી. બી. સી.) રોજ ૫૦૦૦ રેકર્ડનો ઉપયોગ કરે છે.

પ્રાચીન કાળથી હિંદની કલાકારીગરી જગતભરમાં જાણીતી હતી. કિંગ સૉલોમન હિંદનું જ હાથીદાંતનું કામ વાપરતો. રોમમાં તો હિંદની કારીગરીની એટલી બધી ચીજો વપરાતી કે ત્યાંના ઇતિહાસકાર પ્લીનીએ દર વર્ષે બે કરોડ રૂપિયા રોમમાંથી તાણી જતા હિંદી માલ વિરુદ્ધ પોકાર ઉઠાવેલો.


વીજળીના દીવા, અરીસા, કાચ વગેરે પર માખીઓ બેસવાથી પડતા કાળા ડાઘ લિંબુના રસ અગર સરકાથી દૂર કરી શકાશે.

પાશેર કોપરેલમાં ખોબો ભરીને મેંદીનાં પાંદડાં ઉકાળી તે તેલ રોજ ચોળીને માથે લગાડવાથી માથાના વાળ ખૂબ વધે છે તથા કાળા થાય છે.

વીંછી જેવો લડવાડિયો જીવ એકે નથી. જો એક ડબામાં બે વીંછી રાખવામાં આવે તો તે એકબીજા સાથે એવા લડશે કે આખરે એક બીજાનો જીવ લીધે જ જંપશે.



કલાકણિકા : જમીન પર પાથરવાના ગાલીચા સુધ્ધાંમાં માનવીની રસવૃત્તિએ કલાની બિછાત કરી છે. એમાં ઈરાની ને કાશ્મીરી ગાલીચાઓ જગવિખ્યાત છે. ઉપર : એક કાશ્મીરી ગાલીચામાંની વેલબુટ્ટીઓની કારીગરી.



હીરા ભાગોળ-ડભોઈનું સમૃદ્ધ-સુંદર શિલ્પ : ડભોઈનો કિલ્લો બાંધનાર શિલ્પી હીરા કડિયાની ને કિલ્લામાં તેને જીવતો ચણી લેતાં તેને બચાવવા પોષણ આપતી તેની પ્રેયસી 'તેન'ની કથા તો ગુજરાત-પ્રસિદ્ધ છે. ડભોઈના એ કિલ્લાના (તેના નામ ઉપરથી કહેવાતા) હીરા ભાગોળ દરવાજાની અંદરની બાજુના માત્ર બે ગોખ, સ્તંભ અને કંદોરાનું જ શિલ્પ અહીં આપ્યું છે તે પરથી એની સમગ્ર સમૃદ્ધિનો ખ્યાલ આવશે. આ અંકમાંના 'ગુજરાતનું સર્જન' લેખમાં ઉલ્લેખ છે તે મુજબ આવું સુંદર શિલ્પ જેમાં સર્જાયું તે ભાગ્યશાળી પત્થર સોનગિર વેળુ-પાષાણ ગુજરાતમાં જ નર્મદાના મુખમાં આજથી આઠ નવ કરોડ વર્ષ પર પાકેલો. (વડોદરાના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી)